
ૐ હ્રીં શ્રી ધરણેન્દ્રપદ્માવતી પૂજિતાય
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

સંસાર - મહાસાગર
લેખાંક - ૩

૧૯૬૩



શ્રી શંખેશ્વરજી મહા તીર્થ


વર્ષ : ૨૦
અંક : ૨

એપ્રીલ : ૧૯૬૩
ચૈત્ર : ૨૦૧૯

વાર્ષિક લવાજમ
રૂ. ૫-૫૦


: માનદ સંપાદક :
કીરચંદ જે. શેઠ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥ शिवमस्तु सर्वजगतः

## વિષયાનુક્રમ


| લેખ : | લેખક : | ક્રમ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૯૭ |
| અક્ષય તૃતીયા : | શ્રી સુધાવર્ષી | ૯૮ |
| કુસંપની જ્વાળા : | શ્રી મો. ચુ. ધામી | ૯૯ |
| સંસાર મહાસાગર : | શ્રી પન્નાલાલ જ. મશાલીયા | ૧૦૧ |
| ચમત્કાર : | અમૃતલાલ એચ. દોશી | ૧૦૫ |
| વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ : | શ્રી કુંવરજી મૂલચંદ દોશી | ૧૦૭ |
| મધપૂડો : | શ્રી મધુકર | ૧૧૦ |
| પ્રશ્નોત્તર કર્ણિકા : | શ્રી ધર્મરુચિ | ૧૧૧ |
| વિનાશકાલે વિપરીત બુદ્ધિ : | પૂ. મુ. શ્રી ગુણાકરવિજયજી મ. | ૧૧૩ |
| ભગવાન શ્રી મહાવીર દેવ : | પૂ. પં. શ્રી કીર્તિવિજયજી મ. | ૧૧૫ |
| વહેતાં ઝરણાં : | શ્રી રાજેશ | ૧૧૮ |
| જૈન ભૂગોળ : | શ્રી રમણલાલ બબાભાઈ શાહ | ૧૨૨ |
| ત્રૈલોક્ય પ્રદીપ : | શ્રી મફતલાલ સંઘવી | ૧૨૩ |
| તીર્થભૂમિઓની પુણ્ય સ્પર્શના : | શ્રી સુંદરલાલ ચુ. કાપડીયા | ૧૨૫ |
| સમ્યગ્ જ્ઞાનની ઉપાસના : | પૂ. મુ. શ્રી ચંદ્રશેખરવિજયજી મ. | ૧૨૯ |
| મહામંગલ શ્રી નવકાર : | શ્રી રમણલાલ ભોગીલાલ પરીખ | ૧૩૪ |
| મંત્ર પ્રભાવ : | શ્રી મો. ચુ. ધામી | ૧૩૭ |
| બાલ જગત : | શ્રી નવિન | ૧૪૫ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૧૮૯ |
| દેશ અને દુનિયા : | શ્રી સંજય | ૧૫૬ |
| સમાચાર સાર : | સંકલિત | ૧૬૦ |


## મુંબઈ ખાતે માનદ પ્રચારકો

'કલ્યાણ' ને અંગે લવાજમ ભરવા માટે તથા અન્ય માહિતિ મેળવવા માટે નીચેના સ્થળોએ સંપર્ક સાધવા સર્વ કોઈ શુભેચ્છકોને નમ્ર વિનતિ છે;

૧ **મનસુખલાલ દીપચંદ શાહ,** C/o એમ એમ. શાહની કું.
૨૫૭–૭ મી ગલી, મંગલદાસ માર્કીટ. ટે નં. ૩૯૮૯૫
ફોન પર વાત કરવાથી પણ જવાબ મળી શકશે.

૨ **શ્રી પ્રાણલાલ દેવશીભાઈ શાહ,** ઠે. યુનાઈટેડ ફરનીચર વર્કસ
મહાવીર બિલ્ડીંગ, માટુંગા, ટે. નં ૪૭૧૩૧૧
ફોન પર વાત કરવાથી સંપર્ક સાધી શકાશે

૩ **શ્રી ચંદુલાલ આર. મહેતા,** ઠે. કુંભારવાડા ૨ જી ગલી,
લક્ષ્મી બિલ્ડીંગ ૩ જે માલે, રૂમ નં. ૭૬. ટે. નં. ૩૩૩૩૬૦
ફોન પર વાત કરવાથી તમારૂં લવાજમ ઘેર બેઠાં લઇ જશે.

**'કલ્યાણ' ના ઉપરોકત માનનીય પ્રચારકોનો સંપર્ક સાધવા સૌને વિનંતિ છે.**

# ઉઘડતે પાને

### ૐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

'કલ્યાણ' નો ગત વિશેષાંક લગભગ ૧૩ ફર્માનો પ્રસિદ્ધ થયો! 'વસંત વિશેષાંક' જેણે જેણે જોયો છે, અને અવલોકયો છે, તે બધાય શુભેચ્છકોના અમારા પર આવી રહેલા પત્રો દ્વારા અમે જાણી શકયા છીએ કે, 'કલ્યાણ' પ્રત્યે જૈન સમાજનો ચાહ દિન-પ્રતિદિન વધતો જ જાય છે, જે અમારે મન આનંદનો વિષય છે.

ચૈત્ર મહિનાની શાશ્વતી ઓળીના મંગલમય દિવસો તાજેતરમાં જ પૂર્ણ થઇને આપણી આસપાસમાંથી વિદાય થઇ ગયા; દેવાધિદેવ ચરમતીર્થપતિ મંગલમૂર્તિ ભગવાન શ્રી મહાવીર દેવનું જન્મ કલ્યાણક પણ ઉજવાઇ ગયું. તે દિવસે તે પરમતારક દેવાધિદેવના આપણા પરના-સમસ્ત સંસાર પરના અનંત ઉપકારોને યાદ કરી તે દેવાધિદેવની પરમકલ્યાણકારીણી આજ્ઞાની આરાધના કરવા આપણે સહુ યથાશક્તિ ઉજમાળ બનીએ!

અક્ષયતૃતીયાનો ધન્ય અવસર શ્રી ચતુર્વિધ સંઘમાં આનંદની રસલ્હાણ કરનારો આપણી નજીકમાં આવી રહ્યો છે. અવસર્પિણીના આદ્ય ધર્મ પ્રવર્તક ભગવાન શ્રી ઋષભદેવસ્વામીની ઉગ્ર તપશ્ચર્યાના પારણાનો નિર્વિઘ્ન સમાપ્તિનો એ મહાન દિવસઃ ધન્ય ઘડી, ધન્ય પળ! માનવતાના પ્રથમ પગથીયારૂપ દાન ધર્મનો જયજયકાર વિશ્વમાં ફેલાતો કરનાર એ પરમપવિત્ર પ્રસંગ.

આ દિવસોમાં ભાગ્યશાલી તપસ્વીઓ જૈનશાસનની મહામંગલરૂપ તપશ્ચર્યાની નિર્વિઘ્ન-પૂર્ણાહુતિના આનંદથી ગદ્‌ગદિત બની, હૈયાના ઉલ્લાસપૂર્વક તપશ્ચર્યાને ઉજવી રહ્યા હશે! તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિરાજની છત્રછાયામાં તથા અન્યાન્ય સ્થળોએ તપશ્ચર્યાનો વિજય નાદ ગાજી રહ્યો હશે! અમે પણ આ પ્રસંગે 'કલ્યાણ' તરફથી મહાનુભાવ તપસ્વી પુણ્યવાનોને બે હાથ જોડી નમન કરવાપૂર્વક તેમની તપશ્ચર્યાનું બહુમાન કરીએ છીએ!

આજે દુનિયામાં ચોમેર અશાંતિ તથા વૈર-ઝેરનો આતશ સળગી રહ્યો છે, 'હું ને મારૂં' માં દુનિયાના લગભગ સમગ્ર દેશો ભાન ભૂલા બન્યા છે; આ પરિસ્થિતિમાં આ મહિનામાં ઉજવાઇ ગયેલા તથા ઉજવાઈ રહેલા આ મંગલમય પ્રસંગો પરથી સર્વ કોઇ એ બોધપાઠ લે કે, 'સંસારની પ્રત્યેક વસ્તુ ક્ષણભંગુર છે; જીવન ચંચલ છે; ઇષ્ટસંયોગો પણ ક્ષણવિનાશી છે, આત્મા એકલો આવ્યો છે, ને એકલો જનાર છે, માટે ક્ષણિક સ્વાર્થ ખાતર આત્માને અનંત દુઃખ પરંપરા આપતાં આ બધા જડ પદાર્થોની મમતાથી સહુ દૂર થઇ સ્વ-પરના વાસ્તવિક શ્રેયમાર્ગે ડગ ભરવા-' એજ સાચુ રહસ્ય છે.

સર્વ કોઇ આ બોધપાઠને જીવનમાં તાણા-વાણાની જેમ વણી 'કલ્યાણ' ના માર્ગે પ્રગતિ કરો! એ શુભ કામના.

---

માનદ સંપાદક : કીરચંદ જે. શેઠ : માનદ સહ સંપાદક : નવીનચંદ્ર ર. શાહ

# અક્ષય તૃતીયા

શ્રી સુધાવર્ષી

અક્ષય તૃતીયાના સોહામણા પુન્ય-પવિત્ર દિવસે સુમંગલ ઘડીએ શ્રી શ્રેયાંસકુમારે અત્યંત ભાવોલ્લાસપૂર્વક પ્રથમ જિનપતિ શ્રી આદિશ્વર પ્રભુને ઇક્ષુરસથી પારણું કરાવી અગણિત લાભ પ્રાપ્ત કર્યો તે આદીશ્વર ભગવંત હમારા શ્રેયને કરો!

ક્ષમા, એ વીરનું ભૂષણ છે. તે અમૂલ્ય ક્ષમાને વરી અનંતા આત્માઓ સિદ્ધગિરિજી પર શાશ્વતપદને પામ્યા છે તે અનંત સિદ્ધાત્માઓને હમારા ભાવભિના અનંત નમસ્કાર હો!

યશતણાં ભંડાર, કરૂણા-વાત્સલ્યતાના અવતાર, વિમલગિરિ પર બિરાજમાન શ્રી આદિશ્વર પ્રભુ! ભવદરિયે તોફાનમાં ડોલા ખાતી હમારી જીવન-નાવડીને ઉદ્ધારો! પાર કરો!

તૃતીયા-એટલે ત્રીજ. અખાત્રીજનો સુરમ્ય દિન....સિદ્ધગિરિજીના પુનીત આંગણે આવી રહ્યો છે. સેંકડોની સંખ્યામાં જે પરમભાગ્યશાળીઓએ વર્ષીતપની ઉગ્ર તપશ્ચર્યા પરિપૂર્ણ કરી છે તે પરમતપસ્વીઓને હમારા વંદન હો!

તીવ્ર, પાપ કરનારા આત્માઓ પણ આ સિદ્ધાલયને ભેટી-ઉગ્ર તપ કરી સિધ્ધિપદને વર્યા છે, તે પવિત્ર તીર્થાધિરાજને હૈયાના પુલકિતભાવે અસંખ્ય નમસ્કાર હો!

યાત્રા નવાણું કરી જે આત્માઓ અમૂલ્ય પુન્ય-લાભ પ્રાપ્ત કરે છે તેઓનું જીવન આ ભવમાં ધન્ય બની જાય છે, પરભવમાં સુરરૂધ્ધિ વરે છે, અને પ્રાંતે અથાગ-શાશ્વત-સુખના આસ્વાદને માણે છે.

# કલ્યાણ

વર્ષ : ૨૦ ⊙ અંક : ૨ ⊙ ચૈત્ર ૨૦૧૯


## કુસંપની જ્વાળા!


વૈદરાજ શ્રી
મોહનલાલ ચુ. ધામી.


ભારત દેશ વિરાટ છે, ભારતની સંસ્કૃતિ વિરાટ છે, ભારતની જનતા વિરાટ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી પુરૂષાર્થની જ્યાં એક ભવ્ય ઇમારત રચાયેલી છે અને જ્યાં સમયે સમયે અનેક સંતમહાત્માઓએ જનતાને માર્ગદર્શન આપી જીવન-શુધ્ધિના કાયમી બોધપાઠ આપ્યા છે તે દેશ પણ અંદરો અંદરના કુસંપના કારણે અથવા તો અંદરો અંદરની એકતાના અભાવે ગુલામીની કાળ જંજીરમાં ઝકડાઈ ચૂકયો હતો....આજ પણ એ કાળ જંજીરો તૂટી નથી....કારણ કે જ્યાં સુધી કુસંપ અને એક-બીજાના છિદ્રાન્વેષણ જોવાની નબળી વૃત્તિ ઘર કરીને પડેલ છે ત્યાં સુધી આજે ભોગવાતી સ્વાધીનતા જીવનની એક સામગ્રી નહિ પણ વાણીની એક માયા તરીકે જ રહેવાની છે.

ઈતિહાસની આ સત્ય હકિકત પર આજ જેટલું દુર્લક્ષ સેવાઇ રહ્યું છે તેટલું દુર્લક્ષ ભૂતકાળના કુસુંપ વખતે પણ નહોતું સેવાતું એ એક કડવું સત્ય છે.

આજે ચારે તરફ નજર કરો....જ્ઞાતિમાં તડાં, સંસ્થાઓમાં કુસંપ, પક્ષોમાં ઝઘડા અરે નાના ગામડાઓમાં પણ વેરના અગ્નિકણો વિખરાતાં, હોય છે. એનું પરિણામ એ આવ્યું છે કે આપણે આપણી સ્વાધિનતાને પચાવી શકતા નથી, પાપમાર્ગોને રોકી શકતા નથી અને વધુને વધુ અકલ્યાણના પંથ સરજી રહ્યા છીએ.

આવી જ કુસંપભરી પરિસ્થિતિ જ્યારે સર્વ ભાગીઓના સમુદાય વચ્ચે ઉભી થાય ત્યારે રોદડાં કોનાં રોવાં જઈએ?

આપણે નહિ પણ સમગ્ર વિશ્વ જાણે છે કે જૈનોની શ્રમણ સંસ્થા એક અભૂતપૂર્વ અને સર્વોત્કૃષ્ટ સંસ્થા છે એના ત્યાગ, સંયમ અને નિયમો અતિ કઠોર અને પુરૂષાર્થના પ્રતિક રૂપ હોય છે. આમ છતાં આજ શ્રમણ સંસ્થામાં કેટલીક વખતે સાવ ક્ષુદ્ર અને અલ્પજીવી કારણોસર શરમાવનારો મતભેદ પ્રવર્તે છે. આ મતભેદ સાધુઓની આધ્યાત્મિક વિકાસ માર્ગે જતી માનસિક શક્તિઓનો અવરોધ કરી રહ્યો છે અને એના પરિણામે સર્વ ત્યાગના મહાન સાધકો એકબીજા વચ્ચેની દષ્ટિમાં અમૃત નથી વસી

શકતું નથી તેઓ એક સ્થળે એકત્ર થતા, નથી વિસંવાદનાં જાળાં દૂર કરવાનો પુરૂષાર્થ ખેડતા કે નથી પોતાના તપ તેજની સ્થાયી છાપ લોકો પર જોઇએ તેવી સુંદર પાડી શકતા.

અને આનું અનિષ્ટ પરિણામ એ પણ આવ્યું છે કે વિવિધ પક્ષના સાધુઓને માનનારો વર્ગ પણ એકબીજાને અમીભરી દૃષ્ટિએ જોતો નથી હોતો.

મનોભેદ, અને વિસંવાદની આ પરિસ્થિતિ જો ભારેલા અગ્નિ માફક વધુ સમય સુધી ચાલુ રહેશે અને ત્યાગી મહાત્માઓ સમયની ઉપેક્ષા કરીને રહેશે તો જૈનશાસનની આવતી કાલ ઘણી પાંગળી હશે. જૈનશાસનની ભવ્યતા કેવળ કુસંપના કારણે જ છિન્નભિન્ન થઇ જશે અને આવતીકાલની પ્રજા કદાચ ધર્મ વિમુખ બની જશે.

આ ધર્મવિમુખતાનો દોષ જેટલો આજની કેળવણી અને આજની આચાર ભ્રષ્ટતાને ફાળે ગયો હશે તેટલો જ બલ્કે તેથી વધારે દોષ કુસંપની આ જ્વાળાને મસ્તકે ઢોળાશે!

જેમને સંસાર સાથે કોઈ બંધન નથી....જેમના પ્રત્યેક કાર્યમાં પરહિતની જ ભાવના ભરી હોય છે તે મહાપુરુષો આજ નહિં સમજે તો કુસંપની જ્વાળા જૈનશાસનના ઉદાત્ત અને અમૃતમય તત્ત્વોને બાળીને નષ્ટ કરી નાંખશે!

આવું પરિણામ ન આવે એટલા ખાતર મારી પ્રાર્થના છે કે સદાય પોતાના દોષનું પરિમાર્જન કરવાનો ઉપદેશ આપનારા અમારા પૂજ્ય પુરુષો પ્રથમ પોતાના હૈયામાં રહેલા મતભેદના અગ્નિ કણને ઠારે....મનોભેદને દૂર કરીને શાસન એ જ મુખ્ય છે એવું પોતાના વ્યવહા થી સિદ્ધ કરે.

ઘર ઘરનો શણગાર, લાયબ્રેરી કે વાચનાલયની શોભા 'માસિક' 'કલ્યાણ' તમારે ત્યાં આવે છે? જો નથી આવતું તો આજે રૂા. ૫-૫૦ ન. પૈસાનું મ. ઓ. કરી 'કલ્યાણ'ના ગ્રાહક બનવું તમારે માટે જરૂરી છે.

०

રસપ્રદ વિવિધ વિષયોનું મનનીય તથા હળવું વાંચન પીરસતું 'કલ્યાણ' જૈન સમાજનું એક માત્ર જીવનોપયોગી શિષ્ટ અને સંસ્કારી માસિક છે; આજે તમે તેના ગ્રાહક બની તમારા જીવનમાં પ્રેરણા મેળવો!

તું કૌરવ તું પાંડવ મનવા! તું રાવણ તું રામ!

# સંસાર-મહાસાગર

[ કલ્યાણની ચાલુ વાર્તા ]

( લેખાંક : ૩ )

શ્રી પન્નાલાલ જ. મસાલીયા-રાધનપુર

૧૯૪૬ ઓગષ્ટના દિવસોની આ કરૂણ કહાણી છે. બનાસકાંઠાના લીલાછમ પ્રદેશ પર વસવાટ કરી રહેલા નિર્ધન કુટુંબની આ કરૂણ કથા મહાગૂજરાતના સુપ્રસિદ્ધ લેખકની રસઝરતી કલમે આલેખાઇ છે. જીવનની છેલ્લી ક્ષણ સુધી માનાં હૈયામાં પુત્ર માટે અપાર વાત્સલ્યની સરવાણી વહે છે, ને પુત્ર કેવલ સ્વાર્થને વશ થઇ કેવાં તોફાન કરે છે? છેવટે પુત્રના હૈયામાં માતા પ્રત્યે ભક્તિ ઉભરાય છે પણ ક્યારે? એ આ કથા તમને કહેશે. સંસાર મહાસાગરના ઉછળતા તોફાનોને આલેખતી આ કથા આ અંકે પૂર્ણ થાય છે.. હવેથી આગામી અંકે શ્રી મસાલીયા 'કલ્યાણ' માટે નવા રસઝરતી શૈલીમાં કથા પ્રસંગો આલેખશે!

મધરાત ધબકી રહી હતી. આ છેડાથી પેલા છેડા લગી ખાવા ધાય એવો પ્રચંડ અંધકાર છવાઇ ગયો હતો.

ચારે તરફ જંગલ હતું.

વૃક્ષોની ગીચ ઘટા હતી.

જાળાં હતાં, ઝાંખરાં હતાં.

કાળા કાળા બાવળ હતા.

અંધારી રાતના ઢોળાતા અંધકારમાં જાણે ઊંચા ઊંચા પ્રેત ઉભાં હોય તેમ બધાં ઝોકાં ખાતાં હતાં.

એ ગીચ ઘટાની વચ્ચેથી કરુણા સભર માતાના હૈયા જેવી બનાસ નદી ખળખળ કરતી વહી જતી હતી. મધ્ય રાત્રીના બિહામણા અંધકારની જાણે એને લેશ પડી ન હતી.

જગત આખું નિશાની ગોદમાં...આહા! કેવું સુમસામ પડ્યું હતું! એમના સુષુપ્ત મનો-મંદિરમાં આવતી કાલે બેસતા સુમંગલ નવિન વર્ષનો અમિત આનંદ છલકાઇ રહ્યો હતો.

પણ આ શું?

નદીના સામા કિનારે સમયની સભાનતાને વીસરી, એ દોમદોમ અંધકારમાં પણ આ કાળો ડિબાંગ આકાર કયા પુરુષાર્થ માટે ફરતો જણાય છે? એનું ઘેલું મન-માંકડું કયા મદભર્યા પ્રલોભનને વશ બની, આમ વિહરતું હશે? આ સમયે, આટઆટલા ઘોરતમ અંધકારમાં ય?

એ કોણ હશે?

માણસ હશે કે પ્રેત?

ચાલો ત્યારે એ કોણ છે તે જરા ડોકિયું કરીને જોઇ લઇએ!

લાગે છે તો માણસ.

માણસ છે?

હા.

તો એને બે શબ્દો કહેવા દો:

'અરે, અક્કલના ભાઇબંધ! શાહીના કાળા રમડા જેવી આવી ભીષણ અંધારી રાતે કઇ અદમ્ય ઇચ્છાને આધીન બની તું રખડી રહ્યો છે, વારુ? અરે, આ વેરાન જંગલની અંદર કોઇ હિંસક શ્વાપદ ક્યાંય છૂપાયું હશે, અગર તો કોઇ વિષધર સાપ સામે ભટકાશે તો તે વગર મફતનો તારો પ્રાણ નાશ કરશે, તને ઘડીમાં ધૂળ ચાટતો કરી દેશે અને તું પોક મૂકીને રડીશ! કે પછી કોઇને અંધારામાં રાખી એનો બેખારો કાઢી નાંખવા તું જ કોઇ માયા-પ્રપંચની જાળ રચી રહ્યો છે?'

અરે જુઓ, એ પડછાયા જેવો ઝાંખો આકાર આ નદીના પાણી લગી પણ આવી પહોંચ્યો !

તે શું કરે છે?

ઓ હો હો, તેણે પાણીનો તાગ લીધો અને આંધળિયાં કરી તેમાં કૂદી પણ પડ્યો !

'હં, અને હવે તે પાણીમાંથી બહાર આવી, જારના લીલાછમ ખેતર વચ્ચેથી ગામ તરફ પણ આગળ વધી રહ્યો હોય તેમ લાગે છે !

જબરો સાહસિક લાગે છે !

એ કોણ છે?

ભરત છે?

હા, એ ભરત પોતે જ છે. ચોરની જેમ મોં છુપાવીને તે પોતાના ઘેર પણ આવી પહોંચ્યો.

ત્યારે ગરીબ બિચારી ચંદ્રિકા તંદ્રામાં ખૂબ ઊંડી ઉતરી ગઈ હતી. કેવળ પથ્થરમાંથી જ સાધાર કંડારી હોય તેમ ભીંતને અઢેલી તે અભાન-પણામાં જ હજુ અર્ધી બેઠી હતી.

દીકરાએ આ જોયું.

આ નફ્ફટ પુત્ર માની ચરણ-સેવા કરવા સારૂ આવ્યો હતો?

ના રે ના.

ત્યારે?

માની પાસે ધન છે, એવું તેના મગજમાં ભૂત ભરાઈ ગયું હતું, એટલે તે બળાત્કારે પણ એ લેવા સારૂ આવ્યો હતો. અતૃપ્તિનો જોરદાર અગ્નિ તેને સતાવી રહ્યો હતો. ધનમાં જ જીવનની સર્વ પર્યાપ્તિ તેણે માની લીધી હતી.

આ તે કેવો પુત્ર?

કેવા એના છેક ઘાતકી વિચારો?

ગરીબ બિચારી માના ઉપર તેણે દુઃખના પહાડ નાંખી દીધા હતા.

તેણે આવતાંની સાથે જ અસહાય પિડાતી એવી માના ખભા પકડી તેને જોરજોરથી હલાવી, પોતાની પાપ-વાસના પ્રગટ કરતાં કહ્યું, 'મા ધન આપ !'

ચંદ્રિકાના ચિત્તમાં હજુ વાત્સલ્યતાના અકૃત-જળ એવાં તે એવાં જ સભર પડયાં હતાં. એના કર્ણ-પ્રદેશમાં પુત્રનો અવાજ ઝટ પહોંચી ગયો ! જો કે તે હવે મોતના જડબા લગી પહોંચી ગઈ હતી. છતાં દીકરાનો અવાજ તેનાથી જરાય અછતો રહી શક્યો નહિ ! દુઃખદ સ્વપ્નમાંથી કંઈક જાગૃત બની હોય તેમ એના ભગ્ન હૃદયમાં જરાતરા ચેતનનો સંચાર થયો ! તેણે ચક્ષુ ઊંચા કરી, તે ખોલવાનો પ્રયત્ન કરી જોયો, પણ તે ફોગટ ગયો. એના ચક્ષુ ઉપર લાખલાખ મણ ભાર ચડી આવ્યો હોય તેમ દેખાયું !

ભરત બરાબર બગડયો.

તેણે દાંત કચકચાવતાં કહ્યું, 'એમ ન ચાલે. ધન કયાં છુપાવી રાખ્યું છે, એ તારે મને કહેવું પડશે, મા !'

એવા દુઃખમાંય ચંદ્રિકાના સુકા એવા મોં પર આછેરૂં સ્મિત લસલસી આવ્યું. તેણે આ જડસુ જેવા દીકરાના મસ્તક પર હાથ ફેરવવા, પોતાનો વિકંપિત હાથ ઊંચો કર્યો, પણ તેમાંય તે નિષ્ફળ ગઈ. હવામાં ફરકતી મંદિરની ધ્વજાની જેમ તેનો હાથ જોરજોરથી ધ્રૂજવા લાગ્યો !

ભરતે માથું ધુણાવ્યું : 'તું ગમે તેમ કર મા ! પણ તારે મને ધન તો અવશ્ય આપવું જ પડશે ! બળાત્કારે પણ તે હું ગ્રહણ કરીશ !'

કેવો ગજબનો પુત્ર !

ચંદ્રિકાના હોઠ ગણગણવા લાગ્યા, પણ જવાબ આપવાના તેના હોશ હવે રહ્યા ન હતા. એના ધીમા થકાવટભર્યા શબ્દો હવે કોઈ સાંભળી શકે તેમ ન હતું. મૃત્યુની પ્રશાંત અવસ્થાએ તેને હવે સજ્જડ ઘેરી લીધી હતી.

માત્ર એક ડચકું !

અને તે સ્નેહ વિગમ એવા દીકરાના પગ કને લોચો થઈ ઢળી પડી !

કેવી કરુણ અવસ્થા !

**ઉર હતી વાત હજાર કે'વા,**<br>
**કિન્તુ નહીં ઓષ્ટ જરાય ઉઘડયા;**<br>
**જલ્યા કર્યા અંતર સ્નેહ દીવા,**<br>
**ઉજાસ શાં હાસ્ય મુખે ન આવિયાં.**

(પ્રહલાદ)

ભરત બોલ્યો :

ઉંહ ! માનો ઢોંગ પણ કેવો જબ્બર છે ? એને ધન આપવું પડે છે, ત્યારે તે નાના બાળકની માફક કેવું ગુલાંટીયું મારે છે ? અને શબ્દ તો કંઈ બોલતી જ નથી !

બસ...ચંદ્રિકાનો આખરી અંજામ આવી ગયો. અમૃતનો ભર્યો કુંભ હાથમાંથી સરકી ગયો. પુત્રની સન્નિધિમાં જ તેણે ચિર શાંતિ મેળવી લીધી. તેની સર્વ શેષ ઉપાધિ નાશ પામી હતી, છતાં તેના દિલનો તલસાટ હજુ શમ્યો ન હતો. એનો દુઃખી ફફડતો આત્મા તો હજુ પણ જાણે કહી રહ્યો હતો, ' ઘણી ખમ્મા મારા લાલ–'

' મારા લાલ–' ચંદ્રિકાના રૂંધાએલા કંઠમાંથી નીકળેલો ભયસ્વર હજુ પણ જાણે હવામાં એટલો જ ગૂંજતો હતો !

રાત મીણની જેમ ગળતી હતી, છતાં ધરતીને આવરી લેતો શાંત પ્રશાંત અંધકાર તો હજુ એવોને એવોજ ખદબદી રહ્યો હતો.

લોકો હજુ પથારીમાં પડ્યા, મીઠી નિદ્રા માણી રહ્યા હતા.

પણ એ પહેલાં જ ભરતે ઘરમાં તપાસ શરૂ કરી. તે આખું ઘર ફરી વળ્યો. ચારે તરફ નજર ફેંકી. આંખો તાણી તાણીને બધું ફેંદી વળ્યો, પણ તેને કશું પ્રાપ્ત થયું નહિ. તેનું મોં પડી ગયું. ભાઇસાહેબ ઠંડાગાર થઈ ગયા.

તેણે માની પાસે આવી કહ્યું :

' મા—'

' મા, તું મુંગી છે, તારે બોલવું નથી ! '

પણ મા શું જવાબ આપે ?

ભરતે માના શરીર તરફ ~~નજર કરી,~~ થોડીવાર સુધી તે માની તરફ જોઈ રહ્યો.

તેને ~~મનોમુંઝવણ થઈ~~ આવી, મા કેમ બોલતી નથી ? મા મરણ પામી કે શું ?

ઘૂ–ઘૂ–ઘૂ–

પોતાના જ ઘરના છાપરાં પર ઘુવડ રડી ઉઠ્યું. એ એટલી તો ભયાનક રીતે રડતું હતું કે તે સાંભળીને ભરત પણ ધરતીકંપનો આંચકો લાગે તેમ કંપી ઉઠ્યો.

એ ગભરાયો !

ભયભીત બન્યો !

બાદ માતાના શબને પડતું મૂકીને તે આવ્યો હતો એ તરફ જ મૂઠીઓ વાળીને ભાગી નીકળ્યો. ઘેરા અંધકારમાં ઓગળી ગયો !

આકાશના ફલક ઉપર લાખ લાખ તારલાઓ તેજના ઝગારા મારતા ટમટમી રહ્યા હતા, તે પણ હવે સંસાર–મહાસાગરની સપાટી પરના આવા મલીન તુફાનો જોઇને અદ્રશ્ય થઈ જવા લાગ્યા.

અરે ! ઓહ !

એમ કરતાં ઉષા આવી પહોંચી.

સવાર થયું.

નવિન વર્ષનો સુમંગલ...આહ્‌લાદક પ્રકાશ બધે પથરાઈ ગયો.

કેવું ખુશનુમા પ્રભાત !

પણ આ શું ?

ચંદ્રિકા મરણ પામી હતી, હાય...! એના મરણથી એ પ્રચંડ હર્ષ, વિષાદના મહાસાગરમાં પલટાઇ ગયો !

ઊંડો નિઃશ્વાસ નાંખીને લોકો તેના શબને હવે અગ્નિ–સંસ્કાર માટે નદીના તટ ઉપર લઇ ગયા.

ચિતા ખડકાઇ ગઇ.

પણ—

પણ પુત્ર વિના માતાના ચરણ–અંગુઠડે અગ્નિ ચાંપશે કોણ ? બધાનાં મોં પર ચિંતા ફરી વળી. બધા ખચકાતા ઉભા રહ્યા.

એ...પણ નદીના આ સામે કાંઠેથી દમ ફુલી જાય એવું દોડતું આ કોણ આવી રહ્યું છે ?

કોણ છે એ ? બધા ટગર ટગર જોવા લાગ્યા.

બાપ રે, એ જાતને પણ વીસરી ગયો હોય તેમ લાગે છે. એણે નદીના આ અગાધ ગળાબુડ પાણીમાં પડતું પણ નાંખ્યું. એ હાથ ઊંચા કરી કંઈક કહેતો હોય તેમ જણાય છે. એ શું કહે છે !

મા. મા કરતું એ કોણ આવી રહ્યું હશે?

લાગે છે તો ભરત જેવો! કોઈક બોલી ઉઠ્યું.

હેં...ભરત? આ બધા આશ્ચર્યથી બોલી ઉઠયા.

હા, એ ભરત જ છે. પણ ભરત અહીં આ વેળા ક્યાંથી? એના પાપભર્યા હૈયામાં આ પ્રકાશ ક્યાંથી આવ્યો? બધા ભારે આશ્ચર્યમાં પડી ગયા.

તો શું પાપી મનુષ્ય સદૈવ પાપી જ રહે છે?

નહિ...નહિ...એવી કલ્પના પણ કેવી રીતે થઈ શકે! ગમે તેવા ભયંકર બદમાશ ડાકૂને પણ આખર તો દિલ હોય છે. એ દિલ કંઈ કોઇને પત્થરનું હોતું નથી. એમાં પણ આત્માનો પવિત્ર વાસ હોય છે. એટલું સાચું કે આત્મા ક્યારેક મોહ-નિદ્રામાં ઊંડો ઉતરી અતિ સુષુપ્ત અવસ્થાને પામે છે. ત્યારે એ ન કરવાનાં કાર્યો અતિ સુગમતાથી કરી જાય છે. પણ છતાં ક્યારેક એ ઊંડાણમાં પણ કોઈ એવી અજબ જેવી ચોટ લાગી જાય છે, કે ત્યારે આત્મા પરિપૂર્ણ રીતે સજાગ બની ભાવાવેશમાં આવી જાય છે, અને ત્યારે એનો અંતભાવ નષ્ટ થઈ એની પાપની બેડીઓ સ્વયં તૂટી જાય છે. મહાત્મા દૃઢ પ્રહારી વગેરે એના અનેક દૃષ્ટાંતો જૈન-શાસ્ત્રોમાંથી મળી આવે છે.

'મા, મા-' ભરતે થોથરાતી જીભે પાણીમાંથી જ બૂમ મારી. તે બને એટલી ઝડપથી તરી કાંઠે આવી ગયો. આવતાં જ તે માની ચિતા તરફ દોડ્યો. એની આંખમાંથી શ્રાવણ-ભાદરવો જોરદાર રીતે વરસી રહ્યો હતો.

'મા, તેં આ શું કર્યું?' તેના મુખમાંથી કરુણા નીતરતા શબ્દો નીકળી પડયા. તે માના શબને વળગી પડયો. એના પુનિત ચરણોમાં માથું ઢાળી તે રડવા લાગ્યો. તેના અવાજમાં પશ્ચાતાપનું વિપુલ જલ-ઝરણું વહેતું હતું.

નદીના કાંઠા ઉપર કોઈ અંધજન બેઠો હતો. તેણે લલકાર્યું :

'જાઉં મેં કહાં જાઉં મેં,
મા છોડ તુમ્હેં કહાં જાવું મેં.'

(સંપૂર્ણ)


भारत सरकार से रजिस्टर्ड

**सफेद दाग**

दवा का मूल्य ५) रु० डाक व्यय १।) रु०
विवरण मुफ्त मंगाकर देखिये।

**एक्झिमा** दवा का मूल्य ५) रु०
डाक व्यय १।) रु०

आप भी एक बार अनुभव कर देखिये।
वैद्य के. आर. बोरकर. (४०३)
मु० पो० मंगरुलपीर, जि० अकोला (महाराष्ट्र)

**-: નવા પ્રકાશનો :-**

| | |
|---|---|
| સાપેક્ષવાદ | કીં. ૨-૫૦ |
| મધુવન | કીં. ૨-૫૦ |
| વીર વચનામૃતો | કીં. ૬-૦૦ |
| ગુણવૈભવ | કીં. ૦-૨૫ |
| મનનું ધન | કીં. ૦-૨૫ |
| ત્રિલોક દર્શન | કીં. ૧-૦૦ |
| કથાદીપ | કીં. ૧-૫૦ |
| જીવન માંગલ્ય | કીં. ૨-૦૦ |
| ભીંતીયા જૈન પંચાંગ-૧૦૦ના | રૂ. ૫-૦૦ |

પ્રભાવના માટે અનેક વેરાઇટીઓ
મળો યા લખો :-
**સેવંતીલાલ વી. જૈન.**
મોતીશા જૈન દેરાસર. પાંજરાપોળ
મુંબઈ-૪

**શ્રી મહાવીર જૈન સ્નાત્ર મંડળ-મુંબઈ**

**સ્નાત્ર-મહોત્સવ**

મુંબઇમાં પાયધુની પર આવેલ શ્રી મહાવીર સ્વામીના દેરાસરજીમાં હંમેશા સંગીત સાથે સવારના સાડા સાત વાગે સામુદાયિક સ્નાત્રપૂજા ભણાવવામાં આવે છે, તો દરેક ભાઇઓને લાભ લેવા વનંતિ

લી० સંઘસેવકો
મણિલાલ રામચંદ * ચંદુલાલ જેઠાલાલ
પ્રભાસપાટણવાળા ખંભાતવાળા

# : ચ મ ત્કા ર :

## શ્રી અમૃતલાલ એચ. દોશી-વાવ

મહોત્સવો તો જૈન સંઘમાં અનેક થાય છે. પણ વાવ જેવા પ્રદેશમાં ઘણા વર્ષે જે મહોત્સવ થાય છે; ને માં લોકોનો ઉત્સાહ, પાઠશાળાની શરૂઆત માટેનો ફાળો તેમજ સમસ્ત વાવ સંઘના ભાઇ-બ્હેન કોઇ પણ કંદમૂળ ન ખાવાનો સંઘ તરફનો ઠરાવ કરે, અને દેવાધિદેવ ભગવાન શ્રી અજિતનાથ પ્રભુ જે ભવ્ય ચમત્કારિક તથા પ્રભાવશાલી છે; તેમના જિનાલયમાં ને તેમના અંગે અમી ઝર્યા વગેરે ખરેખર અદ્દભુત પ્રસંગો છે; જેનું વર્ણન સરલ તથા ભાવભરી ભાષામાં ભાઇ શ્રી અમૃતલાલ દોશી અહિં કરે છે તેઓ વર્ષોથી 'કલ્યાણ'ના માનદ પ્રચારક અને 'કલ્યાણ'ના આત્મીય સ્વજન છે.

માગસર સુદ ૩ નો એ સુવર્ણ દિવસ. વાવના જૈન મૂ. પૂ. સમાજની એકે એક વ્યક્તિના દીલમાં હર્ષ અને ઉમંગની છોળો ઉછળી રહી હતી.

કારણ આજે દેવાધિદેવ શ્રી અજિતનાથ પ્રભુના દહેરાસરમાં ઉત્સવની શુભ શરૂઆત થવાની હતી. જે પળોની સમાજ આતુરતાથી રાહ જોઇ રહ્યો હતો તે પળોની આજથી શુભ શરૂઆત હતી. બીજી તરફ પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરનો આજે નગર પ્રવેશ હતો.

મહોત્સવની શુભ શરૂઆત થઈ. બહારથી પધારતા મહેમાનો માટે શ્રી સંઘ તરફથી સુંદર વ્યવસ્થા થઇ. આ મહોત્સવની હવા દેશ-પરદેશ ફેલાઇ. શ્રી સંઘ તરફથી પધારવા આમંત્રણ પત્રિકાઓ મોકલાઈ, જ્યાં ગામ જઇએ ત્યાં એક જ વાત વાવમાં મહાન ઉત્સવ થવાનો છે. અમારા ગામના દરેક જણ ત્યાં જવાના છે, દરેકના દીલની ભાવના અજબ હતી. વાસરડાના એક ભાઈ તરફથી શ્રી સિદ્ધચક્ર બૃહત્પૂજન તેમજ આઠ દિવસની પ્રભુજીને ભારે આંગીઓ, પૂજાઓ તથા એક ટાઇમની નવકારસી, બીજા બે ભાઇઓ તરફથી શ્રી શાન્તિસ્નાત્ર મહોત્સવ તેમજ જુદા જુદા ભાઇઓ તરફથી નવ ટાઈમિનાં સ્વામીવાત્સલ્યો. શ્રી સંઘ તરફથી મહેમાનો માટે રસોડું આઠે દિવસનું ચાલુ હતું. વાવ આ પ્રદેશનું કેન્દ્ર હોઇ આજુબાજુના ગામોમાંથી પુષ્કળ માણસ આવેલ. સવારે વ્યાખ્યાન બપોરે પૂજા, રાત્રે ભાવના. માણસોની ગીરદી એટલી કે દહેરાસરનો વિશાળ રંગ મંડપ ચોક પણ નાનો લાગવા માંડ્યો.

સુદ ૫ ની સવાર આજે બંને પૂ. સાધ્વીજી મહારાજોને પાંચસો આયંબીલનું પારણું હતું, શ્રી સંઘના દીલમાં અનેરો આનંદ હતો.

સુદ ૬ ની સવારના વ્યાખ્યાનમાં પૂ. પં. મુનિરાજશ્રીએ એક પ્રસ્તાવ મૂક્યો કે અત્રેનો શ્રી સંઘ એવો ઠરાવ કરે કે કોઇ પણ વ્યક્તિ કંદમુળ ન વાપરે, ચાર દિવસની મહેનત બાદ સુદ ૮ ની સુવર્ણ પ્રભાતે જ્યાં સુંદર રીતે શ્રી સિદ્ધચક્ર બૃહત્ પૂજનની વિધિ ચાલતી હતી જ્યાં શ્રી સકળ સંઘ હાજર હતો ત્યાં પ્રસ્તાવ મૂક્યો, . અને શ્રી સંઘે નિર્ણય કર્યો આબાલ, વૃદ્ધ, વાવ સંઘની કોઇ પણ વ્યક્તિ કંદમુળ નહિ વાપરે અને દરેક બહેનોએ કંદમુળ રાંધી ન આપવાની પ્રતિજ્ઞા કરી.

સુદ ૯ (૧૦) આજે જલયાત્રાનો વરઘોડો નીકળવાનો હોઈ અને તે માટે રથ બહારથી લાવવામાં આવેલ હોઈ વરઘોડો ભવ્ય નીકળતો હોવાથી બહારથી ઘણાં માણસો વરઘોડો જોવા આવેલ. દહેરાસરના ચોકથી તે ઠેઠ બજાર સુધી માણસોની ધૂમ ગીરદી હતી. છતાં શ્રી સંઘ તરફથી સુંદર વ્યવસ્થા હતી. વરઘોડો ભવ્ય હતો પ્રથમ ઇન્દ્ર ધ્વજા, શ્રી સંઘનું બેન્ડ, કલ્પસૂત્ર પધરાવેલ. જાપ, પ્રભુજીનો રથ, કાર તેમજ મોટર ટ્રકો ચાર ચીક્કાર માનવમેદની પૂ. પં. મહારાજશ્રી આદિ મુની મહારાજો પૂ. સાધ્વીજીશ્રી આદિનો સમુદાય ઇ. થી વરઘોડો ભવ્ય લાગતો હતો.

સવારે વ્યાખ્યાનમાં પૂ. પં. મહારાજશ્રીએ

પાઠશાળા ફરી ચાલુ કરવા વાત મૂકી મરજીઆત ટીપની શરૂઆત થઇ, ન ધારેલી રકમ એક કલાકમાં થઇ ગઇ, તેમજ માસિક મેમ્બરો પણ નોંધાઇ ગયા, આ બધાની પાછળ ભાવનાએ અજબ કામ કર્યું શ્રી સિદ્ધચક્ર બૃહત્પૂજન વખતે સોનાના અલંકારોથી દેવાધિદેવોનુ પૂજન થયું. આઠે દિવસથી ભવ્ય આંગીઓથી દેવાધિદેવ શ્રી અજિતનાથ પ્રભુ અત્યંત ભવ્ય લાગતા હતા. પૂ. પં. મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં કહેલ કે, 'પાલીતાણામાં શ્રી ઋષભદેવ પ્રભુ તેમજ શ્રી શંખેશ્વરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ જેટલા જ આ બિંબ પ્રભાવશાલી છે, આ અજબ પ્રતિમાનો જોટો બીજે મળવો અશક્ય છે,' ઘણી વખત ચોમાસા દરમ્યાન પૂ. સાધ્વીજી મહારાજ દહેરાસરમાં રાત્રે થતો નાટારંભ કલાકો સુધી સાંભળતા. વર્ષમાં પાંચ સાત વખત રાત્રે અવશ્યમેવ દહેરાસરમાં નાટારંભ થાય છે.

સુદ ૧૧ની સુવર્ણ પ્રભાત કંઈ નવું જ લઇને ઉગી–

બપોરે સાડા બાર વાગે શાન્તિસ્નાત્રની શુભ શરૂઆત થઇ. સાડા ત્રણ વાગે જ્યારે પ્રભુજીને પ્રક્ષાલ થઇ રહ્યો હતો, બહાર વિરાટ મેદની બેઠી હતી. ભાઇઓ તથા બહેનો શાંતિથી પ્રક્ષાલ કરતાં હતાં તે દરમ્યાન એક ભાઈ શાંતિથી પ્રક્ષાલ પછી કરૂં એ ભાવનાથી પ્રદક્ષિણાની અંદર ગયા. જ્યાં દિવાલને અડકે છે ત્યાં એકદમ ભીનાસ લાગી તે ભાઈએ પુરી તપાસ કરી તરત બહાર આવી વાત કરી કે દીવાલોમાંથી અમી ઝરે છે. પછી તો લોકોનો ધસારો વધી ગયો. દરેક પ્રભુજીના અંગમાંથી સારા પ્રમાણમાં અમી ઝર્યાં, તેમજ દિવાલોમાંથી પણ અમી ઝર્યાં.

તે જ ટાઇમે એક ભાઈના અને ત્રણ બેનોના દિલમાં નિર્વાણી દેવીએ પ્રવેશ કરી અરધા કલાક સુધી નૃત્ય કર્યું, ખરેખર આ દેખાવ ભવ્ય હતો.

શ્રી નિર્વાણીદેવી જે ભાઈના શરીરમાં હતાં તે બોલ્યા કે, 'વાવના શ્રી સંઘનું કલ્યાણ થાઓ.' આઠ દિવસ ક્યાં પસાર થઈ ગયા તેનો પણ ખ્યાલ ન આવ્યો. હંમેશાં પર્વના દિવસો સાંકડા હોય છે સાધર્મિક વાત્સલ્ય માટે શ્રી પાર્શ્વ વાડીમાં સુંદર સગવડતા હતી. આઠ દિવસોમાં માણસો વધુ ને વધુ આવતાં હતાં છતાં કોઇ દિવસ રસોઇ ફરી બનાવવી પડી નથી. એકેએક આબાલ-વૃદ્ધે પોતાનાથી કેમ વધુ કામ કરીએ એ ભાવના રાખી હતી. ઓચ્છવ કઈ રીતે વધુ સુંદર બને તે માટે દરેકની ભાવના હતી. મહોત્સવને વધુ દીપાવવા બહારથી ઇલેકટ્રીકનું મશીન લાવવામાં આવ્યું હતું. દહેરાસરના સારાએ રોડ ઉપર પણ રોશની ઝળહળી રહી હતી.

અને સુદ ૧૧ની રાત્રે જ્યારે શ્રી નમસ્કાર મહામંત્રના પ્રભાવ ઉપર અમરકુમારનો સંવાદ ખાસ તૈયાર કરેલ મંડપમાં ભવ્ય રીતે ભજવવામાં આવ્યો ત્યારે નમસ્કાર મહામંત્ર શું છે? તેનો ખ્યાલ અન્ય દર્શનીઓને પણ આવ્યો.

અમરકુમાર બનનાર ભાઇ શ્રી ચીનુકુમાર રિખવચંદભાઇ દોશી ખરેખર અમરકુમાર જેવા જ લાગતા હતા. સુંદર છણાવટથી પોતે નમસ્કાર મહામંત્ર સ્મરે છે અને છેલ્લે તેનું શરણ સ્વીકારે છે ત્યારે સભામાં હાજર રહેલ દરેકના દિલમાં એ ભાઈના શબ્દો અજબ અસર કરી ગયા હતા. અને રાત્રે જ્યારે બે વાગ્યાના સુમારે જાણે દેવો પણ આ ઓચ્છવની પૂર્ણાહુતિ કરતા હોય તેમ દહેરાસરમાં નાટારંભ થયો. પૂ. સાધ્વીજી મહારાજે તેમજ ઉપાશ્રયમાં સુનાર કેટલાક ભાઇઓએ તે સાંભળ્યો હતો. મહોત્સવ પતી ગયો. પૂ. પં. મહારાજજી તેમજ પૂ. સાધ્વીજીશ્રી આદિ વિહાર કરી ગયાં. શ્રી સંઘના મનમાં તો આ એક સ્વપ્નરૂપ બની ગયું એમ લાગે છે.

અમદાવાદના જુના અને જાણીતા સોના
અને ચાંદીના વરખ બનાવનાર
વિશ્વાસપાત્ર સ્થળ :
**એ. આર. વરખવાલા**
૩૮૫૦/ ઢાલગરવાડ અમદાવાદ-૧
અમારી બીજી દુકાન નથી. માલ એક
વખત મંગાવી ખાત્રી કરશો.

# વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ

પં. શ્રી કુંવરજી મુલચંદ દોશી–મદ્રાસ.

આજે આધિભૌતિક યાંત્રિક ગણાતા આજના વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ ધર્મ પ્રચારના નામે હદ બહારનો વધી રહ્યો છે; જૈન શ્રમણો જેઓ મહાવ્રતધારી છે; તેઓ પણ ધર્મ પ્રચાર કે ઉપકારના નામે એ સાધનોનો ઉપયોગ પોતાના સંયમની રક્ષા માટે ન જ કરી શકે, આ હકિકતનું નિરૂપણ લેખક અહિં આ લેખમાં કરે છે; તેમની વિચારધારા સાત્વિક તથા શ્રદ્ધાપુત છે; ડીસેંબર–વર્ષ ૧૯–અંક ૧૦ના ૭૫૫ પેજ પર પ્રસિદ્ધ થયેલ લેખના અનુસંધાનમાં તે લેખનો બીજો લેખાંક અહિં પ્રસિદ્ધ થાય છે. કોઇના પણ પ્રત્યે પૂર્વ-ગ્રહ વિના કેવલ ચિંતન–મનન રૂપે રજુ થતી આ શાસ્ત્રીય વિચારણાને અંગે જેને જે કાંઇ જણાવવા જેવુ લાગે તે અમને કે લેખકને અવશ્ય જણાવે. લેખકની આવી મનનસભર વિચારધારા 'કલ્યાણ' માં રજુ થતી રહેશે. લેખક પણ પોતાની સરલ સુભગ શૈલીયે ઉપયોગી સાહિત્યનો રસથાળ 'કલ્યાણ' માં પીરસતા રહે! એ આપણે આશા જરૂર રાખીશું.

આજે ધર્મ પ્રચારનાં બ્હાનાને નામે અતિ પ્રવૃત્તિઓ એટલી બધી વધી ગઇ છે કે જેનું માપ કાઢવું કઠીન છે. તથા એ પ્રવૃત્તિએ નિવૃત્તિ માર્ગને તદ્દન ભૂલાવી દીધો છે. અને નિવૃત્તિ માર્ગને ભૂલવાથી આજે અતિ પ્રવૃત્તિવાળા આપણા ધર્માનુષ્ઠાનોનું કોઇ ફલ દેખાતું નથી. જે ખરેખર ખેદની વાત છે.

હવે વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ ઉપકાર માટે છે; એ એક હકીકત બાકી રહી જાય છે. પણ તમે ઉપકાર કરશો કેટલો ? શ્રી તીર્થંકર દેવો પણ સમવસરણમાં આવનાર દરેકને ધર્મી બનાવી શકતાં નથી. તો આપણી તાકાત કેટલી ? વળી અત્યારનું ચારિત્ર બકુશ અને કુશીલ નિર્ગ્રંથનું ચારિત્ર છે એટલે તેમાં ચઢવા કરતાં પડવાનો સંભવ વધારે છે. તમે ઉપકાર કરો તેમાં પણ સામે રહેલી વ્યક્તિનું પુણ્ય પણ સાથે કામ કરે છે. અને પાંચે કારણો સાથે મલે ત્યારે કાર્યની સિદ્ધિ થાય છે. લાઉડસ્પીકર આદિનાં ઉપયોગ સીવાય પણ જ્યારે એ કારણો મળશે ત્યારે ઉપકાર થવાનો જ છે, અને લાઉડસ્પીકરનો ઉપયોગ કરશો તો પણ એ પાંચે સમવાયી કારણો સાથે મળ્યા સિવાય ઉપકાર થવાનો નથી પણ લાઉડસ્પીકરનાં ઉપયોગની જરૂર શીં છે ? તે સમજી શકાતું નથી. વળી આજનાં યુગમાં પ્રચારનું દરેકને ઘેલું લાગ્યું છે પણ એ પ્રચાર પ્રવૃત્તિનો પોષક હોવાથી વાસ્તવિક ધર્મને નામે ધર્મનો નાશ કરી રહ્યો છે. ભગવાન શ્રી મહાવીરદેવને સાધુઓ જ્યારે આત્મકલ્યાણ માટે પૂછતા ત્યારે ભગવાન તેમને ધર્મનો પ્રચાર કરવા જવાનું ફરમાન કરતા ન હતાં, પણ વૈભારગીરિ આદિ સ્થળોએ જઇને આત્મકલ્યાણ માટે અહિંસા, સંયમ અને તપની આરાધનાનો આદેશ આપતા હતા. પ્રવૃત્તિધર્મ બુદ્ધનો હતો, ભગવાન મહાવીર-દેવનો નહીં, નિવૃત્તિ માર્ગની ઉપાસના એજ વાસ્તવિક ધર્મનો પ્રચાર છે. માટે ધર્મ પ્રચારના નામે પ્રવૃત્તિ માર્ગને અપાતું ઉત્તેજન જરા પણ હીતાવહ નથી. લાઉડસ્પીકરનો ઉપયોગ કરી તમો આધિભૌતિકતાને ઉપાદેય બનાવી રહ્યા છો. આશ્રવને સંવરમાં ત્રણાવવા પ્રયત્ન કરી રહ્યા છો અને એવા સાધનોનાં ઉપયોગ સિવાય થતી પ્રવૃત્તિ એ નિવૃત્તિનાં ધ્યેયવાળી હોવાથી આધ્યાત્મિક પ્રવૃત્તિ છે. જો કે પુસ્તકો છપાવવાં કે માસિકો કાઢવા તે પણ યોગ્ય નથી. પણ કુવૃષ્ટિ ન્યાયથી તેનું આચરણ કરવું પડે છે. જેમાં સાધન પરોક્ષ છે. આ સિવાય ચાલુ અનુષ્ઠાનોમાં આવતાં સૂત્રોનો અર્થ સમજાવવો, ક્રિયામાં વચ્ચે વિવેચન કરવું એ બધું અતિ પ્રવૃત્તિરૂપ હોવાથી ક્ષેપ નામનો દોષ છે. જે ક્રિયાઓમાં છોડવા યોગ્ય છે. એથી ક્રિયા કે અનુષ્ઠાનનાં વ્યવધાનમાં ભંગ પડે છે. થોડો સમય સારૂ લાગે છે. પણ પરિણામે ક્રિયા જ છોડાવનાર

બને છે વળી તેથી બીજા તરફ ઇર્ષ્યા અને અસદ્‌ભાવ ઉત્પન્ન થાય છે. માટે ક્રિયા આદિમાં વચ્ચે સમજાવવાની ચાલેલી અતિ પ્રવૃત્તિ પણ છોડવા યોગ્ય છે અને એ બધું સમજાવવા વ્યાખ્યાન આદિ છે જ. નહીંતર પછી વ્યાખ્યાન આદિની શી જરૂર છે? જૈન દર્શનમાં તત્ત્વજ્ઞાનની ચર્ચા કરવાનો દરેકને હક્ક છે પણ ઉપદેશ તો સાધુ મહાત્મા જ આપી શકે છે. આજે બીજાઓ જે ઉપદેશ આપવા ધર્મ–પ્રચારના નામે નીકળી પડે છે તે વાસ્તવિક જ્ઞાનને નામે સાધુઓ તરફ અસદ્‌ભાવ પેદા કરાવે છે. એ અસદ્‌ભાવ એટલે ચારિત્ર તરફનો અસદ્‌ભાવ. ચારિત્ર તરફનો અસદ્‌ભાવ ત્યાં સુધી સંસારનો પક્ષપાત. માટે લાયકાત કે યોગ્યતા સિવાય પ્રચાર કરવો તે પણ હાલના જમાનાની ફેશન છેવટે લાભ ને બદલે તોટો વધારનારી જ છે. આ બધી આજના વૈજ્ઞાનિક યુગની લીલાઓ છે. જડવાદનાં આ ટોચે પહોંચેલા યુગમાં જ્યારે આખું જગત ફસાઇ પડયું છે ત્યારે લોક સંજ્ઞાને છોડનાર સાધુ–મહાત્માઓની મુખ્ય ફરજ લોકોને આ જડવાદમાંથી બચાવવાની છે. પ્રચારની પ્રવૃત્તિને અતિ મહત્વ આપનાર બુદ્ધ–ધર્મ આજે ભારતમાં ભૂતકાલનો વિષય બની ગયો છે કારણ કે પ્રચારની ભ્રામક ભ્રમણામા ભિક્ષુઓએ ભિક્ષુપણાનાં નિયમો જ છોડી દીધા હતા. જ્યારે નિવૃત્તિને મુખ્ય માનનાર ભગવાન શ્રી મહાવીર દેવનો ધર્મ આજે પણ સ્થિતપ્રજ્ઞની જેમ આગલ છે. માટે પ્રચારનાં ભૂતમાં તો ફસાવું જ નહીં. પ્રચારનું કામ સાધુ–મુનિઓનુ છે. તે તેમની યોગ્યતા અને મર્યાદા મુજબ કરે તે જ વ્યાજબી પ્રચાર છે. આજનો આ યુગ પ્રવૃત્તિનો પોષક છે. સંસારનો પક્ષપાતી છે. આ બધામાંથી જો અમને કોઇ પણ બચાવી શકે તો તે ભગવાનનાં નિવૃત્તિ માર્ગનાં ઉપાસકો જ બચાવી શકે. માટે નિવૃત્તિ માર્ગનો આદર્શ કાયમ ટકી રહે એ સાધુ–મહારાજાઓની તીર્થ તરફની સેવા છે. તીર્થ તેમની પાસે એ અપેક્ષા રાખે છે. એટલે તીર્થની વફાદારી માટે પણ લાઉડસ્પીકરનો ઉપયોગ છોડવા યોગ્ય જ છે.

અહિંસા–સંયમ અને તપ દ્વારા જગત ઉપર જે ઉપકાર થાય છે, તે આજે આધિભૌતિક સાધનોથી થઇ શકતો નથી. માટે ભાષા વર્ગણાના પુદ્‌ગલોનો મોહ છોડી આધ્યાત્મિક ભાવના ઉત્થાન માટે ભાષાનો ઉપયોગ કરવો તે જ ઉપકારક છે.

સારાંશ કે, લાઉડ–સ્પીકર આદિ આધિભૌતિક સાધનો છે. એનો ઉપયોગ આત્મામાં પડેલી અનાદિકાલની પુદ્‌ગલ ભાવની સંજ્ઞાને વધારનાર છે. એ સંજ્ઞાનો જેટલો વધારો તેટલી હિંસા. માટે અહિંસા–સંયમ અને તપની આરાધના કરનારે એનો ત્યાગ કરવો એ જ કર્તવ્ય છે. એમાં શાસનપતિનાં શાસનની મર્યાદાનો સમાવેશ છે. મર્યાદાને ધારણ કરવી તે શ્રુતજ્ઞાનનું ફલ છે. એવું શ્રુત અને તેનો ઉપદેશ સ્વ–પર હિતકારક છે. માટે શ્રુતને દેવેન્દ્રો પણ નમસ્કાર કરે છે. અને એ નમસ્કારનું કારણ તેનાથી થતી સંયમની આરાધના છે. માટે "ધમ્મુત્તરં વડ્ઢઉ" કહેવું પડયું છે. આજે આપણે સાધ્યને બદલે સાધન ધર્મને મુખ્ય માનવાથી તેમાં આધિભૌતિક સાધનોનાં ત્યાગને બદલે તેનાં ઉપભોગને વધારી દીધો છે. અને એ વધારેલો ઉપભોગ અનાત્મભાવની વૃદ્ધિ કરનાર છે આથી એ નિર્ણય થયો કે, ધર્મના નામે આપણે અનાદિકાલીન વૈભાવિક ભાવને ઉત્તેજન આપ્યું. અંગ્રેજી કેળવણીનો મુખ્ય ઉદ્દેશ આ હતો, કે ધર્મના નામે જમાનાંને નામે, સુધારાને નામે, પ્રગતિના નામે પણ આધિ ભૌતિકતાનું સામ્રાજ્ય વધારવું. જેનું ફલ આજે આપણે નજરે જોઇએ છીએ. એનાં મોહે આપણને કેટલા ઘેલા બનાવ્યા છે અને આ રીતે ધર્મના નામે આપણાં જ હાથે આપણે ધર્મનો નાશ કરીએ છીએ, શીબીરો ખોલવી, વર્ગ ખોલવા, વગેરે પણ પ્રચારનાં સાધનો પ્રવૃત્તિ માર્ગરૂપી અનાત્મ ભાવના જ પોષક છે. સાધુઓ પ્રત્યેની અસદ્‌ભાવની વૃત્તિમાંથી ઉત્પન્ન થયેલ છે. અને એ વૃત્તિને પોષનાર છે. આ બધાએ અહિંસાને નામે હિંસા વધારી છે. ઉપયોગ અને જયણાને દેશવટો દીધો છે. આટલું મોટું નુકશાન જતિઓએ પણ કર્યું ન હતું. કારણ કે તેઓ તીર્થની વફાદારી

બરોબર સમજતાં હતાં. જે નુકશાન આજે સંવિગ્ન ગણાતાં કેટલાક ગીતાર્થોને હાથે થઈ રહ્યું છે. જેનું ચિત્ર દીલ કંપાવનારૂં બની જાય છે. આથી તીર્થંકરનાં તીર્થ પ્રત્યે વફાદાર રહેનારે આધિભૌતિક સાધનોને હેય માનવા જ પડશે અને છોડનારે તેનો ઉપયોગ કરવો જ ન જોઈએ. નહીંતર ભવિષ્યમાં શ્રમણત્વનો જ નાશ થશે. શ્રમણત્વનો નાશ, સાધુ ધર્મનો નાશ એટલે તીર્થનો વિચ્છેદ અને તીર્થનો વિચ્છેદ એ મહાન અનુપકાર, મહાન હિંસા. એટલે જ જુદા જુદા કાલે તીર્થની વફાદારી અને મર્યાદાને સમજનાર સૂરિપુંગવો પૂ. શ્રી હરિભદ્રસૂરિજી, પૂ. આચાર્યદેવ સિંહતિલકસૂરિજી, પૂ. સત્યવિજયજી ગણી., ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણી આદિએ આધિભૌતિકતા અને પ્રવૃત્તિ માર્ગમાં ફસી ગયેલ સાધુ સમુદાયને ઉગારવા વારં-વાર ક્રિયોદ્ધાર આદિ કરેલ છે. એમનાં વારસાને જાળવવાવાળામાંથી કેટલાએક આ યુગમાં ફરી પાછા કેમ એવા જ પ્રલોભનોમાં ફસાઇ પડ્યા છે, તે સમજી શકાતું નથી. આપણી જાતને સંવિગ્ન ગણાવીને આચરણ યતિથી પણ વધારે નુકશાન કરાવનારૂં કેમ આચરી શકીએ? માટે આવા સાધનોનાં ત્યાગરૂપ શ્રમણત્વ છે. શ્રમણત્વ છે ત્યાં સુધી તીર્થ છે અને જ્યાં સુધી તીર્થની વિદ્યમાનતા છે ત્યાં સુધી છ જીવ નિકાયનાં કલ્યાણનો માર્ગ ચાલુ છે. માટે પ્રચાર, ઉપકાર, આદિના નામે આધિભૌતિક સાધનોનો ઉપયોગ એ અકલ્યાણ અને ત્યાગ એ કલ્યાણ-ઉપકાર એવો નિષ્કર્ષ હૃદયમાં ધારણ કરી દરેકે દરેક તીર્થંકરના તીર્થની મર્યાદાઓને સમજી જગતનાં જીવોનું કલ્યાણ સાધતા રહે એવી એક જ અભિલાષા. આ લેખ તીર્થની વફાદારી લક્ષ્યમાં રાખી લખ્યો છે. વ્યક્તિગત કોઇ સાથે સંબંધ નથી. તેમ છતાં કડવું સત્ય પીરસતાં કોઇનું પણ મનદુ:ખ થાય તો મિચ્છામિ દુક્કડં.

⊙


## આત્મસાધનાની અમૂલ્ય તક

**એકાંત, શાંત અને પવિત્ર વાતાવરણમાં ધર્મારાધના કરવાની સુંદર યોજના**

મુમુક્ષુ આત્માઓ સર્વવિરતિ-ચારિત્રના સાધ્યપૂર્વક અંશે પણ દેશવિરતિ રૂપ સંયમી જીવન જીવવા સાથે સુંદર રીતે ધર્મારાધના કરી શકે એ આ સંસ્થાનો ઉદ્દેશ છે.

**(ફક્ત પુરુષો માટે જ)**

પાલીતાણા તળેટીના પવિત્ર વાતાવરણમાં જીવન સુવાસ પ્રગટાવવા માસિક રૂા. ૪૦)માં રહેવા તથા જમવાની ઉત્તમ સાનુકૂળતા છે.

**સભ્ય ફી:**—શ્રી જૈન શ્વે. મૂ. સંપ્રદાયની કોઇપણ પુખ્ત ઉંમરની વ્યક્તિ આ સંસ્થાને રૂા. ૧૦૧) અગર વધારે આપી આજીવન સભ્ય બની શકે છે. સંસ્થામાં સાધક તરીકે રહેવાની કે સભ્ય બનવાની ઇચ્છાવાળાએ નીચેના સિરનામે પત્ર વ્યવહાર કરવો.

**શ્રી જૈન શ્વે. મૂ. મુમુક્ષુ શાંતિનિકેતન**
ઠે. તળેટી, ગિરિવિહાર, **પાલીતાણા**



**તમારી કિંમતી ફાઉન્ટન પેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

## હ રિ હ ર

ફ્લ્યુડ : કિંમતી પેન માટે ઉત્તમ છે.
**શાહી** : લખવા માટે સુંદર છે.
ગુંદર : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.

દરેક વેપારીને ત્યાં મળશે.

એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

બનાવનાર : **હરિહર રીસર્ચ વર્કસ**
ઠે. માંડવીપોળ, **અમદાવાદ.**

# મધપૂડો

શ્રી મધુકર

**यदीच्छेद्विपुलां प्रीतिं त्रिणि तत्र निवारयेत् ।**
**विवादोऽर्थ संबधः परोक्षे दारदर्शनम् ॥१॥**

પરસ્પરની પ્રીતિ સ્થિર રાખવી હોય તો જેની સાથે પ્રીતિ છે, તેની સાથે વિવાદ નહિ કરવો, પૈસાની લેવડ-દેવડનો સંબંધ નહિ રાખવો, ને તેની ગેરહાજરીમાં તેના ઘરમાં જઈ સ્ત્રી પરિવાર સાથે વ્યવહાર નહિ રાખવો.

### સનાતન સત્ય

માનવી જે કાંઈ ખાય છે, તે તેને શક્તિ નથી આપતું પણ તે જે પચાવી શ તે તેને શક્તિ આપે છે. તેજ રીતે માનવ જે કાંઇ ધન મેળવે છે તેથી તે ધનવાન નહિ, પણ તેનો જે સુપાત્રમાં સદ્‌વ્યય કરે છે, તેથી તે ધનવાન છે. માનવ જેનો ઉપદેશ આપે છે, તેથી તે વિદ્વાન કે વિચારક નહિ પણ જેને તે આચરણમાં મૂકે છે તેથી તે વિદ્વાન ગણાય છે. આ જગતમાં મહાન સત્યોને અકરાંતીયો, કૃપણ, અને દંભી માણસ ભૂલી જાય છે.

### ભેળસેળનું મરણ શાસ્ત્રી

મહામારીઓ, યુદ્ધ અને બનાવટી દવાઓનો ત્રાસ ઓછો હોય તેમ હવે ઝેરી પાઉડરના ભેળસેળવાળા ખોરાકની પીડા દેશમાં ઉભી થતી જાય છે. આસામ અને પશ્ચિમ બંગાળમાં તેવા ખોરાકના ઝેરથી ૬૦૦ મૃત્યુ થયાનું નોંધાયું છે. માલ્ડામાં ૪૦૦ માનવોને લકવા થયેલો તેનું કારણ ભેળસેળવાળુ ઝેરી તેલ કારણ હતું, તેમ મનાતું હતું. પણ હવે સમજાયું કે, તે ઘઉંના કોથળાઓ ઉપર છંટાતા જંતુનાશક પાઉડરની ભેળસેળ હતી. આમ બંગાલ, આસામ તથા માલ્ડામાં ઝેરી પાઉડરના કારણે લોકો આપત્તિમાં મૂકાઇ ગયેલ. તેજ રીતે ઘઉંનો લોટ, ખાંડની ગૂણો ઉપર છંટાતા જંતુનાશક પાઉડરની ભેળસેળ અજાણરીતે થઈ જાય છે! કેરલ અને મદ્રાસમાં આના કારણે થોડા વખત ઉપર ૧૦૦ મૃત્યુ થયેલા! આ રીતે બીજા જંતુઓને મારવા માટે જે પાઉડરો વપરાય છે તે માનવોના નાશને માટે પરિણમે છે. ખાડો ખોદે તે પડે!

### જાણવા જેવું :

(૧) મનુષ્ય ક્ષેત્રમાં જ્યોતિષી દેવોનાં વિમાનો છે તે સદાયે ફરતા રહે છે. તે મનુષ્યક્ષેત્રની બહાર ઠેઠ સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના અસંખ્યાત દ્વીપ-સમુદ્રમાં જે ચંદ્ર-સૂર્ય આદિનાં વિમાનો છે, તે સ્થિર છે. એક જ સ્થળે રહે છે. એથી ત્યાં દિવસ-રાત વગેરે કાલના વિભાગ હોતા નથી.

(૨) મનુષ્ય ક્ષેત્રમાં ૧૩૨ ચંદ્ર, અને ૧૩૨ સૂર્ય છે. ૧૩૨ થી ૨૮ ગુણા ૩૬૯૬ નક્ષત્રો છે. ૧૩૨ થી ૮૪ ગુણા ૧૧૬૧૬ ગ્રહો છે ને ૧૩૨ થી ૬૬૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ થી ગુણતાં જે આવે તેટલા તારા છે, એ તારાની સંખ્યા ૮૮ લાખ, ૪૦ હજાર, ૭૦૦ કોડા કોડી છે.

(૩) જંબૂદ્વીપમાં બે, લવણસમુદ્રમાં ચાર, ધાતકીખંડમાં ૧૨ સૂર્ય-ચંદ્ર છે. ત્યારબાદના દ્વીપ-સમુદ્રમાં ત્રણગણા અને પાછળના દ્વીપ-સમુદ્રને ભેળવીએ તેટલા હોય છે. એટલે કાલોદ સમુદ્રમાં ૪૨, પુષ્કરવર દ્વીપમાં ૧૪૪ એમાંના અર્ધામનુષ્ય ક્ષેત્રમાં ૭૨ છે; એટલે મનુષ્યક્ષેત્રમાં કુલ ૨+૪+૧૨+૪૨+૭૨ મલી ૧૩૨ સૂર્ય-ચંદ્ર છે. જે ચલ છે. જ્યારે મનુષ્ય ક્ષેત્રની બહારના અર્ધ-પુષ્કર દ્વીપનાં ૭૨ છે, એ સ્થિર છે.

(૪) બાદ પુષ્કરવર સમુદ્રમાં ૧૪૪×૩=૪૩૨+૪૨+૧૮=૪૯૨ સૂર્ય-ચંદ્ર ચોથો વારૂણીવર દ્વીપ છે તેમાં ૪૯૨×૩=૧૪૭૬+૧૪૪+૬૦=૧૬૮૦ સૂર્ય-ચંદ્ર અને ફરતો ચોથો વારૂણીવર સમુદ્ર છે, તેમાં ૧૬૮૦×૩=૫૦૪૦+૪૯૨+૨૦૪=૫૭૩૬ ચંદ્ર અને ૫૭૩૬ સૂર્ય છે. એનાથી ૨૮ ગુણા નક્ષત્રો, ૮૮ ગુણા ગ્રહ અ ૬૬૯૭૫ કોડા કોડી ગુણતા તારા છે. આ રીતે એક એક દ્વીપ અને સમુદ્રમાં ત્રણ ગુણા અને ઉપર, પાછલના બધા દ્વીપ-સમુદ્રના ચંદ્ર-સૂર્યનો સરવાળો ભેળવીયે તેટલા છે. આમ અસંખ્યાતા જ્યોતિષી દેવોના વિમાનો છે.

# પ્રશ્નોત્તર કર્ણિકા

**શ્રી ધર્મરુચિ**

**પ્ર૦ ૪૧:** ચંદરાજા કુકડો થયો તે વખતે તેને તિર્યંચનું આયુષ્યનો ઉદય સમજવો કે મનુષ્યના આયુષ્યનો ઉદય સમજવો ?

**ઉ૦ :** ચંદરાજા કુકડો થયો તે વખતે પણ તેને મનુષ્યના આયુષ્યનો જ ઉદય સમજવો.

કોઇ પણ જીવને સત્તામાં વધુમાં વધુ બે આયુષ્ય જ હોઈ શકે, તેથી વધુ ન હોઈ શકે, અને બે આયુષ્યની સત્તા પણ ભવની શરૂઆતથી ન હોય, પરંતુ વર્તમાન ભવના ૨/૩ ભાગ વીત્યા પછી આગામી ભવનું આયુષ્ય બંધાયા પછી જ હોય. તે પૂર્વે તો માત્ર એક જ આયુષ્ય (વર્તમાન ભવે ભોગવાતું) સત્તામાં હોય છે. તેથી કુકડો થયેલ ચંદરાજાને મનુષ્યના આયુષ્યનો જ ઉદય હોય એમ નક્કી થાય છે. તિર્યંચનું આયુષ્ય તો એને સત્તામાં જ નથી તો પછી એનો ઉદય કેવી રીતે હોઈ શકે? વળી માનો કે આગામી ભવનું તિર્યંચનું આયુષ્ય બાંધ્યું હોય તેવા કોઇ મનુષ્યને મન્ત્રપ્રયોગ કે ઔષધપ્રયોગથી તિર્યંચ બનાવવામાં આવે તો તેને પણ તિર્યંચના આયુષ્યનો ઉદય ઘટી શકે નહિ, કેમકે—આયુષ્ય કર્મ માટે એવો અલગ નિયમ છે કે—આગામી ભવના બંધાયેલા આયુષ્યમાંથી એક પણ પ્રદેશ ઉદીરણાદિ કોઈ પણ કરણ દ્વારા ઉદયમાં આવી શકે નહિ. એ તો અહિંથી કાળ કરીને બીજા ભવમાં જીવ જાય ત્યારે જ ઉદયમાં આવે. એટલે આ ભવમાં તો માત્ર પૂર્વ ભવમાં બાંધેલ આયુષ્ય જ ઉદયમાં રહે છે તેથી આયુષ્યનો ઉદય પલટાવાની કોઇ શકયતા નથી. એટલે કુકડો બનેલ ચંદરાજાને મનુષ્ય ભવનું આયુષ્ય જ ઉદયમાં છે એમ સમજવું.

હવે એ કુકડો કેમ થયો એને અંગે જણાવવાનું કે—તે વખતે તેને ગતિનું પરાવર્તન થવું સંભવિત છે. ગતિકર્મની બાબતમાં સામાન્યત: દરેક જીવને લગભગ હંમેશ ચારે ગતિનો પ્રદેશોદય હોય છે અને તેમાંથી એક ગતિનો વિપાકોદય હોય છે. વિપાકોદયવાળી પ્રકૃતિ ફળ આપનારી હોય છે. અહીં ચન્દરાજાના જીવને તિર્યંચપણાનો અનુભવ હોવાથી સંભવ છે કે—તિર્યંચગતિનો વિપાકોદય હોય, એટલે કે—સંક્રમણ કરણ દ્વારા ચન્દરાજાને મનુષ્યગતિનો વિપાકોદય પલટાઇને તિર્યંચગતિનો વિપાકોદય શરૂ થયો હોય. સારાંશ કે—કુકડો બનેલ ચન્દરાજા આયુષ્ય તો મનુષ્યનું જ ભોગવે છે પણ ગતિ પ્રદેશોદયથી અને રસોદયથી તિર્યંચની ભોગવે છે એમ સમજવું ઠીક લાગે છે.

**પ્ર૦ ૪૨ :** અભવ્ય કે દુર્ભવ્ય જીવો ચારિત્ર પાળે છે તેમાં ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ ખરો કે નહિ ?

**ઉ૦ :** અભવ્ય કે દુર્ભવ્યને ચારિત્રની પ્રાપ્તિમાં ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ કારણ નથી. કારણ કે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ દર્શન મોહનીયના ક્ષયોપશમપૂર્વક જ હોય છે. વળી ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી પાંચમું કે છઠ્ઠું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે; જ્યારે તે જીવોને તો પહેલું ગુણસ્થાનક જ હોય છે. અભવ્ય કે દુર્ભવ્ય જીવોને દ્રવ્ય ચારિત્રની પ્રાપ્તિ વખતે મોહનીયનો ઉદય હોય છે. તથા તેઓને લાભાન્તરાયના ક્ષયોપશમથી ચારિત્રની સામગ્રી પ્રાપ્ત થાય છે અને વીર્યાન્તરાયના ક્ષયોપશમથી ચારિત્રની ક્રિયામાં તેઓ પ્રવૃત્તિ કરે છે. તથા અનન્તાનુબન્ધી કષાયનો ઉદય હોવા છતાં મન્દ ઉદય હોવાનું સંભવે છે. તદુપરાંત બીજાં કર્મો પણ કારણભૂત હોઇ શકે છે.

**પ્ર૦ ૪૩ :** શાસ્ત્રમાં આવે છે કે—અભવ્યનો આત્મા પણ નવમાં ગ્રૈવેયક સુધી જાય છે, તો તે કયા કારણે ?

**ઉ૦ :** મુક્તિના અદ્વેષપૂર્વક અખંડ દ્રવ્ય ચારિત્રના પાલનથી અભવ્યનો આત્મા પણ નવમાં ગ્રૈવેયક સુધી જઇ શકે છે. અર્થાત્ એકલા દ્રવ્ય

ચારિત્રથી જ જાય છે એમ નહિ. અખંડ દ્રવ્ય ચારિત્રનું પાલન એટલે પાંચ મહાવ્રતનું પાલન, ક્ષમાદિ દસ પ્રકારના યતિધર્મનું પાલન, અષ્ટ પ્રવચન માતાનું પાલન તથા ઇચ્છા-મિચ્છાદિક દશવિધ સામાચારિનું કાળજીપૂર્વક પાલન.

પ્ર૦ ૪૪ : અભવ્યો મુક્તિને માનતા નથી તેથી તેઓને મુક્તિ પ્રત્યે સદા દ્વેષ જ હોય છે એમ સાંભળ્યું છે અને તમે તો અભવ્યને નવમાં ગ્રૈવેયકની પ્રાપ્તિમાં મુક્તિનો અદ્વેષ કારણ તરીકે કહો છો તો તે કયી રીતે ઘટી શકે?

ઉ૦ : નીચે જણાવેલી અપેક્ષાએ અભવ્યમાં મુક્તિનો અદ્વેષ પણ ઘટી શકે છે.

(૧) અભવ્યો સ્વર્ગને જ મુક્તિ માની લે છે અને તેઓને જ્યારે સ્વર્ગ મેળવવાની ઉત્કટ ઈચ્છા હોય છે ત્યારે તેઓને સ્વર્ગથી ભિન્ન એવા મોક્ષ સંબંધી વિચાર જ હોતો નથી. તેથી સંયમ આરાધનાના કાળમાં અભવ્ય જીવમાં મુક્તિનો દ્વેષ આ અપેક્ષાએ હોતો નથી.

(૨) અથવા અભવ્યનો જીવ શાસ્ત્રમાં વાંચે છે કે-જે મુક્તિનો દ્વેષી હોય તેને કોઈ પણ કાળે ઉંચો દેવલોક ન મળે. આ વાંચીને એને વિચાર આવે છે કે જો મારામાં ભૂલે-ચૂકે પણ મુક્તિનો દ્વષ આવી જશે તો મને ઉંચો દેવલોક નહિ મળે, તેથી તે પ્રગટરૂપે મુક્તિનો દ્વેષ કરતો નથી. આ અપેક્ષાએ પણ અભવ્યમાં મુક્તિનો અદ્વેષ હોય છે. અર્થાત્ અભવ્યમાં શક્તિરૂપે મુક્તિનો દ્વેષ કાયમ હોવા છતાં ઉંચા દેવલોકની પ્રપ્તિમાં બાધક હોવાના કારણે વ્યક્તરૂપે મુક્તિનો દ્વેષ તેનામાં હોતો નથી.

અહિં એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે-અભવ્યમાં રહેલ સદનુષ્ઠાનના રાગમાં કારણ સ્વર્ગનો રાગ છે પણ મુક્તિનો રાગ કે મુક્તિનો અદ્વેષ કારણ તરીકે નથી.

ભવ્યમાં આવેલ મુક્તિનો અદ્વષ તાત્ત્વિક હોય છે અને અભવ્યમાં આવેલ મુક્તિનો અદ્વષ અતાત્ત્વિક હોય છે. આ વાત નીચેના દૃષ્ટાંતથી સમજી શકાશે.

બે વેપારી નીતિ પાળે છે. એક વેપારી પોતાની પ્રસિદ્ધિ થાય, કીર્તિ થાય અને એથી ગ્રાહકો વધે એટલે સારી કમાણી થાય એ હેતુથી નીતિ પાળે છે અને બીજો વેપારી અનીતિને પાપ સમજી પાપથી બચવા માટે નીતિ પાળે છે. બન્ને વેપારી નીતિ તો એક સરખી પાળે છે, છતાં પહેલા વેપારીની નીતિ અતાત્ત્વિક છે અને બીજા વેપારીની નીતિ તાત્ત્વિક છે. એજ રીતે અભવ્યનો દેવલોક પ્રાપ્તિ માટેનો મુક્તિનો અદ્વેષ ભવબીજના અસ્તિત્વવાળો હોવાથી અતાત્ત્વિક હોય છે અને ભવ્યનો મુક્તિનો અદ્વેષ ભવબીજના નાશવાળો અથવા ભવબીજના નાશને કરનારો હોવાથી તાત્ત્વિક હોય છે.

પ્ર૦ ૪૫ : અભવ્યનો આત્મા મોક્ષને માનતો નથી તો પછી એ ચારિત્ર શા માટે લે છે?

ઉ૦ : ચારિત્ર લેવામાં અભવ્યના આત્મા માટે નીચેના કારણો હોય છે.

(૧) શુદ્ધ ચારિત્રનું પાલન કરનારા સાધુઓને, મોટા મોટા રાજા-મહારાજા અને ચક્રવર્તીઓ દ્વારા પૂજાતા જોઇને તેવા પ્રકારની પૂજાના અભિલાષથી,

(૨) તીર્થંકરની સમવસરણ આદિ ઋદ્ધિ જોઇને તેવી ઋદ્ધિ મેળવવાની ઈચ્છાથી,

(૩) આલોક કે પરલોકના સઘળા ય સુખો ધર્મથી મળે છે-એ સાંભળી તે સુખો પ્રાપ્ત કરવાની સ્પૃહાથી,

(૪) અગર અન્ય કોઇ પણ પ્રકારની ભૌતિક ઇચ્છાથી.

અચરમાવર્ત્ત કાળમાં ભવ્ય આત્મા પણ અનેકવાર ચારિત્ર લે છે, પણ તે કાળમાં જીવનું લક્ષ્ય કેવળ ભૌતિક સુખનું જ હોય છે. એટલે તે કાળમાં ભવ્ય જીવ પણ મોક્ષના આશય વિનાનો જ હોય છે. અભવ્યને કોઇ કાળે મોક્ષનો આશય થતો નથી અને ભવ્યને ચરમાવર્ત્ત પહેલાં મોક્ષનો આશય થતો નથી!

# વિનાશ કાલે વિપરીત બુદ્ધિ

પૂ. મુનિરાજ શ્રી ગુણાકરવિજયજી મહારાજ : મુંબઈ

બે ભાઈઓ સમુદ્રની અધિષ્ઠાયક દેવીની પ્રાર્થનાથી તેના આવાસમાં આવે છે; પણ દેવીના કપટને જાણીને નીકળી જાય છે; જ્યારે દેવીના માયાવી પ્રેમથી જિનરક્ષિત ડગતો નથી, તેથી સ્વસ્થાને નિરૂપદ્રવપણે પહોંચે છે; ને બીજો ભાઈ સમુદ્રમાં ફેંકાઇ જાય છે. આ દૃષ્ટાંતનો ઉપનય સંસારનાં પ્રલોભનોમાં મૂંઝાય તે ફેંકાઈ જાય ને અડગ રહે, તે સ્વસ્થાને-મોક્ષસ્થાને પહોંચે તે સમજવાનો છે. 'કલ્યાણ' પ્રત્યે આત્મીયભાવપૂર્વક પૂ. મુનિરાજશ્રી લેખ લખે છે. ને પ્રસિદ્ધિ અર્થે મોકલાવે છે.

જ્યારે માણસના જીવનનો અંત આવવાનો હોય ત્યારે બાહોશ બહાદુર બુદ્ધિવાનની બુદ્ધિ પણ બહેર મારી જાય છે. કર્માનુસારની બુદ્ધિ જેવા પૂર્વ કર્મ કર્યા હોય તેવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

આજથી ૨૪૦૦ વર્ષ પહેલાંની વાત છે. સમૃદ્ધથી ભરપૂર ન્યાય અને નીતિથી વર્તનવાલી બારમાં તીર્થાધીપતી વાસુપૂજ્ય સ્વામીની જન્મભૂમિ એવી ચંપાપુરી નામની નગરી હતી. તેમાં ક્રોડો સોનૈયાનો માલિક એક એવો સાર્થવાન હતો. તેને ઘણાં હોશિયાર, બહાદુર, ચાલાક એવા બે પુત્રો હતા, જેમ રજપુતના પુત્રો રણમાં શોભે તેમ આ બે વણિકના પુત્રો વેપારમાં મશગુલ રહેતા હતા. તે બંને ૧૧ વખત વહાણુની મુસાફરી કરી અઢળક ધન ભેગુ કર્યું હતું, માતાપિતાને આવા કમાવ ને વિવિકી નીકળે એટલે અત્યંત પ્રિય થઈ પડે.

પુત્રો પણ ચાર પ્રકારના હોય છે (૧) સુજાત. (૨) અતિજાત. (૩) કુજાત. (૪) કુલાંગાર.

(૧) સુજાતને, આમ્રફળની ઉપમા આપી છે. આમ્રફળની ગોટલી ઘણી નાની હોય છે. પણ ફળમાં મીઠાસ ઘણી હોય છે. તેમ પિતાની આજ્ઞાનું પાલન કરનાર પુત્ર પિતાના મનને મીઠાસ આપી શાંતિ આપે છે. (૨) અતિજાત, તેને કેળા કે બીજોરાની ઉપમાં આપવામા આવે છે. તેમાં બીજ નાનું અને ફળ મોટું હોય છે. તેમ પિતા કરતાં પુત્ર અધિક ગુણવાળો અને કુળને ઉદ્ધાર કરનારો હોય છે. (૩) કુજાતને વડના ફળની ઉપમા આપી છે. વૃક્ષ મોટું છાયા આપે પણ ફળ કડવું તેમ પિતા ઉત્તમ ગુણવાન ત્યારે પુત્ર તુચ્છ ને હીન ગુણવાળો હોય છે. (૪) કુલાંગારને શેરડી ને કેળના ફળની ઉપમાં આપવામાં આવી છે. શેરડી ને કેળને ફળની આવતા જ નથી તેમ પુત્ર કુળનો વિનાશ કરે છે.

આવા ચાર પ્રકારના પુત્રોમાંથી સાર્થવાનના બંને પુત્રો અતિજાત હતા. બાપની કીર્તિ અને લક્ષ્મીને વધારનાર હતા. બન્ને ભાઈઓ બારમી વખત મુસાફરી કરવા તૈયાર થાય છે. માતા-પિતા ઘણી ના પાડે છે કે ભાઈઓ આપણી પાસે ઘણું ધન છે, માટે વાપરો અને ધર્મ ધ્યાન કરો લોભ નહિ કરો. (લોભને કાંઈ થોભ હોતો નથી.) એમ વિચારી માતા-પિતા રજા આપે છે. બન્ને ભાઈઓ અનેક જાતના કરિયાણા ભરી, સારા મુહૂર્તે વહાણમાં બેસી ધીમેધીમે પ્રવાસ કરી રહ્યા છે. પણ જ્યારે માણસનું પુણ્ય પરવારી જાય છે. ત્યારે ગમે તેવા મુહૂર્તમાં જતાં, ગમે તેવા ફાંફાં મારતા, બધા નકામા છે, ભરદરીએ વહાણ આવતા આંધીનો તોફાન શરૂ થાય છે, વહાણ તૂટી જાય છે. બન્ને ભાઈઓ એક પાટીયાને આધારે તરતા તરતા રત્નદ્વીપના કિનારે આવે છે. બન્ને થાકયા હોવાથી એક ઝાડની નીચે આરામ લેવા બેઠાં છે. વિચારે છે, કે માતા-પિતાની આજ્ઞાનું પાલન કર્યું નહિ તેનું પરિણામ ખરાબ આવ્યું. હવે આપણે શું કરવું ? કયાં જવું ? એટલામાં ત્યાં રત્નદ્વીપની અધિષ્ટાયિકા રત્નાકરદેવી આવે છે. જેનું રૂપ ઘણું જ સુંદર છે. ભલભલાનું મન ચલી જાય. રત્નાકરદેવી

મીઠા અને મધુર વચનથી બન્ને ભાઇઓને કહે છે, કે 'મારી સાથે ચાલો તમને મહેલમાં રાખીશ ત્યાં આનંદમાં રહી વિલાસમાં મારી સાથે ભોગ ભોગવી સુખેથી રહેજો.' બન્ને ભાઇઓએ સંકેતથી છુટવા હા પાડે છે. રત્નાકરદેવી સાથે મહેલમાં જાય છે. ત્યાંની મહેલની આજુબાજુ બગીચાઓ કુવાઓ, તેની સાહેલીઓ સાથે રહેતાં બન્ને ભાઈઓનો ઘણો કાળ ચાલ્યો જાય છે.

એક દિવસ રત્નાકરદેવી આવીને કહે છે, કે મારે દેવની આજ્ઞાથી રત્નાકર સમુદ્ર ૨૧ વખત સાફ કરવાનો છે. હું થોડા દિવસમાં જલદી પાછી આવી જઇશ. અને જો તમને નહિ ગમે તો બહાર ઉદ્યાનમાં જજો, પૂર્વ–પશ્ચિમ ને ઉત્તર દિશામાં ફરજો, પણ દક્ષિણ દિશામાં જશો નહિ. ત્યાં ઝેરી સર્પો, વાઘ, વરુ, સિંહ એવા હિંસક જાનવરો તમને મારી નાખશે.' રત્નાકરદેવી સમજાવીને ચાલી જાય છે. બન્ને ભાઈઓ ખૂબ આનંદમાં રહે છે. અને ત્રણ દિશામાં ફરે છે. બન્ને એક વખત વિચાર કરે છે. કે, દક્ષિણ દિશામાં શા માટે ના પાડી હશે. જેમ કોઈ વૈદ આ વસ્તુ ખાવી નહિ, તો તે વસ્તુ ખાવાનો વિચાર આવે, કોઈ ઠેકાણે લખ્યું હોય કે પેસાબ કરવો નહિ ત્યાં જ કરવા બેસે. જે વસ્તુ કરવાની મના હોય તે જ વસ્તુ કરવાનું મન થાય. મનની આ એક વિચિત્રતા છે ! બન્ને ભાઈઓને ના પાડવા છતાં દક્ષિણ દિશામાં જાય છે. ત્યાં થોડે દૂર ગયા કે ભયંકર ગંધ મારવા માંડી ત્યાં એક માણસને કુવાની વચમાં શૂળી ઉપર જોયો. પાણી પાણી કરતો હતો પેલા બંન્ને ભાઈઓએ પાણી પાયું. પૂછ્યું આમ દશા કેમ થઈ, કહ્યું કે 'રત્નાકર દેવીનું માન્યુ નહિ. એટલે મારી આ દશા કરી ને તમારી પણ આવી દશા કરશે.' બન્ને ભાઈઓ પૂછે છે કે, 'બચવાના કાંઈ ઉપાય ? ઉદ્યાન બહાર યક્ષ છે. તેને તમે વિનંતિ કરો તમને માર્ગ બતાવશે' બન્ને ભાઈઓ યક્ષ પાસે જઈને વિનંતિ કરે છે. અમને બચાવો. યક્ષ કહે છે. 'એક શરતે તમને બચાવું મારી પીઠ ઉપર તમારે બેસી જવું પણ રત્નાકરદેવી આવે તમને ગમે તેમ કહે પણ પાછળ તમારે જોવું નહિ. જો તમે જોયું તો પીઠ ઉપરથી નાખી દઈશ.' મરણના બીકે બન્ને જણા હા પાડે છે. યક્ષ ઘોડાનું રૂપ લઈ બન્ને ભાઈઓને બેસાડી ઉડે છે. સમુદ્રના ભરદરીએ આવે છે. આ બાજુ રત્નાકરદેવી સમુદ્ર ૨૧ વખત સાફ કરીને આવે છે. ત્યાં બન્ને ભાઇઓને જોયા નહિ. એટલે વિભંગ જ્ઞાનનો ઉપયોગ કરે છે કે, કયાં ગયા. ઓહો ! યક્ષ ઉપર બેસી સમુદ્ર પાર કરી રહ્યા છે. તે હાથમાં તલવાર લઇ તેની પાછળ જાય છે. યક્ષ પાછળ આવીને ઘણાં કલાવાલા કરી વિનંતિ કરે છે. 'ઓ સ્વામીનાથ ! મને તમારા વગર ગમતું નથી શું તમારો આવોજ પ્રેમ હતો, આપને સાથે હરતા ફરતા, રહેતાં જમતાં ને મને મૂકીને કયાં જાવ છો.' ઘડીમાં રડે છે, ને ઘડીમાં ખૂબ હસીને બહુ પ્રેમ બતાવે છે કે 'હસતી નાર ને રડતો પુરૂષ તેનો કદી ન કરવો વિશ્વાસ'

પુરુષ રડતો હોય તો કામ કાઢવા માટે. સ્ત્રી બધે જ હસતી હોય ને મનમાં કાંઇ જુદુ જ હોય તેમ દેવી, બન્ને ભાઈઓને પાછા વાળવા ખૂબ હસમુખા ચહેરે આજીજી કરે છે. છેવટે એક ભાઇને અત્યંત રાગ હોવાથી પાછળ જુએ છે. જોતાની સાથે યક્ષરૂપી ઘોડાએ ઉંચકીને બહાર નાંખે છે. નાખતાં જ રત્નાકરદેવી તલવારમાં ઝીલી પરોવે છે. ને બોલી 'મારા કહેલુ માન્યું નહિ, મને પૂછ્યા વગર ચાલ્યા ગયાં તેનું ફળ લો.' તે પોકે પોકે-રડે છે બચાવો, બચાવો પણ ત્યાં કોણ બચાવે, છેવટે રત્નાકરદેવી સમુદ્રમાં નાખે છે. ત્યાં તેના જીવનનો અંત આવે છે.

બીજા ભાઇને યક્ષ ચંપાપુરીના કિનારે મૂકીને ચાલ્યો જાય છે. જિનરક્ષિત ઘેર જાય છે. માતા–પિતાને બનેલી બધી વાત કરે છે. ભાઇ રડતો–રડતો બોલે છે. આપની આજ્ઞાનું પાલન ન કર્યું તેનું ફળ વિપરીત આવ્યું. જિનરક્ષિતને વૈરાગ્ય થાય છે. ને દીક્ષા લે છે. જ્યારે માણસનો વિનાશ થવાનો હોય ત્યારે બુદ્ધિ પણ ફરી જાય છે. માટે જ કહેવત છે કેઃ–

"વિનાશ કાળે વિપરીત બુદ્ધિ."

# વિશ્વ ઉદ્ધારક ભગવાન શ્રી મહાવીર દેવ

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવર

ચૈત્ર સુદી ૧૩ ભ. શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકનો દિવસ: ને વૈશાખ સુદી ૧૦ કેવલજ્ઞાન કલ્યાણકનો દિવસ, આ બધા જેમના નામ સાથે પૂણ્ય પ્રસંગો જોડાયા છે, તે દેવાધિદેવ વર્તમાન શાસનના અધિપતિ ભ. શ્રી મહાવીર દેવનાં જીવન તથા ઉપદેશામૃતનું વિહંગાવલોકન કરાવતો ને તેમનાં અદ્દભુત અપ્રતીમ વ્યકિતત્ત્વ પર પ્રકાશ પાથરતો સારગ્રાહી લેખ, અહિં પ્રસિદ્ધ થાય છે. લેખક પૂ. મહારાજશ્રી 'કલ્યાણ' પ્રત્યે ખૂબ આત્મીયભાવપૂર્વક લાગણી ધરાવે છે. લેખનો પ્રથમ હપ્તો અહિં પ્રસિદ્ધ થાય છે, બાદ ભ. ના ઉપદેશામૃતને વહેવડાવનારો હપ્તો આગામી અંકે!

૦

અહિંસાના અવતારસમા શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના નામથી કોણ અજાણ્યું છે? આજથી લગભગ ૨૫૦ વર્ષ પૂર્વે આ મહાન વિભૂતિનો જન્મ આ ભારતવર્ષના ક્ષત્રિય કુંડ ગ્રામ નગરમાં ક્ષત્રિયકુળમાં શ્રી સિદ્ધાર્થ મહારાજાને ત્યાં રાણી ત્રિશલાદેવીની કુક્ષિથી ચૈત્ર શુકલ ત્રયોદશીના મંગલ દિવસે બરાબર મધ્ય-રાત્રિએ થયો હતો. આ પુણ્ય પુરુષનો જન્મ થતાં ત્રણે લોકમાં અજવાળાં અજવાળાં પથરાયાં હતા. વિશ્વના સકલ જીવોએ આનંદનો અનેરો આસ્વાદ અનુભવ્યો હતો. સાતગ્રહો ઉચ્ચ સ્થાનમાં રહેલા હતા. ધરતી પણ આનંદથી શ્વાસ લેવા માંડી પડી હતી, દિવ્ય દેવદુંદુભિના નાદથી ગગન ગુંજી ઉઠ્યું હતું સર્વત્ર-ગ્રામ નગર-પુર અને જનપદ વાસીઓ આનંદ કલ્લોલ કરતા હતા. પક્ષીઓ કિલકિલાટ કરી રહ્યા હતા. અરે મહાદુઃખી નારક જીવો પણ તે ક્ષણે આનંદ અનુભવી રહ્યા હતા. ઈતિ-દુકાળ આદિ સર્વનો અભાવ હતો. વાયુ પણ મંદ મંદ મધુર શીતળ અને સુખપ્રદ વાઇ રહ્યો હતો. ઇદ્રનું આસન કંપી ઉઠ્યું હતું. ભગવાન શ્રી જિનેશ્વર-દેવનો જન્માભિષેક કરવા માટે પ્રભુને મેરુ પર્વત ઉપર લઇ જવામાં આવ્યા હતા. અનેરા ઠાઠથી, અપૂર્વ ઉત્સાહથી અને અનોખીરીતે ભક્તિભાવ-ભર્યા હૈયે ત્યાં પ્રભુનો જન્માભિષેક કરવામાં આવ્યો હતો. સિદ્ધાર્થ મહારાજાએ પણ ભારે આનંદથી ભવ્ય રીતે પુત્રનો જન્મ મહોત્સવ ઉજવ્યો હતો. તેમના ગુણને અનુરૂપ તેમનું યથાર્થ નામ વર્ધમાન-કુમાર રાખવામાં આવ્યું હતું. બીજના ચંદ્રની જેમ ધીમે ધીમે તેઓ વધવા લાગ્યા. તેમનું રૂપ તેમનું પુણ્ય, તેમની કાંતિ, તેમના ગુણો, તેમનો વિનય, તેમની ચતુરાઇ, તેમનું જ્ઞાન, તેમની શક્તિ, તેમનો પ્રભાવ, તેમનું પરાક્રમ, તેમની વીરતા અને ધીરતા કોઇ અજબ ગજબના હતા. ગર્ભમાંથી જ તેઓ નિર્મળ મતિ-શ્રુત અને અવધિ જ્ઞાન ધરાવતા હતા.

બાલ્યવયથી જ તીર્થંકર દેવના આત્માઓ અપૂર્વ પ્રભાવશાળી, અપ્રતિમ સૌંદર્યશાળી, મહાન વૈભવશાળી અસાધારણ શક્તિશાળી અને મહાન સૌભાગ્યશાળી હોય છે. તેમનું જ્ઞાન પરિણત હોય છે. શરીર નીરોગ અને પ્રસ્વેદરહિત હોય છે. સૂર્ય અને ચંદ્રની કાંતિને શરમાવે તેવી તેમનામાં તેજસ્વિતા હોય છે. તેમનો દેહ તેમના અંગોપંગ પ્રમાણોપેત અને ૧૦૦૮ લક્ષણ યુક્ત હોય છે. કમળની સુગંધી જેવો સુરભિ એમનો શ્વાસોશ્વાસ હોય છે. આહાર નિહાર અને વિહાર આ બધુંય જેમનું અસાધારણ હોય છે. આચાર-વિચાર અને ઉચ્ચાર ઉચ્ચ કોટિના હોય છે. જગતમાં તેઓ અજોડ, અનુપમ અને અસાધારણ વ્યક્તિત્વ ધરાવનારા મહાપુરુષ હોય છે.

શ્રી વર્ધમાનકુમારે આમલકી ક્રીડામાં બાળ વયે અબાળ પરાક્રમ દાખવ્યું હતું ત્યારથી દેવોએ તેમને

વીર તરીકે સંબોધ્યા. માતાપિતાએ મોહવશ વર્ધમાનકુમારને ભણાવવા માટે ભારે આડંબરથી પાઠશાળામાં મોકલ્યા પણ ઇંદ્રમહારાજાએ પંડિતજીના મનની શંકાઓ વિષે, પ્રશ્ન પૂછતાં શ્રી વર્ધમાનકુમારે તેના તડાતડ જવાબો આપ્યા, આ ઉત્તરો સાંભળી પંડિતજી તો આભાજ બની ગયા. પંડિતજીને થયું કે મારે જ એમની પાસે ભણવું પડશે. સૌ પ્રજાજનો શ્રી વર્ધમાનકુમારની ગંભીરતાના દર્શન કરી આશ્ચર્યમુગ્ધ બની ગયા.

શિશુ અવસ્થા વટાવી યૌવનમાં પગલા પાડતાં જ તેઓ વૈરાગી બને છે. ત્રીસ વર્ષની વયે તેઓ અનેરા રાજ વૈભવને, સમગ્ર સુખ સાહ્યબીને અને ભોગવિલાસની વિપુલ સામગ્રીને ત્યજી સંસારનો ત્યાગ કરી સંન્યસ્ત અવસ્થા ધારણ કરે છે. યાને સંયમના પુનિત પંથે પ્રયાણ કરે છે. જે સમયે જગત ભોગ-સુખ માટે વલખા મારી રહ્યું હોય એને માટે તલસી રહ્યું હોય અરે લક્ષ્મી અને લલના માટે સત્તા અને સુંદરી માટે માણસો ગાંડાતૂર બની જાય છે. ચોમેર ફાંફા મારે છે, દિનરાત તે માટે જ પ્રયત્નશીલ રહે છે. ક્યારે મળે એનીજ તમન્નામાં મશગુલ રહે છે. ત્યારે ભગવાન મહાવીર ઋદ્ધિ સિદ્ધિને, વૈભવ વિલાસને, રાજપાટને અને ભોગોપભોગના બિપુલ, સાધનોને એક તણખલા તુલ્ય સમજી તિલાંજલી આપવા તૈયાર થાય છે. ત્યાં જ એમનાં ભવ્ય ત્યાગનાં દર્શન થાય છે. જગત જેને માટે ગાંડુઘેલું બને એ બધું ય એમની પાસે હતું વિપુલ ભોગ સામગ્રી હતી. કશીય કમીના ન હોતી આમ છતાંય સર્વસ્વનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી જગતને એમણે એ બતાવી આપ્યું કે સુખ ભોગમાં નથી પણ ત્યાગમાં છે. સુખવાસનામાં નથી પણ વાસનાના વિજયમાં છે. સુખ તૃષ્ણામાં નથી પણ સંતોષમાં છે. સુખ બહાર નથી પણ આત્મામાં જ છે. ઇન્દ્રિય જન્ય આ બધા વિષય સુખો એ તો ઝાંઝવાના નીર જેવા છે. સત્તા અને સંપત્તિ વીજળીના ચમકારા સમી ક્ષણિક છે. અનિત્ય છે. આ યૌવન પવનના જેવું ચંચળ છે. અને આ બધી સાહ્યબી ક્ષણવિનશ્વર છે. જ્યારે આત્મા અમર છે, અવિનાશી છે અને અખંડ છે. પરંતુ કર્મવશાત અજ્ઞાનતાથી એ પોતાના અમરત્વને ભૂલી વિષયોમાં ઝુલી ચોરાશી લક્ષ યોનિમાં પરિભ્રમણ કરે છે અને આ માનવ જીવનની અમૂલી તક ગુમાવી દે છે. નશ્વર અને ક્ષણિક સુખોની પાછળ ગાંડા ઘેલાં બની પોતાનું ભાન ભૂલી મહામૂલા આ માનવ જીવનને વેડફી નાખવું એ નરી મૂર્ખતા છે. ઘોર અજ્ઞાનતા છે. અને રત્નોની ખાણમાં આવ્યા પછી કાંકરા ભરવા જેવું અને સોનાની થાળીમાં ધૂળ ભરવા બરાબર છે.

## ઘોર તપશ્ચર્યા

દીક્ષા અંગીકાર કર્યા પછી ભગવાન મહાવીર ભયાનક જંગલોમાં ઘૂમે છે. એકલા હાથે સામી છાતીએ કર્મોની સામે ઝઝૂમે છે. સાડબાર વર્ષ સુધી ઘોર અને આકરી તપશ્ચર્યા આદરે છે. છ છ મહિનાના પાંચ પાંચ મહિનાના, ચાર ચાર મહિનાના ત્રણ ત્રણ બબ્બે અને મહિના મહિનાના ઉપવાસ કરે છે. તે પણ નકોરડા. એટલે તે દિવસોમાં અન્ય ઋષિ મુનિઓની જેમ દૂધ-ફળ-ફળરસ આદિ કંઈ વાપરતા નથી. આ દિવસોમાં ઉષ્ણ જળનો પણ ઉપયોગ કર્યો નથી. સાડાબાર વરસના સાધના કાળ દરમ્યાન આવી ઉત્કટ તપશ્ચર્યા કરવાં તેમણે ફક્ત ૩૪૯ દિવસ પારણા કર્યા છે. યાને ૩૪૯ દિવસ જ ભોજન લીધું છે તે પણ એક ટંક અને તે પણ દિવસે અને તે પણ માધુકરી વૃત્તિથી અને તે પણ લુખ્ખું સુકું. કેવી એમની ઘોર અને ઉત્કટ તપશ્ચર્યા, સાંભળતાં પણ રોમાંચ ખડા થઈ જાય તેવી અદ્‌ભૂત અને ઉગ્ર એમની તપશ્ચર્યા હતી. સાડાબાર વર્ષોના સાધના કાળમાં કોઈ દિવસ તેઓ બેઠા નથી પગ લાંબા કર્યા નથી, ઓઠીંગણ દઈ ને ઉભા નથી અરે કોઈ દિવસ તેઓ સૂતા નથી. કોઈ દિવસ તેમણે ઉંઘ લીધી નથી પલાંઠી વાળીને પણ બેસવાનું કામ નહિ. કયારેક ગોદોહિકાસન, વીરાસન, ભદ્રાસન વગેરે આસનોએ સ્થિત થતા હતા. સાધકને આળસ કે પ્રમાદ શાનો ! મોટા ભાગે

ઉભા ઉભા જ મૌનમાં અને ધ્યાનમાં પોતાનો સમગ્ર કાળ વ્યતીત કરતા હતા.

એક જ રાત્રિમાં શૂલપાણિ યક્ષે કરેલા ઉપસર્ગોના સમયે ભયંકર વેદના થવાથી કુદરતી રીતે શરીરના સ્વભાવથી તેમને થોડી નિદ્રા આવી ગઈ હતી. સાડાબાર વર્ષ દરમ્યાન સાધના કાળમાં જેને પ્રમાદ-ઉંઘ કે નિદ્રા કહો તે ફક્ત ૪૮ મિનિટથી વધારે નહિ. કેવી એમની એકધારી અનોખી સાધના, કેવી એમની આકરી તપશ્ચર્યા, સાધના કાળ દરમ્યાન દેવો અને મનુષ્યોએ અનુકૂળ અને પ્રતિકૂળ અનેક ઉપસર્ગો કર્યાં છે. આમ અનેક પરિષહો અને ઉપસર્ગો થવા છતાં અદીનમને અપૂર્વ સમતાથી અને અદ્‌ભૂત ક્ષમાથી તેમણે સહન કર્યાં છે. ખૂબી તો એ હતી કે ભલભલા માણસોને ભોંય ભેગા કરી નાંખવાનું અપૂર્વ બળ અને સામર્થ્ય હોવા છતાં ગોવાળીયા જેવો અદનો માણસ ભગવાનના કાનમાં ખીલા ઠોકે છે. છતાંય તેઓ ધ્યાનથી જરાય ચલાયમાન થતા નથી પણ અચળ અને અડગ ઉભા રહે છે. બુરું કરનાર વ્યક્તિ ઉપર ઉપસર્ગ કરનાર દેવ-દાનવ કે માનવ ઉપર એમને જરાય રોષ કે દ્વેષ થતો નથી પણ એ કરુણાના સાગર ક્ષમાના ભંડાર પ્રભુ મહાવીર એમની પણ દયા ચિંતવે છે કે, એ બિચારાનું શું થશે? ગમે તેવા રાગદ્વેષ કે ક્રોધના પ્રસંગમાં રાગદ્વેષ કે રોષ સરખો કરતાં નથી. આ રીતે આત્મસાધનામાં અવિરત મસ્ત રહે છે. વચ્ચે વચ્ચે ઘોર અભિગ્રહો અને વિવિધિ પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરે છે. અનેકવિધ કપરી કસોટીમાંથી પસાર થાય છે. વાત પણ સાચી જ છે કે સુવર્ણ જેમ જેમ અગ્નિમાં તપે છે, તેમ તેમ એ વધુ ને વધુ તેજોમય બને છે. ચંડકોશિક જેવો દૃષ્ટિવિષ સર્પ પ્રભુનાં ચરણે ડંખ દે છે. છતાં ભગવાન અપૂર્વ સમતાભાવ રાખી એને પણ 'બુજઝ બુજઝ ચંડકોસિઆ' કહી મીઠા શબ્દોથી ઉપદેશામૃતનું પાન કરાવી દુર્ગતિમાં પડતાને બચાવી લે છે. અપકાર ઉપર ઉપકાર કરવો એ અતીવ કઠીન કાર્ય છે. પ્રભુની કેવી અનુપમ કરુણા, કેવો સુંદર દયાભાવ અને કેવો ગજબ સમતા ભાવ! આ પ્રમાણે ભગવાન રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓ ઉપર વિજય મેળવે છે. રૂપે રૂપાળી અપ્સરાઓ નૃત્યગાન કરતી. ભોગવિલાસની પ્રાર્થના કરે છે. વિવિધ વિભ્રમ-વિલાસ-કામ-ક્રીડા અને હાવભાવ આદિ ચેષ્ટા કરે છે. છતાંય લેશ પણ એમના ઉપર રાગ થતો નથી કોઈ તેમને ઉપદ્રવ કે ઉપસર્ગ કરે તેના પર જરાય રોષ કે દ્વેષ દાખવતા નથી કોઈ સ્તુતિ પૂજા કે ગુણગાન કરે તોય તેના પર રાગ કરતા નથી. કોઈ સુથારની વાંસીવડે એમના શરીરના કકડે કકડા કરી નાંખવા તૈયાર થાય તોય તેના ઉપર લેશ પણ દ્વેષ કરતા નથી. મતલબ શત્રુ મિત્ર ઉપર કંચન લોષ્ઠ ઉપર મણિમુક્તાફળ અને ઉપલ ઉપર સર્વત્ર સમભાવ દાખવે છે. આ રીતે સાડાબાર વર્ષો સુધી પરીષહો અને ઉપસર્ગોને સમતાપૂર્વક સહન કરીને તેઓ આવી ઉગ્ર સાધના વડે પરમાત્મ-દશાને પામે છે કેવળજ્ઞાન અને કેવળદર્શન વરે છે. યાને પ્રભુ સર્વજ્ઞ સર્વદર્શી અને સર્વ શક્તિમાન બને છે. તાત્પર્ય કે તેઓ દેહધારી પરમાત્મા બને છે.

(ક્રમશ:)

Telephone : 26-3850

Jayantkumar Jagjivandas

FANCY. CLOTH MERCHANTS

26-28 Vithal Wadi.

BOMBAY-2.

# વહેતાં ઝરણાં

શ્રી રાજેશ

('કલ્યાણ' માટે ખાસ)

માનવજીવનમાં માનવતાના મંગળતત્ત્વો પરોપકાર, સજ્જનતા, દયાર્દ્રતા, ખેલદિલી, સહૃદયતા ઈત્યાદિનું નિરૂપણ કરનારા જીવન પ્રસંગો જે આપણી આસપાસમાં બની રહ્યા છે, તેને લેખકશ્રી પોતાની શૈલીમાં અહિં ગૂંથીને રજૂ કરે છે. 'કલ્યાણ' પ્રત્યે આત્મીયભાવે રજૂ થતા આ પ્રસંગો સહુ કોઈ વાંચે વિચારે ને પ્રેરણા પ્રાપ્ત કરે !

⊙

## ૧ અબુધ વૃદ્ધનો પશુ પ્રેમ

અષાઢ મહિનો બેસતાં જ ધોધમાર વરસાદ ચાલુ થઇ ગયો. અષાઢની શરૂઆતમાં જ પૃથ્વી જળ બંબાકાર બની ગઇ. જ્યાં નજર કરો ત્યાં પાણી જ પાણી...અમારે હજુ ત્રીસેક માઇલ કાપવાના હતા. બોરજાથી નડીયાદ આવ્યા વર્ષાદ ધોધમાર ચાલુ થયો. બે દિવસ ત્યાં રોકાઇ જવું પડયું...જરા ઉઘાડ થતાં જ અમારો કાર્યક્રમ આગળ વધ્યો.

ડામરની સડક સિવાય બધી જ જગ્યાઓ પાણીથી ભરેલી હતી. ડામરરોડની ચારે બાજુ પાણીનાં મોઝાં ઉછળતાં ઉછળતાં સાગર તરંગોનું ભાન સ્પષ્ટ કરાવી દેતાં હતાં...મોટા મોટા કાળા ભોરીંગ, વીછું, સાપ, નોળીયા, વગેરે સૂકી જમીનમાં આશરે આવેલા. પણ એ બધાં પ્રાણીઓ તો જનતાની સુખ સગવડતા ખાતર એસ ટી. ની બસની નીચે આહુતિ આપી પ્રાણ વિહોણાં બની ગયાં હતાં. અમે સડક ઉપર ચાલતા હતા, પણ આ કરુણ દૃશ્ય કાળજાને કંપાવી દેતું હતું. અમારાં હૈયાં હચમચી જતાં. જીવનની અસ્થિરતાનું સાચુ જ્ઞાન આવી જ કોઇ પળે માનવને અનાયાસે મળી જાય છે.

અમે આગળ વધતા હતા. માથે કાળાં વાદળાં ફરી રહ્યાં હતાં. વર્ષાનો ભય હજુ પણ શમ્યો ન હતો...સડક પર સંખ્યાબંધ પ્રાણીઓનાં મુડદાં જોઈ આંખે તમ્મર આવતાં હતાં. છતાં આગળ વધવા સિવાય ઉપાય ન હતો.

થોડા દૂર ગયા હોઇશું ત્યાં તો એક વણઝાર અમારી નજરે દેખાણી. બે ચાર કુટુંબો, બે ચાર ગધેડાં-કુતરાં ડઝનેક નાનાં મોટાં છોકરાં હતાં... તેમના વેષ પરથી જણાતું હતું કે એ પણ વર્ષાદનો ભોગ બન્યા હશે ..

વર્ષાદનો ભય તો માથે તોળાઇ જ રહ્યો હતો. વણઝારમાંથી એક ભાઇ મારી પાસે આવી કહેવા લાગ્યા....

'આવા વરસાદમાં તમારે શા દઃખે ચાલવું પડયુ ?

'અમારે બોરસદ જવું છે અણધાર્યો વચ્ચે વરસાદ થઇ ગયો...નડીયાદ બે દિવસ રોકાણા પણ હવે કાલે સવારે બોરસદ પહોંચ્યા સિવાય છૂટકો જ નથી...' મેં જવાબ આપ્યો.'

'હા ભાઇ હા ! અમે પણ ધાર્યું'તું. રસ્તામાં અમને પણ વરસાદ ભેટી ગયો. રાત્રે બાર વાગ્યા ત્યાં સુધી અમે ઘૂટણભર પાણીમાં ચાલ ચાલ કર્યું... ઘણી વખત સાપોલીયાં પગ નીચેથી પસાર થઈ જતાં. પણ કોઈ સલામતી સ્થાન અમને ન જડયું.'

વણઝારા ભાઇની બોલવાની ઢબ એવી હતી કે હું સાભળી જ રહ્યો. પોતે વીતેલા દુઃખની દર્દભરી કહાણી એણે આગળ વધારી...

'અમે તો ઠીક...વગડો વેઠવો એ અમારો ધંધો પણ અમારી સાથે નાનાં નાનાં ગધેડાં કુતરાં એ પણ બિચારાં અમારા વાંકે દુઃખી થઇ રહ્યાં હતાં. એમનામાં

પણ જીવતો હતો જ ને ? આપણને જીભ છે. બોલી શકીએ છીએ. દુઃખ ગાઇ શકીએ છીએ. જ્યારે આ જીવો પોતાનું દુઃખ ક્યાં ગાઈ શકવાના હતાં ? ઉપરવાળો તો બધું જોઇ રહ્યો છે. જો એ બધાને દુઃખી કરીએ તો આપણને પણ કદિ સુખ ન જ મળે. અમને અમારા કરતાં આ પશુઓનું, નાનાં બાળકોનું ઘણું દુઃખ થતું હતું...ભૂખે અને તરસે મારગ કાપે જતા હતા...અચાનક પાછળ જોયું તો એક અમારૂં પાળેલું કુતરૂં નીચે બેસી ગયું હતું...એને બોલાવ્યું પણ એ ઉઠે જ નહિ...પાસે જઇને જોતાં જ લાગ્યું કે કુતરાને કંઇ ઝેરી જાનવર કરડી ગયું છે. કુતરૂં છેલ્લો શ્વાસ..., બોલતાં બોલતાં વૃદ્ધની આંખમાં આસું આવી ગયાં.

વૃદ્ધનો પશુપ્રેમ જોઇ હું પુલકિત બની ગયો.

'પછી તો અમે આખી રાત ત્યાં જ પાસે ઝાડીમાં બેસી રહ્યાં. અમારાં કાંબળા ધાબળા વગેરે ભીંજાઇ ગયેલો સામાન સૂકવ્યો. તાપણી કરીને અમે આખી રાત ભીની આંખે વીતાવી...અમે કોઇ સૂતા નહિ. કારણ અમારો એક સાથીદાર અમે ગુમાવ્યો હતો.'

મ્યુનિસીપાલિટી તરફથી જ્યારે કુતરાંને મારવાનો હુકમ થાય છે ત્યારે પેલો વણઝારો યાદ આવ્યા વિના રહેતો નથી...સંસ્કારી કોને ગણવા ? એજ પ્રશ્ન છે...ભણી ગણી ડીગ્રીઓ મેળવનારાઓ જાતેજ કતલ કારખાનાંની પ્રેરણાદાતા બની રહ્યા હતા... ક્યાં ગયો ભારતનો અમૂલ્ય અહિંસક વારસો !

અબોધ વણઝારો પણ પોતાનામાં જીવ છે એવો બીજામાં માનવા તૈયાર હોય ને એમ માનીને એ પ્રમાણે વર્તવા તૈયાર થાય ત્યારે મોટાં ટાઇટલો લઇ જગત સમક્ષ ઉભેલા હૃદય વિહોણા માનવો માનવ-હિતના કહેવાતા નામે હિંસક પ્રચાર કરનારાઓ આ બધાયને શું કહેવું ? કયા શબ્દોમાં નવાજવા એ જ ખબર પડતી નથી.

માનવને આબાદ રાખવા ઈંડા, મત્સ્ય વગેરેનું ઉત્પાદન વધારી માનવને દાનવતાનો પાઠ જ ભણાવાઇ રહ્યો છે.

વણઝારાની નાની સીધી સાદી વાત પણ જિંદગીભર યાદ રહી જાય છે બીજા જીવો પણ આપણા જેવા જ છે એ વાત જો હૈયે વસી જાય તો જરૂર આપણું કલ્યાણ થઇ જાય.

## ૨ : ભિખારીની સહૃદયતા.

ભરૂચ ગામમાં તા. ૮-૧-૬૨ના રોજ બનેલી આ ઘટના છે. ભરૂચના રેલ્વે સ્ટેશન પર એક ભિખારી પોતાને ભીખમાં આવેલ એક આનીનો એક પાઉં ખરીદી ખાવાની તૈયારીમાં જ હતો તેટલામાં જ બીજો ભિખારી બેહાલ સ્થિતિમાં તેની પાસે આવ્યો. હાથ જોડીને પેલા ભિખારીને કહ્યું, ભાઇ આખા દિવસમાં અનાજ પેટમાં પડયું નથી, ભૂખે રહેવાતું નથી, ગામમાં ફરવા છતાં આજે કશું જ મળ્યું પણ નથી. આવનાર ભિખારીની વાત સાંભળી પેલો ભિખારી પાઉં ખાતો અટકી ગયો. તેના મનમાં મુઝવણ થવા લાગી કે, 'મારો એક બંધુ ભૂખે પેટે મારી સામે જોઇ રહે અને હું જો ખાઉં તો ખરેખર ભગવાનનો ગુનેગાર ગણાઉં. પેટ તો પાછળ પડયું છે, તો એને તો કાયમી પોષવાનું જ છે પણ આવો અવસર ક્યાં મળવાનો હતો ?' તરત જ ભિખારીએ પોતે ભૂખ્યા રહી પેલા ભિખારીને ખાવાનું આપી દીધું...નજરે જોનારા ભિખારીની આ સહકાર-ભાવના જોઇ તાજુબ બની ગયા.

## ૩ : ભૂખ્યા બાળકની પ્રમાણિકતા.

રસ્તામાં એક બાળક દયનીય દશામાં ઉભા આવતા જતાનું મુખ દીનવદને જોઇ રહ્યો હતો. નાનપણથી માતા-પિતા મૃત્યુ પામ્યા હતા. રહેવા ઘર ન હતું. પહેરવા કપડાં ન હતાં. સગાંસબંધીની હુંફ તો હોય જ શાની ? સવારથી કશું ખાધું ન હતું. રાહદારીઓ પાસે તો ફક્ત એક જ આની માંગી રહ્યો હતો એક આનીમાં પોતાના પેટની આગ બુઝાવી શકે તેમ હતો. છેવટે એક દયાલુ વ્યક્તિ મળી. એની પાસે એક આનો છુટો ન હતો ચારઆની બાળકના હાથમાં મૂકી કહ્યું; 'જા ! દુકાનમાંથી છુટા લઈ આવ એક આની રાખી ત્રણ પાછી આપજે.'

બાળક ગયો તે ગયો જ, શેઠ થોડી વાર થોભ્યા પછી ચાલતી પકડી. પેલો બાળક ત્યાં આવી જુએ છે તો શેઠ હતાજ નહિ, રસ્તાની ટ્રાફીકના કારણે આવતાં એને વાર લાગી હતી. ત્રણ આની પાછી આપવા શેઠની તપાસ કરી પણ નિષ્ફળ! છેવટે બાળકે નિર્ણય કર્યો કે, 'જ્યારે શેઠ મળશે ત્યારે તેમને હું પૈસા આપી દઇશ.' એકઆની વાપરી ત્રણ આના એમને એમ જ રાખ્યા. લગભગ મહિનો વીતી ગયો કોઇ વખત ખાવા ન મળે તો ચલાવી લેતો પણ પારકી મૂડી ન વાપરવાના નિયમમાંથી તે કદી ન ડગતો. એક વખત અચાનક પેલા ભાઇ મળી ગયા. તેમના હાથમાં ત્રણઆની મૂકતાં બાળક બોલ્યો; શેઠજી! મારા આવવામાં વાર લાગી તેથી તમે તો અહીંથી રવાના થયા. લ્યો આ તમારા બાકીના ત્રણ આના.' બાળકની પ્રમાણિકતા ઉપર શેઠ ખૂબજ વિચારમગ્ન બની ગયા તેની દીન હીન સ્થિતિની જાણ થતાંજ તે દિવસથી તેને નોકરીમાં રાખી લીધો.

## ૪ : પાડોશીની ખેલદીલી

એપ્રીલ માસના દિવસોમાં દિલ્હીના એક ગરીબ લતામાં અચાનક આગ લાગી. આગ આગળ વધી હતી નિરાધાર ગરીબ કુટુંબો બેબાકળા બની ગયા હતા. એવામાં પડોશમાં રહેતી એક બહેન પોતાના પાડોશીને ઘેર આગ લાગતાં જોઇ તરતજ તે મહિલા ત્યાં દોડી ગઇ ઘરમાંથી માલ સામાન કાઢી બહાર ફેંકવા માંડી, આગ તો આગળ વધે જતી હતી. પાડોશીની ઘરવખરી બચાવનાર અબલાનું ઘર બળી રહેલાના સમાચાર એના કાને પડયા પણ એની એના પર કશીજ અસર ન પડી. તે તો પાડોશી ઘરમાંથી આગમાં ભરખાતા સામાનને બચાવી રહી હતી. બહેન પગે દાઝી. એનો ચોટલો પણ ભસ્મસાત્ થઇ ગયો છતાંય એ કશાની એને પરવા ન હતી. તે વીર બાળાએ પાડોશીના ઘરનો તમામ સામાન આગમાં બળતો ઉગારી લીધો હતો. ઘરના માલિકે ગળગળા સાદે કહ્યું. 'બહેન! તમારૂં ઘર બળી ગયું છે તેની પરવા વિના તમે મારૂં ઘર બચાવવા કેમ આવ્યાં.' વીર મહિલાએ હસતાં હસતાં જવાબ વાળ્યો; 'ભાઇ! તમારૂં કુટુંબ મોટું અને ઉપર તમારી દીકરીનાં લગ્ન માટે થઈ પૈસો બચાવી સામાન એકઠો કરેલો તે જો હું ન બચાવું તો તમારી હોંશ ઉપર પાણી ફરી જાય જ્યારે અમારે બાળ બચ્ચાં વગેરે છે નહિ. ઘર સામાન પણ ઘણો નથી. એ બળી ગયું પણ પાડોશીના સામાનને બચાવ્યાનો મને ઘણોજ આનંદ છે.' પાડોશી ધર્મ બજાવનાર વીર મહિલાને બધા ભાવથી વંદી રહ્યા.


GRAM : "FIXRATE"

**Jayant Auto Stores**

—: EXPORTERS AND IMPORTS :—

Dealers in

MOTOR SPARE PARTS,
ACCESSORIES,
HARDWARE, BOLTS,
NUTS, BEARINGS,

20, BENHAM HALL LANE.
**Bombay-4**

Phone:- 331384

For

**BHARAT 999 MANTLES**
**&**
**CHESTER STOVES**

Visit

**BHARAT LIGHT HOUSE**

24, GODIJI BUILDING
PYDHONIE,
**BOMBAY-3**

# જૈન ભૂગોળ

**શ્રી રમણલાલ બબાભાઈ શાહ-અમદાવાદ.**

'જૈન ભૂગોળ' વિષેની લેખમાળાનો ત્રીજો હપ્તો અહિં પ્રસિદ્ધ થાય છે. જૈન શાસ્ત્રની દૃષ્ટિયે જગતને જાણવા-સમજવા આ લેખમાળા સહુ કોઇને રસપૂર્વક વાંચવા-વિચારવા અમારો વિનમ્ર આગ્રહ છે.

## ૩ : જંબૂદ્વીપનું વર્ણન

તિર્છાલોકની મધ્યમાં રહેલ જંબૂદ્વીપ એક લાખ યોજન વિસ્તારવાળો હોવાથી તેની પરિધિ ૩,૧૬૨,૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય, ૧૩ાા આંગળ, ૫ જવ, અને ૧ જૂ* જેટલી થાય છે. તેનું ક્ષેત્રફળ ૭૯૦,૫૬,૯૪૧૫૦ યોજન, ૧ાાા ગાઉ, ૧૫ ધનુષ્ય અને ૨ાા હાથ જેટલું છે.

આ જંબૂદ્વીપને ફરતો ચારે બાજુ (જંબૂદ્વીપ અને લવણ સમુદ્રની વચ્ચે) કોટ આવેલો છે. જેને શાસ્ત્રમાં જગતી કહેવાય છે. એ કોટ ૮ યોજન ઉંચો છે. એની મૂળમાં (ભૂમિ આગળ) પહોળાઇ ૧૨ યોજન છે. તથા ઉપર ૪ યોજન પહોળાઈ છે. એટલે કે નીચેથી વિસ્તૃત અને ઉપર જતાં સાંકડો આકાર છે. આ જગતીનો વિસ્તાર જંબૂદ્વીપમાં જ ગણાય છે. જગતીની બહાર ચારે બાજુ ફરતો લવણ સમુદ્ર છે.

આ જંબૂદ્વીપમાં કુલ ૬ મોટા પર્વતો છે. જેને વર્ષધર પર્વત કહેવાય છે. તથા ૭ મોટાં ક્ષેત્રો આવેલાં છે. બધા પર્વતો તથા ક્ષેત્રો પૂર્વ-પશ્ચિમ લાંબા છે. અને ઉત્તર-દક્ષિણ પહોળા છે. તથા ક્ષેત્ર પછી પર્વત, પછી ક્ષેત્ર પછી પર્વત એમ ક્રમશઃ છે. દક્ષિણથી ઉત્તરે જઇએ તો પહેલાં ભરતક્ષેત્ર આવે. પછી લઘુહિમવંત પર્વત આવે. ત્યાર પછી હિમવંત ક્ષેત્ર આવે. ત્યાર પછી મહાહિમવંત પર્વત આવે. તેની ઉત્તરે હરિવર્ષ ક્ષેત્ર આવે. ત્યાર પછી નિષધ પર્વત, મહાવિદેહ ક્ષેત્ર, નીલવંત પર્વત, રમ્યક ક્ષેત્ર, રુકિમ પર્વત, હિરણ્યવંત ક્ષેત્ર, શિખરિ પર્વત, અને ઐરવત ક્ષેત્ર એમ ક્રમશઃ ક્ષેત્રો તથા પર્વતો આવેલા છે. આમાં ભરતક્ષેત્રની દક્ષિણથી ઉત્તરની પહોળાઇ ૫૨૬ યોજન ૬ કળા થાય છે. તેમજ તેની ઉત્તરે આવેલા હિમવંત પર્વતની ૧૦૫૨ યોજન ૧૨ કળા થાય છે. તેની ઉત્તરે હિમવંત ક્ષેત્રની ૨૧૦૫ યોજન ૫ કળા છે. એમ મહાવિદેહ ક્ષેત્ર સુધી ઉત્તરોત્તર ડબલ ડબલ પહોળાઈ છે. ત્યાર પછી ઉત્તરોત્તર અડધી અડધી પહોળાઇ છે. યાવત્ ઐરવત ક્ષેત્રની પહોળાઇ ૫૨૬ યોજન ૬ કળા થાય છે. આમ કુલ જંબૂદ્વીપના ૧ લાખ યોજન ઐરવત ક્ષેત્રે પૂરા થાય છે. અને તેની ઉત્તરમાં લવણ સમુદ્ર આવે છે. પર્વતો તથા ક્ષેત્રોની પહોળાઈનું કોષ્ટક :-

| | યોજન | કળા |
|---|---|---|
| ભરતક્ષેત્ર | ૫૨૬ | ૬ |
| હિમવંત પર્વત | ૧૦૫૨ | ૧૨ |
| હિમવંત ક્ષેત્ર | ૨૧૦૫ | ૫ |
| મહાહિમવંત પર્વત | ૪૨૧૦ | ૧૦ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૮૪૨૧ | ૧ |
| નિષધ પર્વત | ૧૬૮૪૨ | ૨ |
| મહા | ૩૩૬૮૪ | ૪ |
| નીલવંત પર્વત | ૧૬૮૪૨ | ૨ |
| રમ્યક ક્ષેત્ર | ૮૪૨૧ | ૧ |
| રુકિમ પર્વત | ૪૨૧૦ | ૧૦ |
| હિરણ્યવંત ક્ષેત્ર | ૨૧૦૫ | ૫ |
| શિખરી પર્વત | ૧૦૫૨ | ૧૨ |
| ઐરવત ક્ષેત્ર | ૫૨૬ | ૬ |
| કુલ જંબૂદ્વીપ ઉત્તર-દક્ષિણ | ૧૦,૦૦૦૦ | ૦ |

* ૮ જૂ=૧ યવ — ૪ હાથ=૧ ધનુષ્ય
૮ યવ=૧ અંગુલ — ૨૦૦૦ ધનુષ્ય=૧ ગાઉ
૨૪ અંગુલ=૧ હાથ — ૪ ગાઉ=૧ યોજન

૧૯ કળા=૧ યોજન ૧ કળા=૧/૧૯ યોજન

જંબૂદ્વીપનો વિસ્તાર ઉત્તર-દક્ષિણ ૧ લાખ યોજન હોવાથી દરેક ક્ષેત્રની પહોળાઇ પણ મધ્યમાં ઉપર પ્રમાણે આવે. બન્ને બાજુમાં (પૂર્વ-પશ્ચિમ તરફ) ઓછી આવે.

## મેરુ પર્વત

મહાવિદેહ ક્ષેત્રની મધ્યમાં મેરૂ પર્વત આવેલો છે. તે જંબૂદ્વીપની બરાબર મધ્યમાં આવેલો છે. કુલ ૧ લાખ યોજન ઉંચો છે. તેમાંથી ૧ હજાર યોજન જમીનમાં છે. જમીનની બહાર કુલ ૯૯ હજાર યોજન ઉંચો છે. તેની પહોળાઈ જમીન ઉપર ભૂમિના સ્થાને ૧૦ હજાર યોજન છે. સૌથી ઉપર ૧ હજાર યોજન છે. તથા જમીનની અંદર મૂળ ભાગમાં ૧૦૦૯૦ ૧૦/૧૧ યોજન છે. આ મેરૂ પર્વત કુલ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. જમીનથી ૫૦૦ યોજન ઉંચે જતાં ચારે બાજુ ૫૦૦ યોજન વિસ્તારવાળું 'નંદનવન' નામનું વન છે. વળી ૬૨૫૦૦ યોજન ત્યાંથી ઉપર જતાં 'સૌમનસ' નામનું બીજું વન નંદનવન જેટલા જ વિસ્તારવાળું છે અને અહિંથી બાકીના ૩૬૦૦૦ યોજન ઉપર જઇએ ત્યારે મેરૂ પર્વતનો ઉપરનો ભાગ આવે છે. જે ૧૦૦૦ યોજન પહોળો છે અને એનું નામ "પાંડુકવન" છે. તેની મધ્યમાં ૧૨ યોજન મૂળમાં વિસ્તારવાળી, ૪ યોજન ઉપર વિસ્તારવાળી, એવી ૪૦ યોજન ઊંચી ચૂલિકા છે. આ ચૂલિકાની ચારે બાજુ ચાર દિશામાં ચાર દેરાસરો (દરેક દિશામાં એક એક) છે. અને દરેક દેરાસરની બહાર અર્ધચંદ્રના આકારવાળી શ્વેતસુવર્ણની શિલાઓ છે. આ ચાર શિલાઓમાં ઉત્તર-દક્ષિણની શિલા ઉપર એક એક તથા પૂર્વ-પશ્ચિમની શિલા ઉપર બે બે સિંહાસનો છે. આ સિંહાસનો ઉપર જિનેશ્વર ભગવંતનો જન્માભિષેક કરવામાં આવે છે. તેમાં ભરતક્ષેત્રમાં જન્મેલા તીર્થંકર ભગવંતનો જન્માભિષેક દક્ષિણ-દિશાની શિલા ઉપરના સિંહાસન ઉપર થાય છે. જ્યારે ઐરવત ક્ષેત્રના ભગવાનનો જન્માભિષેક ઉત્તર દિશાની શિલા ઉપરના સિંહાસન ઉપર કરવામાં આવે છે. પૂર્વ-પશ્ચિમ દિશાની શિલાઓના સિંહાસન ઉપર પૂર્વ-પશ્ચિમ મહાવિદેહમાં જન્મેલા તીર્થંકરોના ક્રમશઃ જન્માભિષેક થાય છે.

## ભરત ક્ષેત્ર

જંબૂદ્વીપની દક્ષિણે ભરત ક્ષેત્ર આવેલ છે. તેનું વર્ણન હવે શરૂ કરીએ છીએ. આ ભરત ક્ષેત્રનો આકાર બીજના ચંદ્ર જેવો અથવા દોરી ચઢાવેલ ધનુષ્યના જેવો છે. ભરત ક્ષેત્રનું પ્રમાણ ઉત્તર-દક્ષિણ ૫૨૬ યોજન ૬ કળા છે. તેની ત્રણે બાજુ સમુદ્ર આવેલો છે. ઉત્તર દિશાએ લઘુહિમવંત પર્વત આવેલો છે. ભરત ક્ષેત્ર ધનુષ્યાકારે હોવાથી તેની પહોળાઈ ૫૨૬ યો. ૬ કળા છે તે ભરત ક્ષેત્રના મધ્યભાગે સમજવી. તેવી જ રીતે લંબાઇ પૂર્વ-પશ્ચિમ છેક ઉત્તરે લઘુહિમવંત પર્વત પાસે ૧૪૪૭૧ યો. ૫ કળા છે. આ લંબાઇને શાસ્ત્રમાં "જીવા" શબ્દથી ઓળખવામાં આવે છે. જીવા એટલે ધનુષ્યની દોરી. ધનુષ્યમાં જેમ દોરીસ્થાને લંબાઇ સૌથી વધારે છે તેમ ભરત ક્ષેત્રમાં પણ ઉત્તરમાં લઘુહિમવંત પર્વતની સરહદે સૌથી વધારે લંબાઈ છે અને તે જીવા કહેવાય છે. આ લંબાઇ પૂર્વ-પશ્ચિમ તરફ ગણાય છે.

ભરત ક્ષેત્રના પૂર્વ છેડાથી દક્ષિણ દિશાએ પશ્ચિમ છેડા સુધી સમુદ્રને અડીને રહેલ ઘેરાવાને ધનુઃપૃષ્ઠ કહેવામાં આવે છે. તેનું પ્રમાણ ૧૪૫૨૮ યો. ૧૧ કળા થાય છે. અર્થાત્ ભરત ક્ષેત્રના કિનારે કિનારે આપણે ચાલીએ તો પૂર્વદિશામાં લઘુહિમવંત પર્વતના અંત પછી ભરત ક્ષેત્રની શરૂઆત થાય છે. ત્યાંથી પશ્ચિમ દિશાએ ભરતના અંત સુધી આવતાં ૧૪૫૨૮ યો. ૧૧ કળા થાય છે. ભરત ક્ષેત્રનું કુલ ક્ષેત્રફળ ૫૩,૮૦૬૮૧ યો. ૧૭ કળા અને ૧૭ વિકળા છે. એટલે ભરત ક્ષેત્રમાં યોજન યોજન પ્રમાણના સમચોરસ ટુકડા કરીએ તો ૫૩,૮૦૬૮૧ ટુકડા થાય અને કાંઇક થોડું વધે.

## વૈતાઢ્ય

ભરતક્ષેત્રની મધ્યમાં પૂર્વ-પશ્ચિમ લંબાઈવાળો, ઉત્તર-દક્ષિણ ૫૦ યોજન પહોળાઈવાળો વૈતાઢ્ય

# ત્રૈલોક્ય પ્રદીપ

**શ્રી મફતલાલ સંઘવી**

અચિંત્ય પ્રભાવશાલી શ્રી નવકાર મહામંત્રના મહિમાને ગાતો આ લેખ પ્રત્યેક વાચકને શ્રી નવકાર મંત્રનો પ્રભાવ હૃદયમાં સ્થાપિત કરે છે.

નમસ્કાર છે જીવનસાર.
તિરસ્કાર ત્યાં ભવથી પ્યાર.

પ્રભુજીને નમવાની આંતરિક લગની, માનવ-જીવનને ઉજ્જવળ, શાંત, પવિત્ર અને વ્યાપક બનાવે છે.

અને જગતના કોઇ એક પણ જીવના તિરસ્કારની વૃત્તિ વડે પકડાવાથી, ભવની ભયાનક પકડમાં આવી જવાય છે.

જીવના જીવત્વનો તિરસ્કાર કરવો એ જીવનો સ્વભાવ નથી, પરંતુ કર્મના પ્રભાવ નીચે આવી જવાથી એ પ્રકારના તિરસ્કારમાં આપણે ફસાઈ પડીએ છીએ.

નમસ્કાર દ્વારા આપણા જીવનમાં સદ્‌ભાવનો જે પવિત્ર પ્રવાહ ગતિમાન બને છે તે આપણને વ્યક્તિવિશેષના રાગ તેમજ દ્વેષના બંધનમાંથી ઉગારી લે છે અને આત્માના ગુણોના પક્ષકાર બનાવે છે.

ગુણનો પક્ષ, પક્ષકારને ગુણવાન બનાવે છે.

ગુણનો પક્ષ કરવાની મૌલિક પાત્રતા, શ્રી નવકારની ભાવપૂર્વકની ભક્તિ દ્વારા ખીલે છે.

પંચ નમસ્કાર દ્વારા આત્માના ગુણોની અનુમોદના થાય છે તે આપણે જાણીએ છીએ, પરંતુ તે અનુમોદનામાં રહેલી અચિન્ત્ય શક્તિની બહુ જ ઓછી સમજ આપણને હોય છે.

ઉપકારી ભગવંતો ફરમાવે છે કે, 'તારાથી ન થઈ શકે તે કાર્યનો ભાર તું અનુમોદનાને સોંપી દે.'

ઉપરનો ઉપદેશ અનુમોદનાના અમાપ બળ સંબંધી મનનીય સ્પષ્ટતા કરે છે.

અનુમોદનાની અચિન્ત્ય શક્તિનો મર્મ જેમને હૃદયગત થાય છે. તે પુણ્યાત્માઓ જગતના કોઇ પણ જીવના અહિતના વિચારમાં ડગ ભરતાં જોરદાર આંચકો અનુભવે છે. તેમજ સર્વના હિતની વૃત્તિ તેમજ પ્રવૃત્તિના અવસરમાં હોંસે-હોંસે ભાગીદાર બની જાય છે.

મોહનિદ્રાનું નિવારણ કરનારૂં સર્વોચ્ચ સંગીત શ્રી નવકારના અક્ષરોના જાપમાંથી જન્મતા આંદોલનોની સૂરાવલિમાંથી સાકાર બને છે.

---

નામનો ટચકો છે. જે ભરત ક્ષેત્રને બે વિભાગમાં વહેંચે છે. વૈતાઢયની ઉત્તરે આવેલા ભરત ક્ષેત્રને ઉત્તર ભરત કહેવાય છે. તથા દક્ષિણે આવેલા ભરત ક્ષેત્રને દક્ષિણ ભરત કહેવાય છે. ભરત ક્ષેત્રની કુલ પહોળાઈ બાદ કરી બાકીનાને અર્ધ કરતાં ૨૩૮ યો. ૩ કળા પ્રમાણ થાય છે. ઉત્તર ભરત અને દક્ષિણ ભરત બંનેની ઉત્તર-દક્ષિણ પહોળાઈ સમાન છે. આમ ભરત ક્ષેત્રના બે ભાગ થાય છે. તેમાં ઉત્તરાર્ધ ભરતની પૂર્વ-પશ્ચિમ લંબાઇ ૧૪૪૭૧ યો. ૫ કળા છે અને ઉત્તર-દક્ષિણ પહોળાઈ ૨૩૮ યો. ૩ કળા છે. ઉત્તરાર્ધ ભરતનું કુલ ક્ષેત્રફળ ૩૦,૩૨૮૮૯ યો. ૧૨ કળા છે.

દક્ષિણ ભરતની પૂર્વ-પશ્ચિમ લંબાઇ ઉત્તરમાં વૈતાઢય આગળ ૯૭૪૮ યો. ૧૨ કળા પ્રમાણ છે. તથા ઉત્તર-દક્ષિણ પહોળાઇ મધ્યમાં ૨૩૮ યો. ૩ કળા છે. કુલ ક્ષેત્રફળ ૧૮,૩૫૪૮૫ યોજન ૧૨ કળા થાય છે.

ભરત ક્ષેત્રમાં કુલ ૬ ખંડ છે. તેમાં ઉત્તરભરતમાં ૩ ખંડ છે તથા દક્ષિણ ભરતમાં ૩ ખંડ છે. આ ખંડ ગંગા અને સિંધુ નદીના કારણે જુદા પડે છે તે હવે પછી. (ક્રમશઃ)

અ-નિદ્રાના રોગને દૂર કરવાની શ્રી નવકારની શક્તિ મહદંશે તેમાંથી આસ્તે આસ્તે સાકાર બનતા અને વાતાવરણને ભરી દેતા ઊંચા અને આધ્યાત્મિકભાવથી ઓતપ્રોત સંગીતને આભારી હોવાનું સમજાય છે.

શ્રી નવકારના પ્રત્યેક અક્ષરમાં રહેલી આગવી વિશિષ્ટ શક્તિ, ચાવી લાગુ પડતાં તાળું ઉઘડે છે તેમ આત્માના આવરાયેલા ગુણોને ખૂલ્લા કરે છે.

ઘણા વર્ષોથી બંધ રહેતા તાળાની ચાવી મળી જાય છે તો પણ તે તાળું તેને લાગેલા કાટને કારણે એકાએક ઉઘડતું નથી, તેમ પાછલા અબજો વર્ષો દરમ્યાન આપણા આત્મપ્રદેશોમાં જે કર્મરજ એકઠી થઇ છે. તે બધી શ્રી નવકારરૂપી ચાવી લાગુ પડવા છતાં એકાએક સાફ ન થઈ શકે તે સમજી શકાય તેવી હકીકત છે.

તાળા ઉપરના કાટને કેરોસીન આદિ વડે ભીંજવીને દૂર કરવાથી ચાવી તેમાં ફરતી થાય છે તેમ આત્મા ઉપરના કર્મમળને ઉખેડવા માટે તેના ઉપર મૈત્રાદિ ભાવનાઓના અમૃતનું સતત સિંચન આપણે કરવું જોઇએ.

અમૃતસિંચનની આ ક્રિયા પછી શ્રી નવકાર અંદર લાગુ પડતો જાય છે એવું આપણને લાગવા માંડશે.

શ્રી નવકાર લાગુ પડે છે એટલે ત્રિભુવનપતિની તારક ભાવના અને આજ્ઞાના પાલન માટેનો આંતરિક ઉમળકો વધે છે, શાસનની પ્રભાવના માટે માનવસમય અને માનવશક્તિનો સદુપયોગ કરવાની તાલાવેલી જીવનમાં બરાબર જોર પકડે છે.

કડકડતા તેલમાં પાણીનું એક ટીપું પડી જાય છે તો પણ તેલ તે સહી શકતું નથી અને તેની સામે તે વિવિધ પ્રકારના અવાજો દ્વારા સખત વિરોધ વ્યક્ત કરે જ છે.

એ જ રીતે જેને શ્રી નવકાર લાગુ પડે છે તે પુણ્યાત્મા, પાપીમાં પાપી લેખાતા આત્માની નિંદા સાંભળીને જોરદાર આંચકો અનુભવે છે અને તે સ્થાન છોડીને બીજે ચાલ્યો જાય છે.

શ્રી નવકારનો એ સ્વભાવ છે કે જેના હૈયામાં તેનો વાસ થાય છે, તેના હૈયામાં શુભભાવની સુવાસ ફેલાય છે અને એ હૈયું માત્ર હૈયાસ્વરૂપે રહેવાને બદલે સુરભિવાસિત કમળની ઉપમાને લાયક ઠરે છે.

હૃદયના સિંહાસન ઉપર હોંસે-હોંસે રાગ-દ્વેષને બેસાડી દેવા કે બેસવા દેવા તે, તે સિંહાસનના ગૌરવને ઝાંખું પાડવા સમાન છે, એટલું જ નહિ પરંતુ આપણા હૃદયમાં પ્રધાનસ્થાને કોણ બિરાજી રહ્યું છે, તેનું પણ દ્યોતક છે.

શ્રી નવકારને ભજનારા હૈયામાં વિશ્વહિતનો મહાસાગર ઉમટતો હોય.

શ્રી નવકારને જપનારા ચિત્તમાંથી ઝરતી ચાંદની સ્વરૂપ સુધા હૃદયરૂપી સાગરને સતત ઉમટતો રાખતી હોય છે.

'નમો અરિહંતાણં' એટલું બોલતાની સાથે જેનું મોં ભરાઇ જાય, પ્રાણો હર્ષઘેલા બની જાય, રોમરાજી વિકસ્વર થાય, આખા શરીરમાં શાન્તિ ફેલાય એવા સાત્વિક આત્માઓ શ્રી નવકારને હૃદય સોંપી દેવામાં તેમજ એ હૃદયમાં રહેલા રાગ-દ્વેષાદિના વિષાણુઓને કાયમને માટે દેશવટો આપી દેવામાં કદી પણ અચકાતા નથી.

એવા મહાન આત્માઓના પણ આરાધ્ય એવા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનો જેમાં વાસ છે, એવ શ્રી નવકારને આપણા શ્વાસોચ્છ્વાસ સાથે તાલબદ્ધ રીતે ઘુંટવાની સાધના દ્વારા સ્વપરનું હિત સાધવાની દિશામાં આપણાં તન-મન-ધન વચન અને ભાવના સાર્થક થાઓ !

ત્રૈલોક્ય પ્રદીપ શ્રી નવકારનું તેજ આપણામાં રહેલા ભવના ભેજનું શોષણ કરો ! અને પરમાત્મભાવનું પોષણ કરો !

'સર્વ જીવો કર્મને વશ છે' માનીને કોઇના પણ પ્રત્યે દ્વેષ ભાવ નહિ રાખતા સમતાભાવે રહેજો ! ને રાગ-દ્વેષની પરિણતિને મંદ બનાવીને મધ્યસ્થ બનજો ! તો જ સુખી ને સ્વસ્થ રહી શકશો !

卐 બેંગાલ-બિહાર અને રાજસ્થાનની 卐

# તીર્થભૂમિઓની પુણ્યસ્પર્શના

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા એમ. એ. વડોદરા

શ્રી તીર્થંકર દેવોના કલ્યાણકોથી પવિત્ર થયેલ પૂર્વદેશનાં તીર્થો તથા ભવ્ય પ્રાચીન જિન-બિંબો તેમજ કલામય શિલ્પ સ્થાપત્યથી સમૃદ્ધ રાજસ્થાનના જિનમંદિરો ખરેખર દર્શન-વંદનથી આત્માને મહાન લાભ આપે છે. આ બધા તીર્થોની સ્પર્શના તાજેતરમાં કરીને આવેલા શ્રી સુંદરલાલભાઈ 'કલ્યાણ' પ્રત્યેના આત્મીયભાવથી પ્રેરાઇને 'કલ્યાણ' માટે એ તીર્થોનું વિહંગાવલોકન અહિં રજૂ કરે છે. લેખને વાંચનાર સર્વ કોઇ એ દ્વારા ભાવથી તીર્થની પુણ્યસ્પર્શનાનો અલભ્ય લાભ મેળવી શકે છે. 'કલ્યાણ' પ્રેમી સર્વ કોઇને વિનંતી છે કે, આવા યાત્રા પ્રવાસો 'કલ્યાણ' માટે અવસરે અમને જરૂર લખી મોકલે.

★

શ્રી તીર્થંકરદેવોનું તીર્થ એટલે જગતના ભવ્ય પ્રાણીઓને સંસારસાગર પાર ઉતરવાની નૌકા. શ્રીમદ્ તીર્થંકર દેવોની કલ્યાણક ભૂમિ એટલે સ્થાવર તીર્થ. સંસારથી બળ્યાઝળ્યાને આત્મશાંતિ અનુભવ કરવાને તીર્થ એ શાંતિનિકેતન.

શરીરને અશાતા છે. માથું દુઃખે છે બગીચામાં જઈ બેઠા. ચંપો, મોગરો, ગુલાબ મહેકી રહ્યા છે. શીતળ સુરભિપવન વહી રહ્યો છે. અશાતા ઉડી જાય છે. માથું તંદુરસ્ત બને છે. દીલ-દીમાક શાંત બને છે.

કલ્યાણક ભૂમિઓની સ્પર્શના આત્મામાં સ્પંદન ફેલાવે છે. શુભ ઉર્મિઓ ઉભી કરે છે. પવિત્ર ભૂમિના રજકણો આત્માની પાપરજ દૂર કરે છે. પુણ્યપરમાણુઓની પેદાશ થાય છે. કર્મનિર્જરાના ઝરણા વહે છે. આત્મા પાવન થાય છે. મોક્ષાભિમુખ બને છે.

અહિ તે તીર્થ ભૂમિઓનું મહાત્મ્ય વર્ણવવું નથી. તે તે કલ્યાણક પ્રસંગોનું દિગ્દર્શન આલેખવું નથી. મહાત્મ્ય તો અદ્ભુત અને અવર્ણનીય છે જ.

તે સ્થળોની સામાન્ય રૂપરેખા, સ્વચ્છતા, સગવડ, વ્યવસ્થા, જવા આવવાના સરળ સાધનો અને સમયનો અંદાજ, સાથે સાથે ઉડતા ગપાષ્ટકોનું પ્રમાર્જન, એ છે રજુઆતનું હાર્દ.

આજના ધમાલીયા જીવનમાં, સહજ સુખી મધ્યમવર્ગ પણ આ પરમપાવની, મહાકલ્યાણકરી, કલ્યાણક ભૂમિઓની સ્પર્શના-વંદના-પૂજનાથી વંચિત ન રહી જાય એ છે આ લેખનનું ધ્યેય.

## ૧ : કલકત્તા

પૂર્વ પ્રદેશમાં કલકત્તા ભારતનું મુખ્ય શહેર. મુંબઈની અપેક્ષાએ કાંઈક શાંત, ઓછી ધમાલયુક્ત ગણાય. બહારની વાડીએ બાબુશ્રીનું દેહેરાસરજી એટલે સ્વચ્છતાનો નમુનો. એનો પૂજારી પણ બગલાની પાંખ જેવો શ્વેત વસ્ત્રધારી. શ્રી શીતલનાથ ભગવાનની સોહામણી મૂર્તિ. મહા વિશાળ ચોક. અથથી તે ઇતિ સુધી, પાયાથી તે શીખર સુધી કપચીનું કળામય કામ. યાત્રિકોને ભાવનાતરબોળ બનવાનું ધામ. મુલાકતીઓને આશ્ચર્યમુગ્ધ બનાવતું કળાનિકેતન. સામે તેવું જ વિશાળ જિનમંદિર. સુરમ્ય અને ચારૂ. બાજુમાં પણ અદ્ભુત બિંબયુક્ત જિનગૃહ.

૯૬ નં. કેનીંગ સ્ટ્રીટનું, શાસનપતિ મહાવીર દેવનું, દર્શન-પૂજા-સ્નાત્રાદિથી સદા સજાગ, દેવવિમાન સમું દિવ્ય દેવાલય. ગુજરાતી ભાઇઓનો વિશેષ સમુદાય. ઉતરવાનું ધર્મશાળા જેવું સ્થાન. તુલાપટ્ટી આદિમાં પણ જિનગૃહો દર્શનીય.

## ૨ : શિખરજી

કલકત્તાથી મહાગિરિરાજ શિખરજી. વીશ તીર્થંકરપ્રભુની મોક્ષ કલ્યાણક ભૂમિ. આઠથી નવ કલાકનો પ્રવાસ. ઇસિરી અને ગીરડી બે સ્ટેશનો.

મધુપુરથી ગાડી બદલી અડધા કલાકમાં ગીરડી. ત્યાં દેવમંદિરના સ્ટેશન પર દર્શન. ટેક્સીમાં પાંચથી છ માણસ, (દશથી બાર રૂ.) શીખરજી–મધુવનમાં, એક કલાકમાં. રસ્તામાં ઋજુવાલિકા નદી. મહાવીર પ્રભુનું કેવળજ્ઞાન સ્થાન. નદી કાંઠે દેવમંદિર અને ધર્મશાળા.

મધુવન ખરેખર મધુરતા ફેલાવે છે. વિશાળ–મહાવિશાળ ધર્મશાળા. રાજદરબારને ભૂલાવે તેવી સ્વચ્છતા–સુઘડતા અને વ્યવસ્થા. ખરેખર બંગાળમાં, અતિશયોક્તિ ન ગણાય તો ભારતમાં ધર્મશાળા તો શીખરજીની. મેનેજર શ્રી દુગડની દેખરેખ પણ વ્યવસ્થિત. ભોજનશાળા પણ સાનુકૂળ. સઘળીએ સગવડ શહેર કરતાં અધિક. પ્રજા ગરીબ અને સેવાભાવી.

વહેલી સવારે મહાગિરિરાજ પર સદ્ભાવથી ચઢવા માંડો. સાંજે પાંચ વાગે નીચે ઉતરી કર્મના થાકને ઉતારો. મોડા ઉતરનાર માટે ભોમીયો અને ફાનસ તૈયાર. સઘળીએ દહેરીઓ (પ્રાયઃ ૩૦) ચૈત્યવંદનસહ અને ઉલ્લાસથી આરાધો. નવ્ય વીશ જિનબિંબ યુક્ત, જળમંદિરમાં, શામળા પાર્શ્વનાથજીને પૂજો. મંદિર સુરમ્ય બન્યું છે. પુરૂષાદાનીય, પરમપ્રભુ શ્રી પાર્શ્વનાથ ભગવાનની ઉચ્ચતમ દહેરી દુનિયા ભુલાવે છે. પવિત્ર સંસ્કાર સિંચે છે.

આજુબાજુની હરિયાળી, કાશ્મીર ખડુ કરે છે. ભય નથી. ત્રાસ નથી. પશુપક્ષીનો ઉપદ્રવ નથી. ભૂલા પડવાપણું નથી. માર્ગ સરળ સીધો, થાક ન લાગે તેવો છે. માત્ર એકજ માઈલનો ચઢાવ જરા કડક છે. બાળક ચઢે, વૃદ્ધ ચઢે, યુવાન તો ચઢે જ ચઢે. અને હૈયાની ભાવના કયાં ન ચઢે ? કાળબળે ક્ષપકશ્રેણીએ પણ ચઢે.

## ૩ : પાવાપુરીજી

શીખરજી એટલે દશ–પંદર દિવસ રહેવાનું મન થાય એવું આકર્ષક સ્થળ. ત્યાંથી રેલ માર્ગે પણ બધે જવાય. પણ ટેક્સી કરો છ માણસની. સવારે પાંચ વાગે પ્રયાણ. ગુણીયાજીમાં આંખને આનંદ આપતા જળમંદિરના દર્શન કરી પાવન થાવ. પાવાપુરી પધારો. દર્શન–પૂજા–સ્નાત્ર શાંતિથી કરો. ગામમાં વિશાળકાય ધર્મશાળા. વચમાં જ પ્રભુશ્રી કાળધર્મ પામ્યાનું દેવનિકેતન. સાથેની–ભોજનશાળામાં જઠરાગ્નિને ઠારો. નજદીકના પ્રભુશ્રીના અગ્નિદાહ જળમંદિરમાં પાદુકાના પૂજન–અર્ચન કરો. સોળપહોર દેશના ભૂમિ પરના નવ્યનિર્મિત સંગેમરમરના દિવ્ય દેવાલયમાં, સમવસરણમાં અદ્ભુત કલ્પવૃક્ષ નીચે બિરાજમાન ચતુર્મુખ દેવાધિદેવની પ્રસન્ન દૃષ્ટિથી પાવન થાવ. ચોકમાં રહેલ દિવ્યકુવો જુઓ અને લેખ વાંચો. બપોરે એક વાગે નીકળી કુણ્ડલપુર દર્શન કરો. નજીકમાં પુરાતત્ત્વ સ્થળ નાલંદાની વિઝીટ લો. સાંજે પાંચ વાગે રાજગૃહી પહોંચો (ચાર્જ વ્યક્તિ દીઠ ૧૩ થી ૧૪ રૂ.)

## ૪ : પાંચ પહાડો

રાજગૃહીની ધર્મશાળા ભોજનશાળા યુક્ત. સામેજ વિરાટ–દેવગૃહ. શ્યામવર્ણા–કસોટીના વિશાળકાય બિંબયુક્ત. શ્વેત સાહસનું સ્ફટિક જેવું. આબુ–રાણકપુરની યાદ આપતું. સ્વર્ગમાંથી ઉતરી આવેલ શુભ્ર મહાવિમાન. રંગમંડપમાં જમણી બાજુના ગોખમાં, શ્યામ, પાર્શ્વનાથ ભગવાનની ધ્યાનસ્થ અદ્ભુત ભાવવાહીની પ્રતિમા. પ્રેરક અને પૂરક (આંતરરાષ્ટ્રીય કહો કે પુરાતત્ત્વની લાલચે કહો ત્રણ શ્વે. અને પાંચ દિગ. પાષાણ બિમ્બો કાવત્રાખોરો પહાડ પરથી હમણાં ઉઠાવી ગયા.)

પાંચે પહાડો, રત્નાગિરિ–સુવર્ણગિરિ–વૈભારગિરિ ઈ. ચઢવામાં સરળ અને ભાવપ્રેરક. સગવડ ઈચ્છુ જન માટે, પાંચે પહાડની તલેટીએ તલેટીએ લઈ જતું વાહન (ચારથી પાંચ રૂ.). **આ પાંચે પહાડોનું નિરીક્ષણ કરતા ઐતિહાસિક નિર્ણય સાક્ષી પૂરે છે કે પુરાતન કલ્યાણક ભૂમિઓ આ જ અને આજુબાજુની છે જ.** ત્યાં સંદેહ કે શબ્દયુક્તિઓ જરાએ કામ આવે તેમ નથી જ.

ક્ષત્રિયકુંડ–લછવાડ, ભાગલપુર–ચંપાપુ માટે પણ રેલ્વે અને એસ.ટી.ની સગવડ સુયુક્ત.

## ૫ : બનારસ

રાજગૃહીથી બસમાં કે રેલ્વેમાં બખત્યારપુર જંકશન. ત્યાંથી મુગલસરાઈથી કાશી બનારસ.

બનારસનો વિકાસ વધી ગયો. રસ્તાઓ મોટા બની ગયા. ગંદકી જતી રહી. ભદૈની ભીલુપુર તો સીટી એરીઆમાં જ. (પગરીક્ષા અતિ સસ્તી.) સિંહપુરીમાં શ્રી શ્રેયાંસનાથ ભ. ત્રણ ચાર માઈલ. વચ્ચે આવે સારનાથનું વીઝીટ સ્થળ. ચંદ્રપુરીમાં શ્રી ચંદ્રપ્રભુ ભ. પંદર માઈલ. પા-અડધા કલાકે બસ મળ્યા જ કરે.

અંગ્રેજી કોઠી-નામે ઓળખાતી ધર્મશાળા ઠઠેરી બજારમાં. ઉપર ઉપાશ્રય અને જિનમંદિર. ભીલુપુરમાં વિશાળ ધર્મશાળા. પાર્શ્વનાથ કલ્યાણક ભૂમિ.

મંદિરોની વ્યવસ્થા બરાબર નહિ જ. જાણે બધુ પૂજારીને સોંપેલું હોય. ઝાંખા ધુમસમય વાતાવરણમાં જોવું લાગે તેવું.

## ૬ : દીલ્હી

કાશી-મુગલસરાઇથી બપોરે અઢી વાગે સ્ટાર્ટ થાવ. સવારે દિલ્હી રાજધાનીનું શહેર. સાંકડીપોળો, સાંકડા બજાર હજુ છે જ. કીનારી બજારમાં શ્વે. ધર્મશાળા ઠીક છે. તદ્દન નજદીકમાં ત્રણ જિનમન્દિરો છે. શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ મંદિરમાં કાચની ગોઠવણીથી ચોમુખજી દેખાય છે. દેરાસરોની વ્યવસ્થા બરાબર નહિ જ. પૂજારીઓ પ્રાયઃ મનસ્વી. ભાગ્યશાળીઓમાં ભક્તિ ખરી. પણ જ્ઞાન દૃષ્ટિએ ખામી હશે. પૂજારીને રહેવાનું દહેરાસરજી નીચે. જરૂર પડે ઉપર પણ આરામશયન બનતા હશે.

દાદાવાડીનું દહેરાસર, કુતુબમીનારની નજીકમાં ત્યાંની ૨૦૧૨ની સાલમાં થએલી લઘુ શત્રુંજય તીર્થની રચના સરસ. વ્યવસ્થિત-કોપી-નમુનો ખડો કર્યો છે. ચઢો-ઉતરો. પુરાતન-આકર્ષક જિનબિંબોના, નવટુંકના દર્શન કરો. અદબદજીદાદા પણ છે જ. ઘેટી યાત્રા જાવ, મુળનાયક અને પુંડરીક સ્વામી સુંદર-ભાવોત્પાદક. શત્રુંજય નદી વહે છે.

## ૭ : હસ્તીનાપુર

દિલ્હીથી હસ્તિનાપુર માટે મેરઠ બસ બદલવાની. રન ૭૦ માઈલનો અને પાંચ કલાકનો. દેરાસરજીનો પાયામાંથી જીર્ણોદ્ધાર ચાલે છે. સુંદર મંદિર બનશે. ધર્મશાળાના પાછલા ભાગમાં જિનબિંબો પધરાવેલા છે. ભોજનશાળાની સગવડ નથી. બહારની વાડીનું સ્થળ અસલ યાત્રાધામ. ભ. શ્રી આદિનાથ પ્રભુના પારણાનું સ્થળ. શ્રી શાંતિનાથ શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ ત્રણે ચક્રી પ્રભુની પાદુકા દહેરી આદિથી સુશોભિત સ્થળ. જતા આવતા માત્ર એક કલાક.

> તમે કોઇના જીવનમાં દિવાલ નહિ બનતાં ! પુલ બનજો ! ખાડો નહિ બનતા પગથીયા બનજો
>
> °
>
> જીવન આંગણે મધુર વાણીના આંબા વાવજો ! સત્કાર્યના તોરણો બાંધજો પણ કઠોર વાણીના કાંટા નહિ પાથરતા ને દુષ્કૃત્યની દુર્ગંધ નહિ ફેલાવતા !

## ૮ : રાજસ્થાન

દિલ્હી પાછા ફરી જોધપુર. વચ્ચે મેડતા-ફલોધિ મેડતા રોડ સ્ટેશન. ફલોધિ પાર્શ્વનાથનું અસલ યાત્રાધામ સ્ટેશન પર જ. જોધપુર સ્વચ્છ અને દશથી બાર જિનમંદિર. જૈન ક્રિયાભુવન શહેરની મધ્યમાં ઉતરવા માટે ઠીક ગણાય. ભેરૂબાગ ધર્મશાળા પણ છે. ત્યાંથી જેસલમેર જતા પોકરણ ફલોધિમાં આઠથી નવ જિનમન્દિર દર્શનીય છે. પોકરણથી ચારથી પાંચ ટાઈમ જેસલમેર માટે બસ. માત્ર ત્રણ કલાકનો જ રસ્તો. પોકરણમાં દેવમંદિર છે.

જેસલમેર જતાં રસ્તો ડામરનો. તદ્દન સરળ અને ઠેઠ ગામમાં જાય છે. કોઈ જાતની જરાએ હાલાકી હવે રહી જ નથી. એકલદોકલ પણ ખુશીથી, આરામથી જઈ શકે છે. ભોજનશાળાની વ્યવસ્થા પણ છે.

ધર્મશાળા પાસે એક દેરાસર છે. હવેલીઓ મોટી અને કોરણીથી ગજબ કળાયુક્ત. કીલ્લા પરના દેરાસરો પાંચથી સાત ગણાય. જિનબિંબો બધા મળી પાંચથી છ હજાર ગણાય છે. ભોંયરામાં ઘણા ભગવાન છે એ ગપ છે. એમ મેનેજરનો ખુલાસો છે. અત્યારે ભોંયરાનું કોઈ અસ્તિત્ત્વ જાણમાં નથી. પુરાતન કાળમાં હોય તો જ્ઞાની જાણે. નવ જ્ઞાન ભંડારો ભવ્ય અને રમણીય.

જેસલમેરથી ટેકસીમાં લોદ્રવાજી જતા અમ-ક્સારનું અતિભવ્ય-મહા વિશાળ, અને અજબ-ગજબની કોરણીયુક્ત પુરાતન જિનમંદિર આદિ-નાથ પ્રભુનું છે. સામે પુંડરીક સ્વામીની બેઠક ખાલી અને જીર્ણપ્રાય છે.

લોદ્રવાજી, ભવ્ય-પ્રાચીન શામળા પાર્શ્વનાથજી અને બીજી ચાર દેવકુલિકાઓ, પાંચસો વર્ષ પ્રાચીન બિંબયુક્ત, રળીયામણું સ્થળ છે. (છ માણસની ટેક્ષીના રૂા. ૧૮ જવા આવવાના).

પાછા ફરતા જોધપુરથી કાપરડાજી બસમાં એક કલાક. ચારે મજલી ચોમુખજી યુક્ત ઉચ્ચ પ્રાસાદ. મૂળનાયક નીલવર્ણા સ્વયંકર પાર્શ્વનાથ. વિશાળ ધર્મશાળા. ભોજનશાળા. તીર્થ અવશ્ય દર્શનીય. મારવાડમાં શ્રદ્ધાભક્તિ ઘણી. સમ્યગ્જ્ઞાનના પ્રવા-હની અતિ જરૂર.

જોધપુરથી ફાલ્ના. સ્ટેશન પર જિનમંદિર અને ધર્મશાળા. બસમાં સાદડી. ચારથી પાંચ દેરાસરજી. શ્રી ચિન્તામણિજીનું અતિ આકર્ષક જિનબિંબ. પૂજા ભક્તિ સુંદર થાય છે. સાદડીથી ચાર માઈલ રાણકપુર બસ ટેકસીની વ્યવસ્થા.

રાણકપુર એટલે ભારતનું ભવ્ય કળામય પ્રતિક. દુનિયાનો અજબ નમુનો શા માટે નહિ? ૧૪૪૪ સ્થંભયુક્ત આ પ્રાસાદ લક્ષ્મી હાથનો મેલ છે અને પુણ્યબંધનું સાધન છે એમ સૂચવે છે. ઉદારતાનું ખરું પ્રતિક છે. વરકાણા ઈ. પંચતીર્થિ વિખ્યાત છે.

શીરોહી રોડથી પીંડવાડા એક માઈલ ભવ્ય દેરાસરજી, નૂતન વિશાળ જ્ઞાનમંદિર યુક્ત છે. શીરોહી અગીઆર માઈલ. નવ વિશાળ ભવ્ય દેરાસરજી પર્વત તળેટીમાં હારમાળામાં. એક તો રાણકપુર તીર્થાવતાર રાણકપુરનો લઘુ નમુનો છે. બીજા પાંચ દેરાસરજી પણ છે.

બામણવાડામાં જીર્ણોદ્ધાર પાયામાંથી ચાલે છે. ભગવંત મહાવીરદેવના સત્તાવીશે ભવના મુખ્ય પ્રસંગો રોચક શૈલીથી કોતરાવ્યા છે. પ્રેકટીકલ જ્ઞાન માટે વિદ્યાર્થીઓને લઇ જવા જોઇએ. બે ત્રણ ક્ષતિઓ શાસ્ત્ર દૃષ્ટિએ નજરે ચઢી છે. બાજુમાં વીરવાડામાં સુંદર મંદિર છે.

નાંદિયાનું પરિકર તદ્દન અનોખું, વિશાળ, અતિ-ભાવોત્પાદક છે. સ્થળ ડુંગરની તળેટીમાં, એકાંત હોઈ ભાવવાહી છે. ગામમાં નૂતનમંદિર સર્જાઇ રહ્યું છે. ત્યાંથી નાકોડાજી યાત્રાનું આત્મ-તારક સ્થાન છે.

આબુરોડથી આબુ અને દેલવાડાના દેવમંદિરો વિશ્વવિખ્યાત, વસ્તુપાળ, તેજપાળ, વિમળ મંત્રી આદિની ઉદારતાના મહા પ્રતિક, અને કોરણીના કળામય ધામ. જેણે આત્મદૃષ્ટિથી નિહાળ્યા તેના કારજ સર્યા.

શાંત, દાંત, ઉદાત્ત ચિત્ત સર્જવા માટે, આત્માના કર્મપડળને દૂર કરવા માટે, ચંચળ અને નાશવંત લક્ષ્મી અને મનખા દેહની સાર્થકતા માટે, પ્રાચીન-અર્વાચીન તીર્થભૂમિઓની સ્પર્શના એ પારસમણિ છે. લોહા પારસ ફરસે, સુન્ના હોય. આતમ-તીરથ ફરસે, પરમાતમ હોય.

સહુ કોઈ તીર્થસ્પર્શના કરી આત્મકલ્યાણ સાધો !


## હસ્તરેષા વિજ્ઞાન પારંગત

### પ્રો. ઘનશ્યામ જોષી એમ. એ

ભારતમાં અને પરદેશમાં પ્રવાસ કરી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર આફ્રિકા, જર્મની, સ્વીટ્ઝર્લેંડ વિ. દેશોની અગ્રગણ્ય સંસ્થા અને વ્યક્તિઓ તરફથી સુવર્ણ ચંદ્રકો સન્માનપત્રો અને પ્રમાણપત્રો મેળવનાર, ભૂત-પૂર્વ મુંબઈ યુનિવર્સિટિ કોલેજોના સંસ્કૃત-પ્રાકૃતના પ્રોફેસર, હજારો વ્યક્તિની હસ્તરેષાના વિશાળ અનુભવી, તમારી હસ્તરેષાનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી જીવનનું સચોટ માર્ગદર્શન આપશે.

લખો-મળો.

૪૬ A, ભારતનગર ત્રીજે માળે
ગ્રાંટરોડ મુંબઇ ૭

# સમ્યગ્જ્ઞાનની ઉપાસના

પૂ. મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ

સ્વાધ્યાયના જેવું એકેય તપ નથી. જ્ઞાનની-સમ્યગ્જ્ઞાનની મહત્તા શાસ્ત્રોમાં ઠામ-ઠામ પોકારીને ફરમાવવામાં આવી છે. આ જ્ઞાન રસનો મહિમા યુક્તિપૂર્વક સચોટ શૈલીયે પૂ. મહારાજશ્રી અહિં દર્શાવે છે. તેઓશ્રીની લેખિની શાંત, સ્વસ્થ તથા સચોટ શૈલીયે વહે છે, 'કલ્યાણ' માટે હવેથી તેઓ નિયમિત લેખ મોકલાવશે 'કલ્યાણ'ના વાચકો અવશ્ય આવા લેખો વાંચતા રહે!

આર્ષોની આ મંગળ વાણી '**न वि अत्थि नवि होही सज्झायसमं तवोकम्म !**' ન્યાય વિશારદનું આ વિશદ વચન. **ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात्तपः।**

યુગ પ્રધાન પૂ. શય્યંભવસૂરીજી મહારાજાનું આ કલ્યાણકર વચન. **पढमं नाणं तओ दया।** શાસ્ત્રકાર પરમર્ષિનો આ ધન્ય બોધ **तन्नाणी तिहिं गुत्तो खवेइ उसासमित्तेणं।** ઉત્તરાધ્યયન સૂત્રના, અગીયારમાં અધ્યયનમાં ગવાએલી 'બહુ-શ્રુતતા'ની ગૌરવ ગાથા. **जहा संखम्मि पयं......**

પતન પામેલો પણ જ્ઞાની ઉકરડે પડેલી દોરો પરોવેલી સોય જેવો કહ્યો. ઝટ હાથ લાગી જાય અને ઠેકાણે આવે.

એની ક્રિયાઓ સુવર્ણઘટ તુલ્ય કહી ઘટ તૂટી જાય તોય પૂરૂં મૂલ્ય પ્રાપ્ત થાય.

'**तवसा उ निकाइयाणं**' માંય નિકાચિત કર્મોનો નાશ કરનાર તપ એટલે શ્રેણિગત અપૂર્વ-કરણના અધ્યવસાયરૂપ જ્ઞાનને જ કહ્યું.

જ્ઞાન ગર્ભ વૈરાગ્યને જ વાસ્તવિક વિરાગ કહ્યો. ગીતાર્થની નિશ્રામાં જ અગીતાર્થનું કલ્યાણ કહ્યું!

જિન-વાણીનો કોઇ પણ ગ્રન્થ હાથમાં લો તેમાં જ્ઞાનીના જેવા ગુણગાન ગાયેલા જોવા મળશે, તેવા કોઈના નહિ મળે.

ઉપાધ્યાયજી ભગવંતો એને **असमुद्रोत्थ पीयूषनी** અનૌષધ રસાયનની, નિરપેક્ષ ઐશ્વર્યની સર્વોચ્ચ ઉપમાઓ આપી દીધી!

જ્ઞાનનો પરિણુતિમત્ જ્ઞાનનો આટલો બધો મહિમા શાથી ગાયો.

સંમ્મત્યાદિ ગ્રન્થોમાં અધ્યયન માટે સાધા-કર્માદિ દોષો પણ સેવી શકાય! આટલી બધી છૂટ શાથી મૂકી દીધી?

જ્ઞાનમાં એવું કયું બળ છે. જેને એ યોગીઓએ જોઇ લીધું અને આટલા બધા હારતોરા ચડાવ્યા?

એવી તે કયી એનામાં કળ છે, કે જે ઉચ્ચતમ યશ ગાથાનું પાત્ર બની જાય છે.

એવો તો કયો એનામાં ચમકારો છે, જેનાથી ધુરંધર-મહાત્માઓ અંજાઈ ગયા?

એવું તે એનામાં શું છે? શું એ મુક્તિસુખ જેવું અગમ્ય છે. વેદાન્તીની માયા જેવું અનિર્વાચ્ય છે, નયભંગોના ચતુર્થ ભંગ જેવું અવક્તવ્ય છે? ના, તેમ તો નથી.

યોગીઓને એની પ્રચંડ શક્તિ ગમ્ય બની છે. અને ભવ્યજીવોના ઉદ્ધાર માટે તો તે વાત તેમણે શાસ્ત્રોમાં ઠેરઠેર કહી છે.

જ્ઞાનની એ પ્રચંડ શક્તિ છે. વૃત્તિઓના બધ્ય-મૂળ વેલાઓનો જડમૂળથી વિનાશ કરી દેવાની.

અનંતકાળથી એકધારા ઊંડા ને ઊંડા ચાલ્યા જતા એ મૂળીયાંનું છોતરૂં પણ આત્મા ઉપરથી ફેંકી દેવાની.

અનંતાકાળથી એકધારી રીતે વિકસતી જતી એ વડવેલની અનંત વડવાઇઓને એક જ ઝાટકે ધરતી ઉપર ઢાળી દેવાની.

આંતર સંઘર્ષને મીટાવી દેવાની અસાધારણ તાકાત માત્ર જ્ઞાનમાં, મોહનીયના પ્રચણ્ડ હલ્લાને નિષ્ફળ બનાવી દેવાની કળ માત્ર જ્ઞાનમાં.

દોષોના લાવારસને ઠારી દેવાનું સામર્થ્ય માત્ર જ્ઞાનમાં. અનંતકાળથી આત્માની બરબાદી કરનાર

તો આંતર અશુભ વૃત્તિઓ જ ને? જ્યારે સાક્ષાત્ દેવાધિદેવ મલ્યા હશે ત્યારે પણ અનંત સુખના રાહે જવાની અણમોલ તક ખોઇ નંખાવનાર આ પાપિણી વૃત્તિઓ જ કે બીજું કોઈ?

ઘોર તપની પાછળ સ્વર્ગાદિ સુખોની કામના નિયાણા કરાવનાર વૃત્તિ સિવાય બીજું કોણ છે?

આત્માનો આ એક જ દુશ્મન!

જન્મ જન્માંતરોની એ દુશ્મનાવટ!

વૃત્તિઓના સ્વામિત્ત્વે જ આત્માની ગુલામી થઈ ને? આ દયાપાત્ર ગુલામીમાં જ જે ઉગારી લે તેનો ઉપકાર કેટલો માનવો?

પાશવી શત્રુને ધૂળ ચાટતો જે કરી દે તેનું બળ કેટલું કલ્પવું?

એવી બળવાન વ્યક્તિ આંતર-વિશ્વમાં એક જ હોય ત્યારે એનું મૂલ કેટલું આંકવું?

વૃત્તિઓનો સર્વનાશ નોતરનાર જ્ઞાન છે. માટે જ એ વાત જાણી લઇને એના થોકબંધ ગુણગાન ગવાયા છે.

જેના અંતરમાં આ જ્ઞાન પરિણામ પામતું નથી તેના અંતરમાં ખૂણે ખૂણે વૃત્તિઓના સુખનું મિથ્યાજ્ઞાન પ્રસરી ગયા વિના રહેતું નથી.

ભલે કોઈ ચતુર્દશપૂર્વી હોય પણ એનું જ્ઞાન પરિણામ પામ્યું ન હોય તો અનંતાનંત સિધ્ધ ભગવંતોની નજરે એ બિચારો છે!

ભલે કોઇ ગર્ભ શ્રીમંત સંસાર ત્યાગીને સાધુ-વેશ પહેરી લે પણ એની પાસે ભવનૈર્ગુણ્યનું દર્શન નથી, ભવ-સ્વરૂપનું જ્ઞાન નથી તો એય એ ભગવંતોની દૃષ્ટિએ અનંત મુસાફરીનો એક સફળ યાત્રિક માત્ર છે.

ભલે લક્ષ્મણાએ ઘોર તપ કર્યો પણ પરિણુતિ-મત્ જ્ઞાન ન આવ્યું તો બિચારી રખડી ગઈ! જમાલિ ભૂલ્યો! મંગુ આચાર્ય ખાળમાં ગયા! અને તામલિનો કઠોર આયાસ પણ નિષ્ફળ ગયો!

અને...'મારુષ માતુષ' જેટલું ન આવડયું તોય અષ્ટ પ્રવચન માતાના જઘન્ય જ્ઞાનની પરિણુતિએ એમનો ભવફેરો ટાળી દીધો! ઉત્તરાધ્યયના ચોથા અધ્યયનની ૧૩ ગાથા ૧૨ વર્ષે પણ કંઠસ્થ ન કરી શકનાર મુનિના પરિણુતિમત્ જઘન્ય જ્ઞાને સીધી કેવલજ્ઞાનની ભેટ ધરી!

કુરગંડુ મુનિએ સંવત્સરીના પર્વદિને પણ નવકારશી કરી તોય નરકમાં ન ગયા. પરિણુતિમત્ જ્ઞાને તેમની સમગ્ર ભવ-જંજાળ-જાળ કાપી નાખી મુક્તિનું ધામ બતાવી દીધું.

એટલે શુષ્ક-જ્ઞાન નહિ પણ પરિણુત-જ્ઞાન ભલે પછી તે અષ્ટ પ્રવચન માતાનું જ જ્ઞાન-હોય તો તેના મૂલ કેવળી-ભગવંત પણ આંકી શકતા નથી. જ્ઞાની જીવન સમૃદ્ધ હોય તે જ્ઞાની શબ્દ સમૃદ્ધ તો જ્ઞાની નહિ પણ જ્ઞાનવાદી કહેવાય.

આવું જ્ઞાન જે હૈયે ન મળે ત્યાં વૃત્તિઓના પાપ ધરબાએલા પડયા જ હોય એમાં કશું આશ્ચર્ય નથી, અને આવી જ્ઞાન-દીવડી જેના હૈયામાં ખૂણે જઈને પણ ટમટમી રહી હોય ત્યાં વૃત્તિઓના આવેગોના અંધાર ઊભા રહી શકતા નથી.

એક હૈયે બે વાત તો નહિ બની શકે.

એક બોડમાં બે સિંહ ન રહે. એક મ્યાનમાં બે તરવાર કેમ રહે? પરિણુતિનું જ્ઞાન અને વૃત્તિ-ઓના આવેગ એ બેને તો જન્મજાત વૈર છે.

જેને વૃત્તિઓના આવેગ પોતાની જ ઘોર ખોદ-નારા લાગે, આંતર-જગતની ભૂમિમાં ધરતીકંપના આંચકા સમા લાગે, આધ્યાત્મિક જીવનમાં અક-સ્માત સર્જનારા લાગે તેવા કોઈ પણ ભયભીત આત્માને જ જિનવાણી રૂપ સમ્યગ્જ્ઞાન પરિણુતિમત્ બની શકે છે.

જેનામાં વૃત્તિઓની ભયાનકતાની સમજણ ન આવી હોય તેનામાં પણ એ સમજણ લાવી દેવા આ જિન-વાણીનું પાન અવંધ્ય ઔષધસમુ બને છે. પણ શરતમાં જીવની યોગ્યતાના વિકાસનો કાળ-પરિપાક સાથે હોવો જોઈએ.

અસ્તુ અહીં તો એટલી જ વાત કરવી છે કે વૃત્તિઓના આવેગોને ઠારી દેનારું તત્ત્વ જો વિશ્વમાં હૈયાતી ધરાવે છે, તો વહેલામાં વહેલી તકે તે તત્ત્વનું અવલંબન લેવું અનિવાર્ય છે.

જેની પાસે વૃત્તિઓના ક્ષયના લક્ષ્ય-પૂર્વકની જ્ઞાન-સાધના તેની પાસે મુક્તિની ઉપાસના.

અને જેની પાસે એ જ્ઞાન સાધના તેની પાસે વૃત્તિઓના તોફાન ટકી શકે જ નહિ.

ફરી એ જ વાત.

એક મ્યાનમાં બે તરવાર, એક બોડમાં બે સિંહ ન રહે.

અહીં ઈશરદાન નામના એક ચારણની વાત યાદ આવે છે. ચારણી ભાષામાં બોધક પદો બનાવવાનો તેને ભારે શોખ. નિત્ય નવા પદો બનાવે અને ભાવુક આત્માઓની મંડળીમાં લલકારે અને સહુને વિરાગના રસ કુંડમાં ઝબોળે.

એક વાર એક વૃદ્ધ ડોસાએ ઇશરદાનને કહ્યું તમે સંસ્કૃત ભાષા શીખી લો તો ઘણો લાભ થાય હો ! એક જ વાકય પણ દિલના પ્રેમના પૂરથી બળવાન બનેલું ચારણને અસર કરી ગયું.

વાત ગળે ઊતરી ગઈ.

બીજે જ દિવસે સવારના પહોરમાં ઉપડી ગયા. પરગામ રહેતા એક શાસ્ત્રીજીને ત્યાં સંસ્કૃત ભણવા.

અભ્યાસ શરૂ કરી દીધો. બેત્રણ વર્ષમાં તો સંસ્કૃત ભાષાનો પ્રૌઢ બોધ થઈ ગયો.

શાસ્ત્રીજીને ત્યાંજ રહેવાનું, તેમની સેવા કરવાની, શાસ્ત્રીજીના ધર્મપત્નીને તેઓ માતાજી કહેતા. માતાજી રસોઈ બનાવી આપતા.

સવારનો પ્રહર હતો. શાસ્ત્રીજી કાંઈક વિચારમાં બેઠા હતા. એકાએક વિચારમાંથી ઝબકયા. ઇશરદાન 'જરા અહીં આવો તો !' જી આવ્યો ફરમાવો ગુરૂદેવ ! શી આજ્ઞા છે ?

ઇશરદાન ! 'આજે સંસ્કૃતનો અભ્યાસ પૂર્ણ થાય છે. કહો, ગુરૂ દક્ષિણામાં મને શું આપશો ?'

'ગુરુદેવ ! આપ જે માંગો તે ! વસ્તુતઃ તો આ બધુંય તન-બદન જીવન આપનું જ છે. મેં સઘળુંય આપના ચરણે ધર્યું છે. મારી પાસે આપવા જેવું કશુંય નથી છતાં જો કાંઇ હોય તો આપ ખુશીથી જણાવો.'

'ઇશરદાન ! તમે હવે સંસ્કૃતમાં લખાએલા મહાભારતને તમારી ચારણી ભાષામાં ઉતારો, અને ભાવુકોને એનું શ્રવણ કરાવીને એમની જીવન નૌકાને પાર ઉતારનારા સફળ સુકાની બનો.'

તથાસ્તુ ગુરુદેવ !

આજથી જ એ કાર્ય આરંભી દઉં છું. આશિષ આપો ગુરૂદેવ !

અને ઇશરદાન તો બેસી ગયા મહાભારતનું ચારણી ભાષામાં અવતરણ કરવા.

એવા તો એકતાન થઇ ગયા કે સમય કયાં ચાલ્યો ગયો તેની ય ખબર ન પડી.

જમવાનો સમય થયો. માતાજીએ બોલાવ્યા ત્યારે ઉઠીને જમવા બેઠા ખાઇ લીધું હાથ ધોઇને ઉઠી ગયા. મનમાં તો પ્રાસાનુપ્રાસોની પસંદગી ચાલુ જ હતી.

માતાજીના દીકરી જમવા બેઠા.

જ્યાં દાળનો પહેલો જ સબડકો લે છે ત્યાં જ બૂમ પાડી મા, આજે દાળમાં સબરસ કેમ નહિ ? 'સાવ મોળી દાળ' મોઢામાંય જતી નથી ?

માતાજી તો સાંભળીને જ વિચારમાં પડી ગયા. શું ઇશરદાનજીને દાળ મોળી ન લાગી ? એ કેમ કશુંય ન બોલ્યા ?

આટલા વર્ષે પણ હજુ શરમાતા હશે ! લાવ કાલે જ પારખું કરી જોવું.

બીજે દિવસ ઉગ્યો.

જમવાનો સમય થયો ઈશરદાને તો પદો રચવાની ધૂનમાં ને ધૂનમાં ખાઈ લીધું. ઊઠી ગયા !

માતાજી તો જોઇ જ રહ્યા ! આજેય ન બોલ્યા કે માતાજી દાળમાં સબરસ નથી ? ઠીક આવતી કાલે વાત. મારે જાણવું તો છે જ કે એમની શરમાળ વૃત્તિ કયાં સુધી મોળી દાળ પીવે છે !

ત્રીજે દિવસ, ચોથો દિવસ, ૧ મહીનો ૨ મહિના અરે ! પાંચ માસ વીતી ગયા.

એકેય દહાડો દાળમાં સબરસ ન મળે એકે પણ ટંકે ઇશરદાન ફરિયાદ ન કરે, 'માતાજી દાળમાં સબરસ નથી !'

માતાજીના આશ્ચર્યની અવધિ ન રહી !

એકસો પચાસ દિવસ વીતી ગયા ! હવે કયાં સુધી ? એકસો એકાવનમો દિવસ ઊગ્યો !

બારના ટકોરા પડયા. ઇશરદાનજી જમવા બેઠા. દાળનો પહેલો જ સબડકો લેતા, બોલી ઊઠયા, 'અરે! માતાજી દાળમાં સબરસ બિલકુલ નથી! આમ કેમ? જે વાકય સાંભળવા માટે માતાજીએ દૃઢ-સંકલ્પ કરીને ૫-૫ માસ સુધી મોળી જ દાળ પાઇ હતી તે આજે એકદમ ચોંકી ઉઠયા. ક્ષણવારમાં હસી પડયા. તેઓ બોલ્યા, 'ઇશરદાન, દાળ આજે જ મોળી લાગી! છેલ્લા ૫ માસથી એકેય દિ મેં તો સબરસ-મીઠું નાખ્યું જ નથી છતાં કોઈ દિ તમે કેમ ન બોલ્યા અને આજે એકદમ શું થયું?'

માતાજીની વાત સાંભળીને ઇશરદાનજી પળભર વિચારમાં પડી ગયા, અને પછી ખડખડાટ હસી પડયા. માતાજી તદ્દન સાચી વાત છે.

'છેલ્લા પાંચ માસથી હું મહાભારતને ચારણી ભાષામાં ઉતારવાનું કાર્ય કરતો હતો. શું કહું માતાજી એમાં એવો તો એકાકાર થઇ જતો કે મને બીજુ કશું ય ભાન ન રહેતું. એ હરિરસ તો ઢીંચી ઢીંચીને પીવા મળતો એટલે એનો નશો એવો ચડી જતો કે બીજું કશું ય યાદ ન આવે.'

'અને આજે શું થયું ઇશિરદાનજી!' માતાજીએ પૂછ્યું. આજે માતાજી એ કાર્ય પૂર્ણ થઇ ગયું.

હરિરસ ખૂટી ગયો. એટલે જ સબરસ યાદ આવ્યો!

માતાજી હરિરસના માદક આસવો પીવા મળે છે ત્યારે તો એવી લહેજત આવે છે કે વાત ન પૂછો.

અને સઘળાય સંસારના રસો આપમેળે વીસરાઇ જાય છે. જયાં હરિરસ ખૂટે છે ત્યાં એ બધાય રસોનું સ્મરણ થઇ જાય છે.

બે રસ સાથે તો ન જ રહી શકે.

કાં ચિત્તમાં રમે હરિરસ, કાં રમે સબરસ.

જેના ચિત્તમાં હરિરસ પ્રભુ ભક્તિની જમાવટ થવા લાગી તેના ચિત્તમાં ન પ્રવેશી શકે કામરસ કે ન પ્રવેશી શકે આંબાનો રસ, તે ચિત્તમાં ન હોય રાગના અંગારા કે ન મળે રોષના ધૂમાડા.

ત્યાં માયા-મમતાને ઊભા રહેવાનું ય સ્થાન ન હોય. માનનું ત્યાં ખૂલ્લું અપમાન હોય. વૃત્તિઓના તોફાનને શમાવી દેવા માટે આ એક જ ઉપાય છે કે ચિત્તમાં હરિરસની જમાવટ કરવી.

હરિરસને જમાવવા માટે સ્વાધ્યાયનું મેળવણ અનિવાર્ય છે.

આધ્યાત્મિક જગતના રહેવાસીઓનો એ કસુંબો છે, એમનું એ પરમ પ્રિય પીણું છે.

શોભનમુનિના સ્વાધ્યાયનો રસ કોણ નથી જાણતું? એની લ્હેજતમાં પાપવૃત્તિઓને તો વિસરી ગયા પણ ગોચરી જતા આહાર લેવાનું-નહિ લેવાનું પણ ભૂલી ગયા! અરે! ધુની જાણીને કોઇએ મોદક વહોવરાવવાના બદલે પાષાણના બે ટૂકડા વહોરાવી દીધા તો ય આ રસરાગીને ખબર ન પડી!

જે પાપ-વાસનાઓના સૂક્ષ્માંશને નિર્મૂળ કરવા માટે જીવનોના ખેતર કરી નાંખવા પડે છે, જે વાસનાઓએ કેટલીકવાર વિરાગીઓને પણ મહાત કરી દીધા છે, તો એ વાસનાઓને જ આ હરિરસની જમાવટ પળ-બે પળમાં જ હેઠી બેસાડી દે છે.

અધ્યાત્મ જગતમાં આવો કોઈ રસ ન હોત તો એ જગતના રહેવાસીઓને એમના પ્રાણ ટકાવવા એ સદાનો અણ-ઊકલ્યો કોયડો બની જાત. બહિર્જગતના પ્રલોભનોમાં એ અચૂક ફસાઇ જાત. ખુદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા જેવા કહે છે કે, 'આ જિનાગમ જો ન હોત તો અનાથ એવા અમારું શું થાત! એની કલ્પના પણ અમે કરી શકતા નથી.'

લઘુ હરિભદ્ર મહોપાધ્યાયજી કહે છે કે અમારી પાસે આંતર વિશ્વમાં અનેક આકર્ષણો છે માટે તો અમે બહિર્જગતના રૂપરંગમાં મુંઝાતા નથી.

આ રહ્યો તેમના શબ્દોનો ભાવ :-

(૧) આંબાની મંજરીઓ ઉપર મોજ માણતી કોયલની કાકલીઓનું વણથંભ્યું સંગીત શું યોગીઓના દિલને ડોલાવી શકે ખરૂં? ના, કદાપિ નહિ.

કેમકે એ યોગીઓના મન તો અનાહત-નાદનાં મધુર મધુર ધ્વનિમાં જ રસતરબોળ થઈ ગયા છે.

(૨) સંસારનો રંગીલો યુવાન નવોઢાના કોમલ કરના કંકણોના કમનીય કલરવો સુણીને ઘેલો બની જઈ માથુ ધુણાવે પણ અનુભૂતિ-નર્તકીના પાયલના રણકારથી પ્રકટેલા પ્રિયસંગીતમાં ઝુમભાન બની ગએલા યોગીઓને તો એ કંકણના કલરવ શું હલાવી શકે ?

(૩) અરે અતુચ્છ અપૂર્વ, સદૈવ નિર્ભેળ એવા સમાધિ રસમાં જો મન મગ્ન થઈ જાય તો પેલા તત્કાલ આનંદ આપીને કટૂતમ વિપાક દેખાડનારા વિકારી રસોથી સર્યું ?'

જુઓ આ વાકયોના પદેપદમાં કેટલું આધ્યાત્મિક બળ ભર્યું છે, કેવી ઓજસ્વી તેજસ્વી પ્રતિભા તરવરે છે, કેટલી ખુમારી દેખાય છે.

પ્રભુભક્તિના રસનો આ મહિમા છે કે તે સઘળી વાસનાઓને નિશ્ચેષ્ટ કરી મૂકે છે, સઘળા પ્રલોભનોને સૂકા-લુખ્ખા કરી દે છે.

આરસના અવિરત વહેતા મીઠા ઝરણાં સમા આ યોગીઓ જ ચમરબંધીઓની પણ પરવા કરતા નથી, દેવેન્દ્રોની ઠકુરાઇને પણ થૂ કરી શકે છે, ઉર્વશીઓનાય કોમળ કર-કમલને તિરસ્કારી શકે છે.

પ્રભુભક્તિ રસનો-જ્ઞાનરસનો રસાસ્વાદ જે ન મેળવી શકયો તેનો જન્મારો નિષ્ફળ ગયો, તેની ત્યાગ-તપની સાધના નકામી ગઈ, તેના બ્રહ્મ-વ્રતના પાલન પણ નિરર્થક બન્યા.

વૃત્તિઓના તોફાનોને જડએસલાક દાબી દે તેવા સામર્થ્યને ધરાવતો આ સ્વાધ્યાયરસ (સ્વાધ્યાયની સફળ ધૂન) સદૈવ સેવ્ય બનતો રહે તો જ દુર્ગતિઓના ભયથી મુક્ત બની શકાય, તો જ દેવાધિદેવની આજ્ઞાનું વાસ્તવ બહુમાન સાધી શકાય, તો જ વિનિયોગની પરમ સાધના પ્રાપ્ત થાય.


જોધપુરની મશહુર, હાથે બાંધેલી જ્યોર્જેટ તથા આર્ટ સિલ્કની બાંધણીઓ, પાકા રંગ તથા કલાત્મક ડીઝાઈનમાં જથ્થાબંધ તથા રીટેલ ખરીદવા માટે

**હુકમચંદ વી. જૈન**

ડાગા બજાર * **જોધપુર** * રાજસ્થાન

**: અમારા સ્ટોકિસ્ટસ :**

| | |
|---|---|
| મગનલાલ ડ્રેસવાલા | મુંબઇ |
| કે. છોટાલાલ | કલકત્તા |
| વાંઝા કરશનદાસ નાથાભાઇ | જામનગર |
| મયાભાઇ મોહનલાલ | અમદાવાદ |
| લક્ષ્મીચંદ દયાળજી | ભાવનગર |
| ચત્રભૂજ નાનચંદ | સુરેન્દ્રનગર |

**श्री जिन मन्दिरोंके उपयोगी**

रथ, हाथी, इन्द्रधजा, गाडी, पालखी, भन्डारपेटी, सुपनाजी, सिहासन, पांच धातु की प्रतिमाजी बनाने वाला प्रसिद्ध फर्म

**मीस्त्री वृजलाल रामनाथ**

पालीताणा : (सौराष्ट्र)

**शुभ सूचना**

उन बहुत बडियां सफेद औंघा व चरवला वास्ते हर प्रकार की रेशमी, मिक्स तथा उनी काम्बली व जोटा सस्ते दाम खरीदें, सूचीपत्र मुफत मंगाओ

बिशेशरदास रतनचंद जैन
लुधियाना (पंजाब)

# મહામંગલ શ્રી નવકાર

સંપા. શ્રી રમણલાલ ભોગીલાલ પરીખ-ખંભાત.

મહામંગલ શ્રી નવકારને અંગે ઉપયોગી તથા સારગ્રાહી વિચારણા આ વિભાગમાં પ્રસિદ્ધ થાય છે. આ વિભાગને ઉપયોગી સૂચનો તથા લખાણો લેખકોએ સંપાદકને ઠે. અલીંગ, ખંભાત (વા. આણંદ) એ સીરનામે મોકલવા.

## નમસ્કાર મહામંત્ર

### શ્રી રમણલાલ ભોગીલાલ પારેખ

નમસ્કાર મહામંત્રના જાપ કે નમસ્કાર મહામંત્રનો જાપ કરતી વખતે પોતાનો આશય શુભ રાખવો જોઈએ. શુભ આશય, સદ્ભાવ, સારા વિચારો, સદ્ભાવના એક જ અર્થવાચક શબ્દો છે.

શુભ આશય એટલે શું?

'મારે મોક્ષ જોઈએ છે. મોક્ષ ક્યારે મલે? સાધુ થઇએ ત્યારે. માટે મારે સાધુ થવું છે, મારે સાધુપણું જોઇએ છે. સાધુપણું પામીને સ્વાધ્યાય અને સંયમમાં લીન બનીને સાચા ઉપાધ્યાય અને સાચા આચાર્ય બનવું છે અને ભાવ-અરિહંતપણું પામીને સિદ્ધ બનવું છે–ભાવ સાધુપણું પામીને સિદ્ધ બનવું છે.'

શુભ આશય એટલે નવકારને મન, વચન અને કાયાનું સમર્પણ.

આ શુભ આશયને પેદા કરવા માટે, પ્રાપ્ત થયો હોય તો ટકાવવા માટે અશુભ આશયને સમજી લેવો જોઈએ, કારણ કે આપણે અત્યાર સુધી સંસારમાં રખડ્યા છીએ તે અશુભ આશયના કારણે. જો આપણે શુભ આશય મેળવ્યો હોત તો આપણે ક્યારનાય મોક્ષે પહોંચી ગયા હોત. આપણો મોક્ષ નથી થયો તેનું કારણ આ અશુભ આશય છે.

અશુભ આશય એટલે શું?

સંસારનાં સુખની ઈચ્છા.

નવકારનો જાપ કરૂં તો પૈસા મલે, રોગ ચાલ્યો જાય, બંગલા મલે, બૈરી મલે, છોકરાં મલે, સગા સંબંધીઓ અનુકૂળ મલે, માનપાન મલે, કીર્તિ આબરૂ વધે વગેરે તેમજ મારી ગરીબાઈ ચાલી જાય, હું બળવાન બનું, મારૂં કહ્યું બધા માને, નીરોગી શરીર મલે, અનુકૂળ વિષયો મલે, કષાય કરવા છતાં બધા દબાઈ જાય. ક્રોધ કરૂં તે ક્ષમામાં ખપે, માન કરૂં તો નમ્રતામાં ખપું, માયા કરૂં તો હોંશીયારી કહેવાય. લોભ કરૂં તો ઉદાર કહેવાઉં, મારી આજીવિકા સારી ચાલે, ધંધો ધમધોકાર ચાલે, મારી માલ-મિલકત સચવાઈ રહે, ગુન્હો કરવા છતાં ન પકડાઉં વગેરે.

આ અશુભ આશયને ટાળીને શુભ આશયને મેળવવા માટે, મલ્યો હોય તો વધારવા માટે શ્રી નમસ્કાર મહામંત્રનો અભ્યાસ કરવો જોઇએ તેનું ચિંતન-મનન-ધ્યાન કરવું જોઈએ. આ નવકારમંત્ર ભણવા માટે તો જીંદગી ઓછી પડે છતા પ્રાપ્ત સાધનોથી તેનું જ્ઞાન મેળવવું જોઈએ. તેમાં પણ 'કલ્યાણ'ના પરિમિત પાનામાં કેટલું આપી શકાય? એટલે જે કાંઇ જાણવા મલે તે જાણીને શુભ આશયને પ્રાપ્ત કરવા માટે સજ્જ રહેવું સર્વ કોઇ શુભ આશયને પામો અને જલ્દ મોક્ષ મેળવો! એ શુભેચ્છા.

નમસ્કાર મહામંત્રમાં શું છે? કોણ છે? જે છે તેઓનું સ્વરૂપ શું છે? નવકારમંત્રનું રહસ્ય શું છે? આવા આવા ઘણા પ્રશ્નો પૂછીને તેના યોગ્ય ઉત્તરો મેળવીને તેનું ચિંતન-મનન-ધ્યાન કરવું જોઇએ.

શ્રી નમસ્કાર મહામંત્રમાં જે છે તે પુરેપુરૂં કહી શકાય એવું નથી, જે કાંઈ સારૂં છે, આત્મ-હિતકર છે તે બધું શ્રી નવકારમાં છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં પાંચ પરમેષ્ઠીઓને નમસ્કાર કર્યો છે.

શુભ આશયને દૃષ્ટાંતથી સમજીએ ! પ્રભુ શ્રી મહાવીર સ્વામીનો નંદનઋષિનો ૨૫ મો ભવ.

આ ભવમાં પ્રભુનું આયુષ્ય ૨૫ લાખ વર્ષનું હતું, ૨૪ લાખ વર્ષ ગૃહસ્થપણે વિતાવીને પ્રભુએ તે ભવમાં દીક્ષા લીધી. એક લાખ વર્ષ સુધી માસખમણના પારણે માસખમણ કર્યાં, શ્રી વીસ સ્થાનક તપની આરાધના કરી. 'સવિજીવ કરૂં શાસનરસ'ની ભાવના એવી ઉત્કૃષ્ટપણે ભાવી કે પ્રભુએ શ્રી તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યું, અને એક દેવનો ભવ કરીને સત્તાવીસના ભવે પ્રભુ શ્રી મહાવીરસ્વામી બન્યા. પ્રભુએ તે ભવમાં "મારે એક મોક્ષ જ જોઇએ છે." એ ભાવનામાં રમીને શુભ આશયને પ્રગટાવ્યો. જેનું અંતિમ એ આવ્યું કે ત્રીજા ભવમાં તેઓ મુક્તિ પામ્યા. સકલ કર્મોથી વિરામ પામ્યા. અનંતકાળ સુધી અનંતા સુખ માટે ચાલ્યા ગયા. દુઃખ નામનો નાશ કર્યો. સંસારમાં ફરી આવવાપણું રહ્યું નહિ.

અશુભ આશયને દૃષ્ટાંતથી સમજીએ પ્રભુ શ્રી મહાવીરસ્વામીએ વિશ્વભૂતિ તરીકેના ભવમાં સંયમ પાળીને, પોતાના પિતરાઇ ભાઇનું મેણું સાંભળતાં નિયાણું કર્યું કે, 'જો મારા આ સંયમનું, મારી આ આરાધનાનું કાંઇ ફળ મળતું હોય તો બીજા ભવે હું બળવાન બનું.' અને બન્યું પણ તેવું જ.

ત્યારપછીના ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ બન્યા. ત્યાં સિંહને માર્યો અને નિયાણાના બળે, સંયમના ભોગે, મેળવેલું બળ વાપરીને સાતમી નરકના દુઃખ ભોગવવા ચાલ્યા જવું પડયું. આવી રીતે અશુભ આશયથી બીજા ભવે સુખ મલે છે પણ તે સુખ સંસાર સાગરમાં રખડાવે છે. પ્રભુને કેટલાય ભવો સુધી શ્રી અરિહંત પ્રભુનું શાસન મલ્યું નહિ.

માટે શ્રી નવકાર મંત્રની આરાધના શુભ-ભાવથી કરો !

# મહામંગલ શ્રી નવકાર

શ્રી દલપતલાલ સી. શાહ-મહેસાણા.

**મ**નનું અશુભ વિકલ્પોથી રક્ષણ કરે તે મન્ત્ર.

**હા**મ, ધૈર્ય, શ્રદ્ધા અને એકાગ્રતા. એ મંત્ર સાધનાના મુખ્ય પ્રાણો છે.

**મં**ત્રની પવિત્રતાનો અને વિશિષ્ટ શક્તિનો આધાર તે મંત્રના પવિત્ર અધિષ્ઠાતાઓને આભારી છે.

**ગ**પ્પાં મારવાં એ પ્રમાદ છે, અને તે મંત્ર સાધનામાં મહાન વિક્ષેપરૂપ છે.

**લ**ક્ષ નવકારના વિધિયુક્ત આરાધનાથી આત્મા નવકારના પ્રથમ પદમાં સ્થાન પ્રાપ્ત કરે છે.

**શ્રી** અરિહંતાદિ પંચ પરમેષ્ઠિઓ સર્વનું કલ્યાણ કરવાને સદા તત્પર છે. પૂર્ણ સમર્થ છે. ફક્ત શ્રદ્ધાથી એમના શરણે જવું જોઇએ.

**ન**વકાર એ ફક્ત સામાન્ય સુત્ર નથી. મોહરૂપી સર્પના ઝેરને ક્ષણમાં ઉતારનાર એક અધ્યાત્મ મહામંત્ર છે.

**વ**ધતી જતી શ્રદ્ધા, ભક્તિપૂર્વક ગણાતો નવકાર, એના સાધકની ઉર ભૂમિમાં અધ્યાત્મ ઉષ્મા પ્રગટાવે છે.

**કા**મ-ક્રોધ અને મદ-મત્સરથી મલિન થયેલું મન મૈત્રી આદિ ભાવનાઓથી પવિત્ર બન્યા પછી જ તે પંચપરમેષ્ઠિઓને નમવામાં એકાગ્ર બનશે.

**ર**જનીના અંધકારથીયે ગાઢ અંધકાર માયા અને મિથ્યાત્વનો છે. નમસ્કારરૂપી સૂર્ય વિના તે ભેદાય તેવો નથી. માટે નમસ્કાર એ જીવનનું અમૃત છે.

તમે જૈન છો ? તમારે જીવનને જૈનત્વથી અજવાળવું છે? જૈન સંઘ તથા દેશ-દુનિયાના પ્રશ્નોમાં આધ્યાત્મિક માર્ગદર્શન તમારે મેળવવું છે? તમારે જીવનને સુંદર બનાવવું છે? **જો હા, તો આજેજ તમે**

**'કલ્યાણ'** ના ગ્રાહક બનો !

# મંગલ પ્રભાત

'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા

લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વ પરિચય** : વંકચૂલ અજિતપુરના રાજાના આગ્રહથી હરિનંદન શેઠ તરીકે રહીને નગરમાં થતી ચોરીઓને પકડવા માટે બલરાજને સાગર તરીકે પગી રાખીને કોટવાલની સાથે ચોરને મુદ્દામાલ સાથે પકડી લાવવા નગર બહાર નીકળે છે. રસ્તામાં કોટવાળને ભોજન કરાવીને ઘેનવાળું જલપાન કરાવી બેભાન કરે છે, ને તેને જંગલમા મૂકી દે છે. બાદ અજિતપુરમાં રહીને કરેલી સંખ્યાબંધ ચોરીઓના માલને લઇને પોતાની પલ્લી તરફ તેઓ આગળ વધે છે. : **હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૧૬ મું
## આચાર્ય ભગવંત

વંકચૂલ અને સાગર સહિસલામત પોતાના ગામમાં આવી ગયા. આ વખતે જબ્બર ચોરી કરી હોવાથી અને અજીતપુરના રાજાને સજ્જડ થાપ આપી હોવાથી સહુએ વંકચૂલને હર્ષપૂર્વક વધાવી લીધો એટલું જ નહિ પણ ગામના સઘળા પરિવારોએ ત્રણ દિવસનો એક આનંદોત્સવ ઉજવ્યો.

આ વખતની ચોરીમાં રત્નાલંકારો વધારે હતા. અને તે કોઇ નગરીમાં જ વેંચી શકાય તેમ હતા...વંકચૂલે સૌથી પ્રથમ સઘળાં અલંકારોમાં જડેલાં રત્નો અલગ કર્યાં...અને બાકીનું સુવર્ણ પોતાના સાથીની સહાયથી ગળાવીને ઢાળીયા પાડી દીધા.

રત્નો ખરીદનારા ઝવેરીઓ મોટે ભાગે અવંતી, ચંપા, રાજગૃહી, વૈશાલી આદિ નગરીઓમાં જ રહેતા હતા અને ત્યાં ગયા વગર બધું થાળે પાડવું કઠણ હતું.

વર્ષાઋતુ જામી ગઇ હતી...હવે તો વર્ષા પુરી થાય ત્યારે જ પ્રવાસ કરી શકાય એવી સ્થિતિ હતી એટલે વંકચૂલે સઘળું ધન, રત્નો વગેરે સંભાળપૂર્વક સલામત જગ્યાએ મૂકી રાખ્યું અને પોતે પલ્લીના નિર્માણમાં ગુંથાયો.

દસબાર દિવસ પછી એક મેઘલી રાતે વંકચૂલ પોતાની પત્ની સાથે વાતો કરતો હતો. બહાર આછો વરસાદ વરસી રહ્યો હતો. અંધકાર એટલો ગાઢ હતો કે કશું સુઝતું નહોતું, વંકચૂલની બહેન બાજુના ખંડમાં સૂઈ ગઇ હતી.

વંકચૂલ કમલા સમક્ષ વિગતથી અજીતપુરની વાત કરી રહ્યો હતો. તેણે રાજેશ્વરી સાથેના પરિચયની અને તેના ભવનની પણ વાત કરી હતી. આખી કથા પુરી થયા પછી કમલાએ કહ્યું : 'મહારાજ આપનું સાહસ ખરેખર અપૂર્વ છે... પરંતુ...'

'શું ?'

'એનો ઉપયોગ જો ઉચ્ચ દૃષ્ટિએ થાય તો આપની કીર્તિ અજોડ બની જાય.'

વંકચૂલ પત્નીનો મનોભાવ સમજી ગયો. તે આછા હાસ્ય સહિત બોલ્યો : 'કમલા, તારી ઉચ્ચ દૃષ્ટિ હું સમજી ગયો છું....તારા કહેવાથી મેં જુગાર છોડી દીધો છે...તારા કહેવાથી શરાબ પણ છોડી દીધો છે...આ બંને દુષણ એવાં હતાં કે હું તારા હૈયાથી દૂર રહેતો હતો. પણ મારાથી ચોરી નહિ છૂટી શકે.'

'હું સમજું છુ કે આપ ચોરીને પાપ નથી માનતા પણ કલા માનો છો. આપ સમજો છો કે ચોરીમાં બુદ્ધિ, સાહસ અને ચાલાકી ખીલે છે. આમ છતાં ચોરીથી પ્રાપ્ત થતી કોઇ પણ વસ્તુ ન્યાયોપાર્જિત નથી. બીજાના હક્કને અથવા બીજાની પ્રિય વસ્તુને ચાલાકીથી છીનવી લેવી એને ભલે કલા કહેવામાં આવે...પરંતુ એ અંતે તો ચોરી જ છે...કોઇના વિશ્વાસ અને આંસુથી જ મઢેલી સંપત્તિ છે....'

વચ્ચે જ વંકચૂલ બોલ્યો : 'પ્રિયે, તને યાદ છે ને...'

'શું ?'

'આપણી વચ્ચે થયેલી શરત...'

કમલા મધુર સ્વરે બોલી : 'મને બરાબર યાદ છે...હું તો કેવળ સાહસને સાચા રસ્તે વાળવાની દૃષ્ટિએ આ વાત કહું છું.'

'તારી ભાવના હું સમજી શકું છું. પણ તારે એક વાત લક્ષ્યમાં લેવી જોઇએ.'

'કઈ ?' કમલા પ્રશ્નભરી નજરે સ્વામી સામે જોઈ રહી.

'એક તો ચોરી કરવાની મને નાનપણથી આદત છે...બીજું આ પલ્લીનો હું સરદાર છું... આ પલ્લીમાં રહેતા પ્રત્યેક માણસો ચોરીને ધંધા તરીકે જ માને છે. અને ઉદર પોષણાર્થે ચોરી કરે છે. તું જોઈ શકી છો કે આવી ક્ષુદ્ર ચોરીઓ જ અન્યના આંસુ અને નિઃશ્વાસથી ભરેલી હોય છે. મેં અહીં આ દૃષ્ટિમાં જબ્બર પરિવર્તન કરવા માંડયું છે. બધા ચોર પરિવારો ખેતીના માર્ગે વળી રહ્યા છે....આમ છતાં પણ ચોરીની લાલસા એ લોકોના દિલમાંથી ગઇ નથી... એટલા ખાતર હું મોટી ચોરી કરીને ગામને સમૃદ્ધ બનાવી રહ્યો છું...મને લાગે છે કે ચાર પાંચ વર્ષના પ્રયત્ન પછી આ ગામમાં મારા સિવાય કોઇ ચોરી નહિ કરતું હોય...'

કમલારાણી કશું બોલી નહિ, સ્વામી સામે સ્થિર નજરે જોઈ રહી. વંકચૂલે પત્નીનો એક હાથ પોતાના હાથમાં લઇ કહ્યું : મારી વાતમાં તને કંઇ તથ્ય દેખાય છે ?'

'હા...બીજાઓને ચોરી છોડાવવાનું પુણ્ય મેળવવું છે અને આપને ચોરી...'

વચ્ચે જ વંકચૂલે પત્નીને પોતા તરફ ખેંચતાં કહ્યું : 'મારો તો સ્વભાવ પડી ગયો છે....કોઇનું ધન...કોઈનું મન...કોઇનું દિલ...'

'દુષ્ટ નહિ તો...' કહીને કમલાએ હાથ ખેંચી લીધો અને ઉભી થતાં કહ્યું : 'મધ્યરાત વીતી ગઈ છે....હવે આરામ કરો...'

વંકચૂલ પણ ઉભો થઈ ગયો અને પત્નીને ભુજબંધમાં લેતાં બોલ્યો : 'મારૂં સર્વસ્વ તું છો અને તેં જ મારૂં સર્વસ્વ ચોરી લીધું છે.'

આ રીતે આનંદમાં અને પલ્લિ નિર્માણમાં ચોમાસું પુરૂં થયું.

વંકચૂલ ચોમાસાની ઋતુ હળવી થયાં પછી અવંતી ગયો ....ચોરીનો સઘળો માલ વેંચી... સુવર્ણ મુદ્રાઓ લઈને આવી ગયો....

જે સિંહગુહા પલ્લી વટેમાર્ગુ માટે ભયંકર ગણાતી તે જ સિંહ ગુહા વિશ્રામ સ્થાન સમી બનવા માંડી.

ચર્મણ્યવતી નદિના કિનારે આવેલા જિનાલયનું કામ તો પુરૂં થઈ જ ગયું હતુ...વંકચૂલે ત્યાં જ એક નાનો ઉપાશ્રય પણ બનાવ્યો હતો ..એ સિવાય ગામની વચ્ચે એક સુંદર પાંથશાળા નિર્માણ કરી હતી. ગામના પ્રત્યેક માણસો પાસે પ્રતિજ્ઞા લેવરાવી હતી કે આપણા ગામમાં આવેલો કોઈપણ વટેમાર્ગુ આપણા હાથે લુંટાવો ન જોઇએ.

છેલ્લી ચોરીનું અઢળક ધન આવેલું...ગામને પુરો સંતોષ થયેલો અને ગામમાં આવતા કે ગામના પાદરમાંથી નીકળતા કોઇને ન લુંટવાનો નિર્ણય કર્યો હતો, એટલું જ નહિ પણ વંકચૂલની આજ્ઞા સિવાય કોઈ વ્યક્તિ કયાંય ચોરી કરવા ન જઇ શકે એવો કડક નિયમ રાખવામાં આવ્યો હતો.

પહેલાં આ ગામમાં ખેતી નહોતી, પશુપાલન પણ નહોતું એટલે દરેક માણસો અવિરત ચોરી કરતા હતા...સ્ત્રીઓ પણ શરાબ અને જુગારમાં સપડાયેલી હતી.

વંકચૂલે સહુને ખેતી આપી...દરેક ઘરમાં ચાર છ ઢોર આવ્યાં....ધીરેધીરે ગામના સ્ત્રી પુરૂષોએ દારૂ જુગારને પણ તિલાંજલિ આપવા માંડી. આમ સિંહગુહા પલ્લીની રોનક ફરી ગઈ હતી.

જેઠ મહિનો આવ્યો. છેલ્લી ચોરી કર્યાને એક વર્ષ વીતી ગયું હતુ...વચ્ચેના ગાળામાં બીજી એક પણ ચોરી કરવામાં નહોતી આવી.

વંકચૂલના હૈયામાં એક ભાવના જાગી હતી કે ગામમાં એક વૈદનું ઘર, એક વાણંદનું ઘર, એક સુતારનું ઘર, એક લુહારનું ઘર આમ કંઇક વસવાટ કરાવવો. પરંતુ અહીં વસવાટ કરવા આવે કેવી રીતે? સિંહગુહાની અપકીર્તિ હજી ધોવાઈ નહોતી.

અને જેઠ માસના છેલ્લા સપ્તાહમાં વાદળ દળ ટોળે વળવા માંડયાં...વર્ષાના પ્રારંભકાળમાં કયે સ્થળે ચોરી કરવા જવું એ નક્કી કરવા માટે સહુ ભેગા થયા....પરંતુ વંકચૂલે પોતાના સાથીઓને કહ્યું : 'આપણી પાસે પુષ્કળ ધન છે....ગામમાં કોઇ દુઃખી નથી...તેમ છતાં આ વખતે કોઈ મહાન નગરીમાં ચોરી કરવાનો મારો વિચાર છે... એક જ ચોરી અને સાત પેઢી સુધી ન ખૂટે એટલી સંપત્તિ...પરંતુ આ ચોરી શિયાળાની કડકડતી ઠંડી સિવાય અન્ય સમયે કરી શકાશે નહિ એટલે વર્ષાઋતુના કાળમાં આપણે બધા ખેતી પર જ પુરતું લક્ષ્ય આપીએ તે મને ઉચિત લાગે છે.'

વંકચૂલની ઇચ્છાનો વિરોધ કરવા કોઇ તૈયાર નહોતું સહુએ વંકચૂલની વાતને વધાવી લીધી.

અને બે દિવસ પછી વાદળાં વધારે ગંભીર બન્યાં.. ગાજવીજ પણ થવા માંડી અને સહુના આશ્ચર્ય વચ્ચે ગામમાં આચાર્ય ભગવંત ધર્મપ્રભ મહારાજ ચાર શિષ્યો સાથે પધાર્યા.

ગામ માટે આ એક ભારે આશ્ચર્ય હતું. આ રીતે છેલ્લા કેટલાય વર્ષોથી કોઈપણ જૈનમુનિ આ પલ્લીમાં આવ્યા જ નહોતા. એ પહેલાં પણ વિહાર કરતા કોઇ જૈનમુનિ નીકળતા તો શ્રી જિનેશ્વર ભગવંતના દર્શન કરી, ઘડિક વિસામો લઈ આગળ વિહાર કરી જતા.

જૈન મુનિઓને જોઇને ગામલોકો એકત્ર થઇ ગયા અને બે ચાર જણ સરદાર વંકચૂલને બોલાવી લાવ્યા.

વંકચૂલે ઢીંપુરીનગરીમાં અનેક જૈન મુનિઓને જોયા હતા એટલું જ નહિ પણ પોતેય જૈન-મતાવલંબી હતો એટલે તેણે આચાર્ય ભગવંતને અને અન્ય મુનિઓને વિધિવત્ નમસ્કાર કર્યા.

આચાર્ય મહારાજે ધર્મલાભ આપ્યા અને કહ્યું: 'ભાગ્યવાન, વર્ષાનો પ્રારંભ થઈ જાય એમ લાગે છે...એટલે અમારાથી વિહાર થઈ શકશે નહિ...એથી અમારે અહીં જ ચાતુર્માસ ગાળવું પડશે, તો અમને ધર્મકરણીમાં બાધ ન આવે એવું સ્થળ...'

વચ્ચે જ વંકચૂલે કહ્યું : 'મહારાજ, મારા મકાનમાં આપ પધારો...આપને એક ઓરડો કાઢી આપીશ...આપને કોઇ પ્રકારની અગવડતા નહિ આવે.'

'મહાનુભાવ, અમારાથી કોઇ ગૃહસ્થની સાથે એક જ મકાનમાં ન રહી શકાય.'

વંકચૂલ વિચારમાં પડી ગયો અને મનથી કંઇક નક્કી કરીને બોલ્યો : 'મહાત્મન્, નદિ કિનારે એક જિનાલય છે...ત્યાં એક ઉપાશ્રય પણ છે... ત્યાં આપ ચાતુર્માસ ગાળી શકો છો...પરંતુ અમારી એક શરત આપે સ્વીકારવી પડશે.'

'શરત?'

'હા મહારાજ...આ ગામ ચોર લોકનું છે... ચોરી એ જ આ ગામનું જીવન છે...આપ પરમ-જ્ઞાની પુરુષ છો અને આપના ઉપદેશથી લોકોના હૈયામાં ચોરી એ પાપ છે એવું ઠસી જાય તો લોકો કંગાલ બની જાય...એટલે જો આપ ચાતુ-ર્માસ દરમ્યાન કોઇ પ્રકારનો ઉપદેશ ન આપવાની શરત સ્વીકારો તો આપ અતિ પ્રસન્ન ચિત્ત સાથે ઉપાશ્રયમાં ચાતુર્માસ ગાળી શકો છો.'

આચાર્ય શ્રી ધર્મપ્રભ મહારાજ આછું હસ્યા અને શાંત સ્વરે બોલ્યા : 'ભલે...આ શરત માન્ય કર્યા સિવાય અમારી સામે બીજો કોઈ વિકલ્પ નથી, કારણ કે અમે આગળ વિહાર શકીએ એમ નથી.'

તરત વંકચૂલ બધા મુનિઓને ગામથી જરા દૂર આવેલા નદિ કિનારાના ઉપાશ્રયે લઈ ગયો.

ઉપાશ્રય સુંદર અને સ્વચ્છ હતો...વાતાવરણ અતિ શાંત હતું. ધર્મારાધનમાં કોઈ પ્રકારનો અંતરાય આવે એવી પરિસ્થિતિ નહોતી. ગામ

પણુ દૂર હતું એટલે સંસારીઓના કલરવથી બચાય તેમ હતું.

મહારાજશ્રી પોતાના શિષ્યો સાથે ઉપાશ્રયમાં દાખલ થયાં.

અને બીજી જ પળે વર્ષાનો પ્રારંભ થયો.

અજીતપુરમાં રાજભવનમાં અને અન્યત્ર થયેલી ચોરીઓ પર એક વર્ષ વીતી ગયું હતું. કોટવાલ જ્યારે ભાનમાં આવ્યો હતો ત્યારે તેની આસપાસ કોઈ નહોતું. તેને ત્યારે આશ્ચર્ય થયું હતું કે હરિનંદન અને બલરાજ ક્યાં ગયા? શું બલરાજ ચોરના અડ્ડા તરફ હરિનંદનને લઇને ગયો હશે? અથવા માંત્રિક ચોરે બંનેને સપડાવ્યા હશે?

આવા સંશય સાથે તે ભારે ચિંતિત મને મહારાજ પાસે ગયો હતો અને પોતાની નાનપ ન ગણાય એટલા ખાતર તેણે એવી રીતે વાત કરી હતી કે...'માંત્રિક ચોરના પંજામાં બંને સપડાઇ ગયા છે...'

મહારાજ દુર્દમસિંહ ભારે મુંઝાયા...તેમણે જાતે સો સૈનિકો લઈને નગરીની આસપાસના પ્રદેશમાં બબે કોશ પર્યંત તપાસ કરાવી પરંતુ કોઇ પરિણામ આવ્યું નહોતું.

કોટવાલે મહિનાઓ સુધી ચાંપતી તપાસ ચાલુ રાખી હતી પરંતુ હરિનંદન કે બલરાજના કાંઇ વાવડ મળ્યા નહોતા.

જો કે આ દિવસ પછી એક વર્ષમાં બીજી એક પણ ચોરી નહોતી થઈ...છતાં રાજાના હૈયામાં એક દુઃખ તો રહી ગયું હતું. એનું અરમાન તૂટી ગયું હતું...એના ગર્વનું ખંડન થયું હતું અને ચોર કે ચોરીનો માલ જાણયે હવામાં ઉડી ગયો હોય એમ લાગતું હતું.

રાજેશ્વરી પણ પોતાના પ્રિયતમ હરિનંદનની રાહ જોઈ રહી હતી...

પરંતુ એને ખબર નહોતી કે હરિનંદનના નામે આવેલો વંકચૂલ પોતે જ મહાચોર હતો...એ પ્રિયતમ નહોતો પણ માયાવી હતો!

ઇતિહાસ પણ ભુલાતો ને ભુંસાતો જતો હોય છે તો પ્રસંગો ભૂલાઇ જાય એમાં શી નવાઈ?

એક વર્ષ પછી સહુ ચોરને ભૂલી ગયા હતા. રાજેશ્વરી પણ હરિનંદનને ભૂલીને પોતાના ધંધામાં મગ્ન બની ગઈ હતી...રાજાના હૃદયમાં પોતાની નિષ્ફળતા કોઈ કોઈ પ્રસંગે ડંખતી હતી...પણ આ નિષ્ફળતાના નિવારણનો કોઈ ઉપાય નહોતો.

સિંહગુહામાં આનંદ અને આરામથી રહેતો વંકચૂલ તો આ બધી વાતોને અને વ્યક્તિઓને સાવ વિસરી ગયો હતો.

તે કોઈ કોઈવાર મુનિરાજના દર્શને જતો... તેના સાથીઓ પણ જતા....

અને વંકચૂલની બહેન શ્રી સુંદરી અને પત્ની કમલારાણી તો નિયમિત ગામની આઠ દશ સ્ત્રીઓને લઇને મુનિશ્રીને વાંદવા અને શ્રી જિનેશ્વર ભગવંતના દર્શન કરવા જતી હતી.

આચાર્ય ભગવંત કે તેમના શિષ્યો કોઈને ઉપદેશ આપતા નહોતા. જૈન મુનિઓ કોઈપણ સંયોગોમાં વચન ભંગ કરતા જ નથી. તેઓ ગામમાં ગોચરી માટે જતા અને ઉચિત આહાર મેળવીને પાછા વળી જતા....કોઇને પણ કાંઇ પ્રકારનો ઉપદેશ આપતા નહોતા.

ગોચરી માટે પણ હંમેશ નહોતું જવું પડતું. પાંચેય મુનિઓ મોટે ભાગે કંઇ ને કંઈ તપશ્ચર્યા કરતા હતા...આઠ દસ કે પંદર દિવસે એકાદવાર ગોચરીનો પ્રસંગ મળતો હતો...એમાં વરસાદ વરસતો હોય તો એ પ્રસંગ અધૂરો રહી જતો. આવા વખતે વંકચૂલ પોતાની પત્ની સાથે ખાદ્ય સામગ્રી લઇને વહોરાવવા આવતો...પરંતુ જૈન મુનિઓને એ રીતે આવેલી કોઈ ચીજ કલ્પતી નહોતી.

ઉપદેશ ન આપવા છતાં ગામના પ્રત્યેક માનવીના દિલ પર જૈન મુનિઓની હાજરીનો એક અજબ પ્રભાવ પડી ચુકયો હતો.

જૈન શ્રમણોનું જીવન જ જીવંત ઉપદેશ સમું હોય છે. સંસારના કોઇ પણ ત્યાગી કરતાં એમનો

ત્યાગ ઉચ્ચકોટિનો હોય છે....સંસારના અન્ય કોઇ તપસ્વી કરતાં એમનું તપ જ્ઞાનગર્ભિત અને ઉચ્ચ-કોટિનું હોય છે.

સંસારના અન્ય કોઈ પણ સાધુ સંત કરતાં જૈન શ્રમણની તપ અને જ્ઞાનની ઉપાસના અપૂર્વ હોય છે.

અને આથી જ આમ જનતાના હૈયા પર એક પ્રકારનો ઉત્તમ પ્રભાવ પડ્યા કરે છે.

જે જૈન મુનિઓ કદી અસત્ય બોલતા નથી... કોઈનું મન દુભવતા નથી....મન વચન અને કાયાથી પણ હિંસા કરતા નથી કે કરનારને અનુમોદતા નથી. દેહ સુખ ખાતર કોઈ પ્રકારની પ્રવૃત્તિ આચરતા નથી અને એવો કોઇ પરિગ્રહ રાખતા નથી કે જેથી એમના મનમાં લોભને સ્થાન મળે!

આવા મહાન જૈન મુનિઓ પરમશાંત ભાવે ધર્મારાધન કરતા સિંહગુહાના ગોંદરે ચાતુર્માસ ગાળી રહ્યા હતા.

અને વંકચૂલ પણ જૈન મુનિવરો શરતનું પાલન બરાબર કરે છે કે નહિ તેની તપાસ રાખ્યા કરતો.

ચાતુર્માસ પુરૂં થવા આવ્યું ત્યારે વંકચૂલના હૈયામાં આવા તેજસ્વી અને પરમજ્ઞાની જૈન મુનિઓએ વગર ઉપદેશે સ્થિર સ્થાન લઇ લીધું હતું, તેનો સંતોષ હતો.

(ક્રમશઃ)


## અક્ષરદેહથી અનંતકાળ સુધી અમર બનો


ત્રિભુવનદીપક જૈનશાસનના ગહન રહસ્યો અને અમૂલ્ય ધર્મોપદેશોની પ્રભાવનાં પ્રચાર–જૈન જૈનેતર સ્વપર પ્રાંતીય જનતામાં અને વિશ્વભરના દેશોમાં સ્વજનોના સ્મરણાર્થે અને આત્મકલ્યાણાર્થે કરી પરમ પુણ્ય મેળવવા અક્ષરદેહથી અનંતકાળ સુધી અમર બનવા સંસ્કૃત–પ્રાકૃત–ગુજરાતી હિંદી ધર્મ ગ્રંથોનું પ્રભાવશાળી, રોચક અને પ્રાસાદિક શૈલિથી ઉચ્ચ કક્ષાના અંગ્રેજીમાં ભાષાંતર (અનુવાદ) કરાવો.

લખો–મળો.

**પ્રો. ઘનશ્યામ જોષી.** એમ. એ.
**સાહિત્યાચાર્ય (૪૬ એ. ભારતનગર, ત્રીજે માળે, ગ્રાંટરોડ મુંબઇ-૭)**

ભુતપૂર્વ એમ. ટી. બી. કોલેજ સૂરત, ખાલસા કોલેજ મુંબઈના સંસ્કૃત–પ્રાકૃતના પ્રોફેસર, પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વર કૃત 'આત્મતત્ત્વ વિચાર,' દર્શનવિજયજી કૃત, 'મહાવીર ભગવાન,' 'ઔષધિ-વિજ્ઞાન' અને પૂ. પં. શ્રી કીર્તિવિજયજી કૃત 'અહિંસા'ના અંગ્રેજી ભાષાંતર કર્તા.

**તા. ક.** ભાષાંતર, પ્રૂફશોધન અને પુસ્તક છપાઈ એમ સંપૂર્ણ સાંગોપાંગ ગ્રંથ પ્રકાશન કરી આપવામાં આવશે.



## મનનીય પુસ્તકો

**વિશ્વપ્રાણ શ્રી નવકાર :** લે. મફતલાલ સંઘવી
**મૂલ્ય રૂપીઓ એક.**

**અપૂર્વ નમસ્કાર :** લે.–મફતલાલ સંઘવી
**મૂલ્ય રૂપીઓ એક.**

ટપાલ ખર્ચ માફ.

પ્રાપ્તિસ્થાનઃ– **મફતલાલ સંઘવી.**
રીસાલા બજાર, **ડીસા.**

# બાલજગત

શાંતિલાલ દાશા

સંપાદક : શ્રી 'નવિન'

## પ્યારા બાલ બિરાદરો !

તમો સૌ અવનવા પત્રો લખી મોકલો છો તેથી મને ખુબ જ આનંદ થાય છે એ માટે તમને મારા અભિનંદન.

## મિત્રો !

આવતા અંકથી 'દોસ્ત મંડળ' વિભાગ શરૂ થશે. હજારો વાચકોની વચ્ચે ઓળખાણ કરાવનાર 'દોસ્ત મંડળ'ના સભ્ય થવા તાકીદે કુપન મંગાવી લેશો. ભૂલતા નહિ.

'બાલ જગત'માં ઈનામી હરીફાઇ 'વગર પ્રવેશ ફી'ની શરૂ કરવા વિચાર છે તો તે માટે તમારો અભિપ્રાય અને યોજના જણાવશો.

## વ્હાલા બાલ લેખકો !

તમારા તરફથી મને 'બાલ જગત' માટે લખાણ તો ઘણું જ મળે છે, પણ તેની પાછળ જે મહેનત લેવી જોઇએ તે લેવાતી લાગતી નથી એમ સ્પષ્ટ જણાય છે. ઝટ લખી-ઝટ છપાય ને ઝટ નામ પ્રસિદ્ધ થાય એવી ઘણા બાલ લેખકોની ખાસ ભાવના રહે છે, પણ એ ઉતાવળી ભાવના પ્રગતિમાં પીછેહઠ કરાવનારી છે એ ધ્યાન પર લઈ બાલ વાચકોને ધર્મશ્રદ્ધા અને સંસ્કારીતામાં વૃદ્ધિ કરે તેવા સાદા અને સરળ લખાણ મોકલવા મારી ખાસ અંગત તમને સલાહ છે.

અચ્છા ! નમસ્તે.

ફરી મળીશું.

ક્યારે !

સમજી ગયાને ! તો બસ.

તમારો મિત્ર

નવિનના સ્નેહવંદન

⊙

## બેઘડી મોજ

કનુ : હું તોફાન કરૂં તો મારા બાપુજી મને મારે.

મનુ : મારા બાપુજી મને જરાયે ન મારે.

કનુ : ત્યારે તું તારા બાપુજીનો લાડકો હોઈશ.

મનુ : ના, મને બે દિવસ ખાવા જ ન આપે.

શ્રી કિરીટ દોશી-રાજકોટ.

⊙

શિક્ષક : રાજેશ ! નદીમાં પાણી ક્યાંથી આવે છે ? અને ક્યાં જાય છે ? કહે જોઉં !

રાજેશ : વરસાદથી આવે છે. અને દરિયામાં જાય છે.

શિક્ષક : ત્યારે બધી નદીઓના પાણી દરિયામાં જાય છે છતાં પણ દરિયો કેમ છલકાઈ જતો નથી ?

રાજેશ : કારણ કે માછલીઓ પાણી પી જાય છે એટલે, સાહેબ !!

કુ. ઇન્દિરા શાહ-મુંદરા.

⊙

રસેન્દુ : (ડોક્ટરને) તમારો ધંધો કેમ ચાલે છે ?

ડોક્ટર : ઠીક...ઠીક...

રસેન્દુ : ઠીક...ઠીક...એટલે

ડોક્ટર : સવાર કરતાં સાંજના દરદીઓની સંખ્યા ઓછી રહે છે.

રસેન્દુ : સવારના કેટલા દરદી આવે છે ?

ડોક્ટર : એક....તે પણ ક્યારેક ભુલેચૂકે !!

શ્રી દિનેશકુમાર દેવચંદ-કંબોઇ.

⊙

## —૦ કહેવત ઉકેલો ૦—

આ આ વેલા રડે ડોકડે

'ઉકેલ : આડે લાકડે આડો વેર.'

## ⊙ શોભે નહિ ⊙

પાણી વગર નદી
શ્રોતા વગર વક્તા
ધર્મ વગર માનવી
ચંદ્ર વગર રાત્રી
ભાવ વગર ક્રિયા
પ્રભુ વગર મંદિર
જયણા વગર શ્રમણ
સુમંત્રી વગર રાજ્ય

શ્રી 'ભુવનશિશુ'–ખામગાંવ.

⊙

## મગજની મીઠાઈ

એવી કઈ નદી મહા ગુજરાતમાં છે કે જેમાં એક પ્રાણીનું નામ છૂપાયેલું છે? કહો જોઈએ?

શ્રી જીતેન્દ્ર એસ. ગાંધી–પાટણ.

જવાબ : સાબરમતી

## જગતની મોટી નહેરો

| નહેરનું નામ | લંબાઇ (માઇલ) |
|---|---|
| વ્હાઇટ કેનાલ | ૧૪૦ |
| સુએઝ | ૧૦૩ |
| વોલ્ગા–મોસ્કો | ૮૦ |
| એલ્બ–ટ્રેવ | ૪૧ |
| માન્ચેસ્ટર | ૩૫।। |
| પ્રિસેંસ જુલિયાના | ૨૫ |
| આર્મસ્ટ ડામ | ૧૬।। |

શ્રી ધ. ર. શાહ–વડોદરા

## કોણ કોનાથી શોભે !


સત્વથી શૂરવીર શોભે !
મુગુટથી મસ્તક શોભે !
નંદનવનથી મેરૂ શોભે !
નિર્મમત્વથી યતિ શોભે !
રાજહંસથી સરોવર શોભે !



સમગ્ર અમેરિકાખંડનો રાજમાર્ગ (વાહનો વગેરે ચાલી શકે એવો પાકો રસ્તો) ઉત્તરે આલાસ્કાના ફેરબેન્કસથી દક્ષિણમાં આર્જેન્ટિનાના બ્યુએનોસ એરિસ સુધી લંબાય છે. એની લંબાઈ ૧૮,૮૭૯ માઇલ છે,



દુનિયાનાં મોટામાં મોટાં ગણાતા શિલ્પ અમેરિકાના દક્ષિણ ડાકોટા રાજ્યમાં આવેલા માઉન્ટ રશમોર નેશનલ મેમોરિયલનાં શિલ્પ છે. અમેરિકાના ચાર પ્રમુખો વોશિંગ્ટન જેફર્સન, થીઓડર રૂઝવેલ્ટ અને લિંકનનાં એ પથ્થરનાં મુખાશિલ્પ ૪૬૫ ફુટ ઉંચી માનવપ્રતિમાના પ્રમાણથી ઘડવામાં આવ્યાં છે.



ડોડો આંચળવાળું એક અજબ પ્રાણી છે. હવે એ પ્રાણી દુનિયામાંથી ભુંસાઈ ગયા છે. હિન્દી મહાસાગરના મોરિશિયસ અને રીયુનિયન ટાપુઓ પર વહાણવટીઓએ આ પ્રાણીઓની કત્લેઆમ ચલાવેલી. ૧૮૬૦માં તો તેમનો સમૂળગો નાશ થઈ ગયો. રે, ક્રૂરતા !

## શબ્દ ગમ્મત

કમળમાં છું પણ જાસૂદમાં નથી.
કૌસલ્યામાં છું પણ સુમિત્રામાં નથી.
બાણમાં છું પણ ધનુષ્યમાં નથી.
ચોમાસામાં છું પણ ઉનાળામાં નથી.
સિતારમાં છું પણ બંસરીમાં નથી.
કારતકમાં છું પણ માગસરમાં નથી.
(શોધી કાઢો હું કોણ?)

જવાબ : કલ્યાણ માસિક

**શ્રી શશિકાન્ત પી. શાહ-સાબરમતી.**

## શું ?

શું તોલશો ? ન્યાય
શું બોલશો ? હિતકર
શું આપશો ? દાન
શું લેશો ? વીર નામ
શું છોડશો ? કૂટેવ
શું જોશો ? ગુણ
શું ધોશો ? મનમેલ
શું વિચારશો ? ફરજ

**શ્રી મૃદુલ.**

## ⊙ સાચો ધર્મ ⊙

ગુજરાતના રાજા સિદ્ધરાજે એક વખત પૂ. આ. શ્રી હેમચંદ્રાચાર્યને પૂછ્યું : 'કયા કયા કર્મ કરવાથી ધર્મ પ્રાપ્ત થાય?'

પૂ. આ. શ્રી હેમચંદ્રાચાર્ય તો વિદ્વાન હતા. તેઓએ તરત જ કહ્યું : 'પાત્ર જોઇ દાન કરવું... ગુરુજનો પ્રત્યે વિનય દર્શાવવો...પ્રાણીમાત્ર પ્રત્યે દયા રાખવી...ન્યાયવૃત્તિ રાખવી...હંમેશા પારકાનાં 'કલ્યાણ'ના જ ઉપાય શોધવા...લક્ષ્મીનું અભિમાન ન કરવું...સંતસમાગમ હંમેશા કરવો... સૌને માટે આ જ એક સાચો ધર્મ છે.'

—સબરસ

## બે ની બુ બે

જગતમાં અંધ બે છે : કામી અને ક્રોધી
ખરી આંખો બે છે : શ્રદ્ધા અને વિવેક
આત્માના શત્રુ બે છે : રાગ અને દ્વેષ
માનવીની શોભા બે છે : દાન અને દયા
પ્રેમનાં શત્રુ બે છે : ઇર્ષ્યા અને વ્હેમ
ઝગડાનાં મૂળ બે છે : મારૂં અને તારૂં

**શ્રી સારથિ.**

## શોધ....શોધક....સાલ

સીનેમા...... એડીસન ......૧૮૭૦
છાપખાનું...... ચાઇનીઝો ......૫૯૩
સ્ટીમર......રોબર્ટ ફલ્ટન......૧૮૦૯
રીવોલ્વર....... કોલ્ટ .......૧૮૩૫
એન્જીન......સ્ટીવનસન......૧૮૧૩
થર્મોમિટર...... ફેરેન્ટીટ ......૧૭૨૧
પોલાદ...... બેસમેર ......૧૮૫૮
ઘોડાગાડી...... ટ્રાઇન ......૧૮૬૦

**શ્રી પ્રેમીલા આર. શેઠ-તેજગઢ.**

## નથી નથી નથી

હરણ કોઇ રણ નથી
શંકર કોઈ કર નથી
ઢીંગલી કોઈ ગલી નથી
ખુરસી કોઈ રસી નથી
અશોક કોઈ શોક નથી

**શ્રી પંકજ-અમદાવાદ.**

## સવાલ – જવાબ

સઘળા પાપનું મૂળ શું ? પરિગ્રહ
સૌથી મોટો નશો કયો ? સત્તાનો
માનવીનો દુશ્મન કોણ ? અભિમાન
સૌથી મોટું દૂષણ કયું ? દુરાચાર
મૃત્યુ પછીનો સાથી કોણ ? ધર્મ
સુખ શામાં સમાયેલું છે ? સંતોષમાં
દુનિયામાં મહત્તા કોની ? સચ્ચારિત્ર્યની

**કુ. કુસુદ એમ. શાહ-મુંદ્રા.**



મોગલ સમ્રાટ અકબરે પોતાના રાજ્યમાં કેટલોક સમય સુધી ગૌ હત્યા પર પ્રતિબંધ મૂક્યો હતો.

## બાલ જગત અમર રહો.

બાળમાં છું પણ વાળમાં નથી.
લબ્ધિમાં છું પણ ઉપધિમાં નથી.
જનતામાં છું પણ માણસમાં નથી.
ગમ્મતમાં છું પણ રમતમાં નથી.
તળેટીમાં છું પણ પહાડમાં નથી.
અર્થમાં છું પણ મૂળમાં નથી.
મરતમાં છું પણ નમાલામાં નથી.
રમવામાં છું પણ પડવામાં નથી.
રથમાં છું પણ ગાડીમાં નથી.
હોજમાં છું પણ કુવામાં નથી.

**શ્રી કનૈયાલાલ એફ. વલાણી.**
(શ્રીકેતુ) ચાણસ્મા.

## હું શોધીશ

હુકમ મુજબ ખુલે-બંધ થાય તેવું કબાટ
જીભ માટે બ્રેક
પાણી ન ખૂટે તેવું માટલું
આખો દિવસ આનંદમાં જાય તેવી દવા
પૈડા વગર દોડે તેવી મોટર
અણી ઘસાય નહિ તેવી પેન્સીલ
નરક બતાવે તેવું ટેલિવીઝન
પાણીમાંથી પેટ્રોલ બનાવે તેવું યંત્ર
દુઃખને હણે તેવું શસ્ત્ર
મનનો મેલ ધોવાનો સાબુ

**શ્રી રમેશકુમાર દલપતલાલ-ચાણસ્મા.**

## ૧૦૦ની કરામત

છગન ૧૦૦પારી ખાય છે.
વસુબેન ૧૦૦ડા પીએ છે.
તમે ક્યારે મુંબઈ જ૧૦૦?
રાજેન્દ્ર પાસે ૧૦૦ટી છે.
૧૦૦મલ એક ઝેરનું નામ છે.
મને તમારી પેન આપ૧૦૦?
મૂળરાજ ૧૦૦લંકી રાજા હતો.

**શ્રી ભુરમલ ધરમાજી-ખોપોલી.**

## 'બાલ જગત'ની પત્ર પેટી

**શ્રી રજનીકાન્ત લહેરચંદ, ધંધુકા**-'બે ઘડી મોજ' આગામી અંકમાં પ્રગટ થશે.

**શ્રી ઈશ્વરલાલ હરગોવનદાસ, ભાભર**-'જાણવા જેવુ'માં કાંઈ નવીનતા નથી. 'સુવાક્યો' હાલ લેવા બંધ કર્યા છે. ધાર્મિક બોધપ્રદ નાના લેખ લખાય તો ઈચ્છનીય છે તેમજ ટૂંકા પ્રસંગ ચિત્રો મોકલશો.

**શ્રી શામજી શંકરજી, ભુજ**-'નથી....નથી' જુલાઈ માસમાં પ્રસિદ્ધ થશે.

**શ્રી શશીકાન્ત પી. શાહ, સાબરમતી**-'શોધી કાઢો' લેવાશે.

**શ્રી હસમુખ સી. ઉપાધ્યાય. દાવડ**-પત્ર મળ્યો ખુશીથી 'બાલ જગત'ને ઉપયોગી લખાણ મોકલાવશો. સારા હશે તો પ્રગટ કરવા શક્ય થશે. ભલી લાગણી બદલ આભાર.

**શ્રી દિનેશચંદ્ર એસ. સંઘવી, ડીસા**-'શોધ અને શોધક' પ્રગટ નહિ થાય. કોઈ ટૂંકા મનનીય લેખ મોકલતા રહો. મજામાં હશો.

**શ્રી સુરેશચંદ્ર શાહ, મુંદરા**-'જ્યાં અને ત્યાં' લેવાશે. 'પ્રેરણાનું ભાથું' (સુભાષિત) પ્રગટ નહિ થઈ શકે. 'બાલ જગત' પ્રત્યેની તમારી મમતા માટે આભાર.

**શ્રી રમેશચંદ્ર દલપતલાલ, ચાણસ્મા**-'બે ઘડી હસો' અવસરે લેવાશે, ધીરજ રાખજો.

**શ્રી જશવંત એમ. શાહ, ખાવડ**-પત્ર મળ્યો, આભાર. 'અવનવું' પ્રસિદ્ધ નહિ થાય. 'બે ઘડી મોજ' અવસરે જરૂર લઈશ. સહકાર આપતા રહેજો.

**'પુણ્યબાલ' ખામગાંવ**-'શોધી કાઢો' આવતા અંકે લઈશ. બાળકોને ઉપયોગી સાહિત્ય જરૂર મોકલતા રહેજો. 'બાલ જગત'માં વધુ ને વધુ આકર્ષણ લાવવા યોગ્ય સૂચના આપતા રહેજો.

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

**[ 'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા ]**

**પૂર્વ પરિચય :** પ્રહસિત આદિત્યપુર પહોંચી રાજા પ્રલ્હાદ તથા મહારાણી કેતુમતીને મળે છે, ને પવનંજય અંજનાના વિયોગે અગ્નિમાં પડવા તૈયાર થઈ રહ્યો છે, એ સમાચાર આપે છે. આ સાંભળી રાજા-રાણી વ્યગ્ર બને છે. છેવટે સેનાપતિને કહી અંજના તથા પવનંજયને શોધવાની તૈયારીઓ કરે છે. સેનાપતિ દક્ષિણ દિશા તરફ નીકળે છે, ત્યાં તેને અંજના હનુપુરનગરમાં છે, તે સમાચાર મળે છે. તે હનુપુર પહોંચીને અંજના તથા માનસવેગને પવનંજયના સમાચાર આપે છે, તે બધા તૈયાર થાય છે. રાજા પ્રલ્હાદ ભૂતવનમાં આવે છે, ને અગ્નિમાં પડવા તૈયાર થયેલ પવનંજયને રોકે છે. ત્યાં અચાનક સેનાપતિ, માનસવેગ તથા અંજના અને બાલપુત્ર હનુમાન આવે છે. ભૂતવન દેવવન બને છે. આનંદ-ઉત્સવ ઉજવાય છે, ને મહાસતી અંજનાના સતીત્વનો વિજયધ્વજ ફરકે છે. રસભરપૂર આગળ વહેતી આ કથાનો રસિક ભાગ જાણવા **હવે વાંચો આગળ :**

## ખંડ [૨]

## ૧૧ : હનુમાન યુદ્ધની વાટે....

**ક**યા મનુષ્યના જીવનમાં મુંઝવણ નથી આવી ? કયા જીવને જીવતરમાં વિઘ્નો નથી નડયાં ? સંસારવાસી હો યા સંસારત્યાગી હો, જ્યાં સુધી આત્મા દેહધારી છે ત્યાં સુધી બાહ્ય-આંતરિક વિઘ્નો તેના જીવન પર પ્રહાર કરતાં રહે છે. સત્ત્વહીન મનુષ્ય એ વિઘ્નોનો બલિ બની જાય છે, જ્યારે સત્ત્વસભર મનુષ્ય વિઘ્નોને પગતળે કચડી નાંખી આગળ ધપતો રહે છે.

ગુણીયલ આત્મા પર પણ જગત પ્રહારો કરે છે અને દુર્જન આત્મા પર પણ જગત પ્રહારો કરે છે. અંજના જેવી મહાસતી પર આપત્તિઓ પડવામાં કંઇ કમીના ન રહી. પરંતુ મહાસતી ધીરતા ને વીરતાથી આપત્તિઓના ઝંઝાવાતમાં નિશ્ચળ રહી. ઝંઝાવાત શમી ગયો...પુનઃ સ્વસ્થતા ને પ્રસન્નતા પ્રાપ્ત થઈ.

સહુ હનુપુરનગરમાં આવી પહોંચ્યા. રાજા માનસવેગે સારાય નગરમાં મહોત્સવ જાહેર કર્યો. આઠ દિવસ સુધી વિદ્યાધરોએ જિનમંદિરોમાં ભિન્ન-ભિન્ન પ્રકારે પ્રભુભક્તિ કરી. માનસવેગે છૂટે હાથે દાન દીધાં. હનુપુરનગરની શેરીએ શેરીએ નાટારંભો યોજાયા. અંજના-પવનંજયનાં ઘેરઘેર ગુણ ગવાયા.

પ્રહ્લાદે અને મહેન્દ્રે જવા માટે અનુજ્ઞા માંગી માનસવેગે વધુ રોકાવા માટે આગ્રહ કર્યો પરંતુ બંને રાજાઓ પોત-પોતાનાં રાજ્ય સૂનાં મૂકીને આવ્યા હતા, ગયા વિના ચાલે એમ ન હતું. માનસવેગે જવાની અનુજ્ઞા આપી. પ્રહ્લાદે પવનંજય-અંજનાને હનુમાનને આદિત્યપુર આવવા માટે કહ્યું. પરંતુ પવનંજયની ઈચ્છા હવે આદિત્યપુર જવાની ન હતી. એવી રીતે અંજના તથા હનુમાનને આદિત્યપુર મોકલવા માટે માનસવેગ પણ રાજી ન હતા, પ્રહ્લાદ અને કેતુમતીએ ઘણો આગ્રહ કર્યો. પરંતુ માનસવેગનું મન ન માન્યું.

'પિતાજી, આપ એમ ન ધારશો કે આપના પ્રત્યે અમને રોષ છે. પરંતુ અંજના-હનુમાનને અહીં ફાવી ગયું છે તેમજ મામાજી પણ તેમને મોકલવા રાજી નથી. વળી આદિત્યપુર પ્રસંગે આવવામાંય ક્યાં વિલંબ થવાનો છે ?' પવનંજયે પ્રહ્લાદને કહ્યું.

પ્રહ્લાદની આંખમાં આંસુ ભરાયાં. તેના વયોવૃદ્ધ મુખ પર દુઃખની રેખાઓ ઉપસી આવી.

એ તો નિશ્ચિત થઈ ચૂક્યું હતું કે અંજના નિષ્કલંક હોવા છતાં કેતુમતીએ તેને કલંકિત કરી હતી. તેમાં રાજા પ્રહ્લાદે પણ સાથ આપ્યો હતો. જાણે કે પોતાના ગુનાની સજા અત્યારે થતી હોય એમ પ્રહ્લાદને લાગ્યું. પવનંજય-અંજના ને

હનુમાનને લીધા વિના આદિત્યપુરમાં જવું, એ પણ એક શરમજનક પરિસ્થિતિ હતી. કેતુમતીએ પવનંજયને સમજાવ્યો. પરંતુ પવનંજયે તો સ્પષ્ટ વાત કરી.

'માતા, મને એવો આગ્રહ નથી કે અહીંયા જ રહેવું. તમે મામા-મામીને સમજાવો, જો તેઓ સમજી જાય અને અંજનાનું દિલ માનતું હોય તો મને ત્યાં આવવામાં કોઇ દુઃખ નથી. હું તો રાજી છું.'

'રાજન્, તમે આગ્રહ ન કરો. અંજના ને હનુમાન સાથે આખું હનુપુર હળી-મળી ગયું છે. હું કદાચ તેમને જવાની રજા આપીશ, પરંતુ અંજનાની મામીઓ, બહેનો...અને નગરજનો નહિ જ આવવા દે.' માનસવેગે પ્રહ્‌લાદને પ્રાર્થના-પૂર્વક કહ્યું.

'વળી, જે ક્ષણે આપ અમને ત્યાં બોલાવશો ત્યારે અમે ત્યાં હાજર થઈશું. હનુમાનને આદિત્ય-પુર બતાવવું તો પડશે ને!' પવનંજયે નાના હનુમાનની સામે જોયું. પ્રહ્‌લાદે હનુમાનને તેડી લીધો અને છાતી સરખો ચાંપ્યો.

'દાદાજી, તમે ક્યાં જાઓ છો?' હનુમાને પ્રહ્‌લાદનું મુખ પકડીને પૂછ્યું. હનુમાનના સાકરના ટુકડા જેવા શબ્દો સાંભળીને પ્રહ્‌લાદનું હૈયું હર્ષથી નાચી ઉઠ્યું.

'તારા ઘેર જઇએ છીએ!' પ્રહ્‌લાદે હનુ-માનના પ્રશ્નનો જવાબ આપ્યો.

'મારૂં ઘર તો આ છે!' હનુમાને પવનં-જયની સામે જોયું. પ્રહ્‌લાદ શું જવાબ આપે?

સેનાપતિએ ખંડમાં પ્રવેશ કર્યો અને પ્રણામ કરીને કહ્યું:

'મહારાજા, વિમાનો તૈયાર થઇ ગયાં છે.'

'હા, અમે તૈયાર જ છીએ...' રાજા મહેન્દ્રની સાથે પ્રહ્‌લાદ બહાર નિકળ્યા. પોતપોતાના પરિવાર સાથે રાજાઓ વિમાનમાં પ્રવેશ્યા. પવનંજયે અને અંજનાએ પ્રહ્‌લાદના ચરણોમાં નમસ્કાર કર્યા પછી કેતુમતીના ચરણોમાં પણ નમસ્કાર કર્યા. બંનેએ આશીર્વાદ આપ્યા. હનુમાનને સારી રીતે શિક્ષણ આપવા વગેરેની મીઠી શિખામણ આપી પ્રહ્‌લાદે વિમાનને ગતિ આપી.

રાજા મહેન્દ્રને પણ પવનંજયે પ્રણામ કર્યા. અંજનાએ પિતાના ચરણોમાં નમસ્કાર કર્યા અને વિમાન આકાશ માર્ગે ચાલતું થયું.

સહુને વળાવી માનસવેગ પવનંજયનો હાથ પકડી પોતાના મંત્રણા ખંડમાં ગયો. પવનંજયને પોતાની બાજુમાં જ બેસાડી માનસવેગે કહ્યું:

'પવનંજય, અહીં તમારે કોઈપણ વાતે સંકોચ રાખવાનો નથી. આ રાજ્ય હવે તમારે જ સંભાળવાનું છે.'

'હું જરૂર આપના કાર્યમાં સહાયક થઈશ... બાકી રાજ્યની ધુરા આપે જ રાખવાની છે.' પવનંજયે માનસવેગની વાતને અંશે સ્વીકારી.

'ના, હું તો હવે નિવૃત્ત થવા ચાહુ છું...અને બાકીની જીંદગી શ્રી જિનેશ્વર ભગવંતની ઉપાસ-નામાં વ્યતીત કરવાની અભિલાષા સેવું છું. એટલે રાજ્યની ધુરા તમારે જ ધારણ કરવી પડશે.'

પવનંજય વિચારમાં પડી ગયો.

'એમાં તમારે કંઈ વિચારવાનું નથી. કાલથી મારી સાથે રહી રાજ્યની તમામ માહિતી તમારે મેળવી લેવાની છે. મંત્રી વર્ગનો પરિચય કરી લેવાનો...'

માનસવેગે પવનંજયના માટે એક ભવ્ય મહેલ તૈયાર કરાવી દીધો હતો. શુભ મુહૂર્તે પવનંજયે તેમાં વાસ કર્યો. પ્રહસિતને અને વસંતતિલકાને પણ પવનંજયે પોતાના મહેલમાં જ રાખ્યા.

એક દિવસે અંજનાએ અવસર પામીને પવનં-જયને હસતાં હસતાં કહ્યું.

'આ વસંતતિલકાને તમારે કુંવારી જ રાખવી છે?'

'એ તો તારે વિચારવાનું છે ને!'

'હું શું વિચારૂં? એને તો તારા શિવાય કોઇ ગમશે જ નહિ!'

'મને એક વિચાર આવે છે....'

'શું ?'

'પ્રહસિત અને વસંતતિલકા...'

'ઓ હો ! વિચાર તો સુંદર કર્યો...તું એ બન્નેને પૂછી જોજે...'

'ના જી ! હું વસંતાને પૂછીશ...આપ પ્રહસિતને ! ખરૂં ને ?'

'ભલે એમ. પરંતુ નક્કી કરાવી દેજે તું ! તારૂં વચન બન્ને માન્ય રાખશે...'

અંજના શરમાઇ ગઇ.

× × ×

હનુપુરમાં પવનંજય-અંજના અને હનુમાનના દિવસો આનંદપૂર્વક વ્યતીત થવા લાગ્યા બીજી બાજુ પ્રહસિત અને વસંતતિલકાનાં પણ લગ્ન થઇ ગયાં. બન્ને પવનંજયના મહેલમાં જ રહીને જીવનકાળ વ્યતીત કરવા લાગ્યા. હનુમાનનો શૈશવકાળ પણ શ્રદ્ધા-સંસ્કાર અને શિક્ષણથી પસાર થવા લાગ્યો.

પવનંજયે હનુમાનને ભિન્નભિન્ન કળાઓનું શિક્ષણ આપવા માટે નિપુણ આચાર્યોને રોકયા. અને સ્વયં પણ એના શિક્ષણ પર ધ્યાન આપવા માંડયું. સર્વ જાતની શસ્ત્રકળા અને યુદ્ધકળામાં હનુમાન નિપુણ બનતો ચાલ્યો. બાહુબળ તો આમેય અદ્દભુત હતું. તેમાં જ્યાં શાસ્ત્રોક્ત પદ્ધતિસરનું શિક્ષણ ભળ્યું ત્યાં હનુમાનની શક્તિ અજોડ-અજેય બની ગઈ.

જેમજેમ હનુમાનની વય વધતી ચાલી તેમતેમ અંજનાએ હનુમાનને આત્મજ્ઞાન પણ આપવા માંડયું. આત્માનું મૂળ સ્વરૂપ સમજાવ્યું... આત્માની કર્મમલિન વિભાવદશાનો પરિચય કરાવ્યો. પુણ્ય અને પાપના સિદ્ધાન્ત પર શ્રદ્ધા સ્થિર બનાવી. કર્મોની સામે જ ઝઝુમી લેવાનું લક્ષ દૃઢ બનાવ્યું... તે માટે પરમકૃપાળુ પરમાત્મા જિનેશ્વરદેવની આરાધના-ઉપાસનાનો અપૂર્વ માર્ગ બતાવ્યો...

રોજ નિરવ રાત્રે અંજના હનુમાનને તીર્થંકર ભગવંતોનાં પરાક્રમ ભરપૂર જીવનચરિત્રો સંભળાવતી....અને હનુમાન એકરસે તેમાં તરબોળ બની જતો ! તેનું હૈયું નાચી ઉઠતું...એના અંતઃકરણના ઉંડાણમાં વીતરાગનો રાગ જાગી ઉઠતો... જીવનનું અંતીમ સાધ્ય તેને મુક્તિની પ્રાપ્તિ સમજાતી...

બધી વાતોમાં અંજના એક લક્ષ નહોતી ચૂકતી...કે કયારેય પવનંજય સાથેનો પોતાનો ભૂતકાળ હનુમાન સમક્ષ ન કહેવાઇ જાય! પુત્રના હૈયામાં પિતા તરફનો રાગ જરાય ન ઘવાય, તે માટે પિતાનો કોઈ નાનોય દોષ પુત્રને ન કહેવો જોઇએ, એ વાત મહાસતી બરાબર સમજતી હતી.

આ એક સત્ય સૌએ સમજી લેવા જેવું છે. માતાએ કે પિતાએ, અરસપરસના કોઈ દોષ પોતાનાં સંતાનોને ન કહેવા જોઈએ. જો કહેવામાં આવશે તો સંતાનોના હૈયામાં માતાપિતા પ્રત્યેનો આદરભાવ નહિ ટકે. પ્રેમભાવ નહિ ટકે.

વર્ષો વીતવા લાગ્યાં...હનુમાન યૌવનવયમાં પ્રવેશ્યા. અનેક વિદ્યાઓ સિદ્ધ કરી. કલા, ગુણો અને સુસંસ્કારોથી હનુમાનનું જીવન ઉન્નત અને આબાદ બન્યું. નાના-મોટાં પરાક્રમોથી હનુમાને સહુનાં દિલ જીતી લીધાં. તેમાંય અંજનાના હર્ષની તો કોઈ સીમા ન રહી.

આમ હનુપુરમાં આનંદ-મંગલ વર્તી રહ્યું હતું...ત્યાં લંકામાં રાવણ મોટી ગડમથલમાં પડી ગયો હતો. તેના ચિત્તમાં વરુણ કાંટાની જેમ ખુંચ્યા કરતો હતો. તેનું અભિમાની માનસ વરુણ પર વિજય મેળવવા માટે તલસી રહ્યું હતું. પવનંજયે વરુણની સાથે મિત્રતાનો સંબંધ બાંધીને એકવાર તો મોટા માનવસંહારને અટકાવ્યો હતો. પરંતુ વરુણ જેવા એક સામાન્ય રાજાને પોતે પરાજિત ન કરી શકયો, તેનો ડંખ હરહંમેશ તેને સતાવી રહ્યો હતો, અને કોઈપણ બહાનું જો મળી જાય તો પુનઃ વરુણની સામે સંગ્રામ કરી વરુણને પોતાનો અજ્ઞાંકિત રાજા બનાવી પોતાની વિજયૈષણા પૂર્ણ કરવા ઝંખી રહ્યો હતો.

રાત્રીનો સમય હતો. લંકા નિદ્રાધીન થઈ હતી. રાજમહેલમાં સંત્રીઓના પગરવ સિવાય સર્વત્ર શાંતિ હતી. રાવણને નિદ્રા નહોતી આવતી. તે

પોતાના વિશાળ રાજ્યની કલ્પનામાં રાચતો હતો... તેમાં વરુણ આડે આવતો હતો. કોઈપણ ઉપાયે તેને દૂર કરવાનો તેણે નિર્ણય કર્યો હતો. તેણે શયનખંડના એક ખૂણામાં જઈને એક જગાએ પગ દબાવ્યો. તુરત જ શયનખંડના દ્વારે ઉભેલો સશસ્ત્ર સૈનિક અંદર દાખલ થયો અને પ્રણામ કરીને ઉભો રહ્યો.

'કુંભકર્ણ, બિભીષણ અને ઇન્દ્રજીતને બોલાવી લાવ.'

'જેવી મહારાજાની આજ્ઞા.' પુનઃ નમન કરી. સૈનિક પાછલા પગે શયનખંડમાંથી બહાર નિકળી ગયો. રાવણ ત્રણેની પ્રતિક્ષા કરતો પલંગ પર બેઠો. થોડી ક્ષણોમાં જ કુંભકર્ણે પ્રવેશ કર્યો. તેની પાછળ જ બિભીષણ અને ઇન્દ્રજીત પણ આવી પહોંચ્યા. ત્રણેયે રાવણની સામે ભદ્રાસનો પર ગોઠવાયા.

'કેમ, અત્યારે મોડી રાત્રે કંઇ બોલાવવા પડ્યા?' કુંભકર્ણે સ્વસ્થ થતાં પૂછ્યું.

'શું કરૂં? ઉંઘ નથી આવતી!'

'એવું તે શું છે? મોટાભાઈ!। બિભીષણે ઉત્સુકતાથી પૂછ્યું.

'વરુણ મારી ઉંઘ બગાડી રહ્યો છે...'

'એટલે શું એ લંકા પર ચઢી આવ્યો છે?' ઇન્દ્રજીત ઉભો થઇ ગયો.

'ના, ભાઇ ના. જ્યાં સુધી એ અભિમાનીનું અભિમાન ખંડિત ન કરૂં ત્યાં સુધી મને ઉંઘ નથી આવવાની.' રાવણે સ્પષ્ટ વાત રજુ કરી.

'પરંતુ, આપણે એની સાથે મિત્રતા બાંધી છે...હવે શું થઇ શકે?' બિભીષણે ચિંતા વ્યક્ત કરી.

'દુશ્મન સાથે વળી મિત્રતા કેવી? એ તો ખરદૂષણને એકવાર મુક્ત કરી લેવા માટે પવનંજયે એક પેંતરો રચ્યો હતો.' કુંભકર્ણની સામે જોઇ રાવણે કહ્યું.

'ગમે તેમ કર્યું. પણ આપણે એની સન્મુખ મિત્રતા જાહેર કરી છે, એ વાત જાહેર થઈ ચૂકી છે. હવે આપણે જો આક્રમણ કરીએ તો વિશ્વની સમક્ષ આપણે અન્યાયી ઠરીએ.'

બિભીષણે નીતિનો પ્રશ્ન જરા આગળ ધર્યો... પણ રાવણને તે ન ગમ્યું.

'હું પણ એથી જ ગુંચવાઈ રહ્યો છું...માટે જ તમને બોલાવ્યા છે...કે હવે શું કરવું?'

રાવણ ~~જરા વ્યગ્ર~~ બની ગયો.

ત્રણે ભાઇઓ અને ઇન્દ્રજીત વિચારમાં પડી ગયા. જો વરુણ પર આક્રમણ કરવામાં આવે તો લંકાપતિ બદનામ થાય છે અને આક્રમણ ન કરવામાં આવે તો લંકાપતિના સાર્વભૌમત્વમાં ખામી આવે છે...લંકાપતિને તે ભારે ખટકી રહ્યું છે...શું કરવું?'

'મને એક ઉપાય સુઝે છે.' ઇન્દ્રજિત બોલ્યો.

'શું?'

આપણે એવું કોઈ એક નક્કર કારણ શોધી કાઢવું જોઇએ કે 'વરુણે મિત્રતાનો ભંગ કર્યો છે!'

'પણ વરુણે મિત્રતાનો ભંગ કર્યાનું એકપણ કારણ ન મળે તો?' રાવણે શંકા કરી.

'તો આપણે કૃત્રિમ કારણ ઉભું કરીને તેને ચેતવણી આપવી! આ રીતે જો તમે મિત્રતાનો ભંગ કરશો તો પછી બલાત્કારે અમારે બીજાં પગલાં લેવાં પડશે!'

ઇન્દ્રજીતની આ મેલી રાજકારણની રમત સાંભળીને બિભીષણનું મન ન માન્યું. તે મૌન રહ્યો. પરંતુ રાવણ બિભીષણની નીતિપ્રિયતાને ઓળખતો હતો. ઇન્દ્રજીતની મુત્સદ્દીભરી વાત રાવણને ગમી ગઇ હતી. હાલ તૂર્ત આટલેથી જ વાત પતાવી દેવા રાવણે કહ્યું:

'હું પણ આ અંગે વિચારીશ તમે બધા પણ વિચારજો. તમે ત્રણેયે મારી ચિંતા વહેંચી લીધી એટલે હવે મારો ભાર ઓછો થઈ ગયો છે! હવે મને ઉંઘ આવશે!'

રાવણે ત્રણેને જવાની અનુજ્ઞા આપી અને પોતે પણ સૂઇ ગયો. ઇન્દ્રજીત પિતાની ઇચ્છા પૂર્ણ કરવા માટે અનેક વિચારો દોડાવવા લાગ્યો. જ્યારે બિભીષણ, કોઇપણ અન્યાયી રીતે રાવણની એષણાઓ સંતોષવા રાજી ન હતો. તે જાણતો હતો કે વરુણે અત્યાર સુધી મૈત્રી સંબંધને બરાબર

સાચવ્યો છે. તેને ખોટી રીતે બદનામ કરીને આક્રમણ ન કરવું જોઈએ. જ્યારે કુંભકર્ણને તો આવું કંઇ વિચારવાનું જ ન હતું ! એને તો રાવણ જે આજ્ઞા કરે તે મુજબ શત્રુઓનો મુકાબલો જ કરવાનો હતો !

રાવણે બીજા દિવસે પ્રભાતે જિનપૂજાદિ દિનકૃત્યો પૂર્ણ કરી તુરત જ ઇન્દ્રજીતને બોલાવ્યો.

'તેં પછી રાત્રે આગળ કંઇ વિચાર્યું ?!

'હા, પિતાજી, મેં તો ઘણું વિચાર્યું...'

'તો કહે.'

'વરુણે આપણી સાથેની મૈત્રીનો ભંગ કર્યો છે; એવી એક વાત વહેતી કરી દેવી...'

'કઈ દૃષ્ટિએ મૈત્રીનો ભંગ કર્યો છે, તે જણાવવું પડે ને ?'

'હા જી, એના સુભટોએ આપણી સીમાનો ભંગ કર્યો છે...આપણી સીમામાં વરુણના સુભટો ઘૂસણખોરી કરે છે...એ રીતે એણે મૈત્રીનો ભંગ કર્યો છે...એમ આપણે જાહેર કરવું જોઇએ.' ઈન્દ્રજીતે ઉપાય પ્રકાશ્યો.

'સરસ ઉપાય બતાવ્યો ! દૂતને બોલાવી હું હમણાં જ ઉપાય અમલમાં મૂકું છું...'

મનુષ્યનો આ એક સ્વભાવ છે. પોતાના વિચારોને અનુકૂળ વિચારો રજુ કરનાર મનુષ્ય તેને ગમી જાય છે. ઇન્દ્રજીતે પિતાની ઇચ્છાને પરખી એને અનુકૂળ યોજના રજુ કરી. એણે પિતાના વિચારો ન્યાયી છે કે અન્યાયી છે, તેનો વિચાર ન કર્યો. પિતાની ઇચ્છાને પૂર્ણ કરવા તેણે વરુણને બલિ બનાવવાની યોજના ઘડી કાઢી.

રાવણે તુરત દૂતને બોલાવ્યો અને વરુણરાજને કહેવાનો સંદેશો આપ્યો :

વરુણરાજ,

પ્રહ્લાદનંદન પવનંજયની દરમિયાનગિરિથી તમારી સાથે મેં મૈત્રીનો સંબંધ બાંધ્યો; અને આજદિન સુધી અમે એનું પાલન કર્યું છે. પરંતુ તમે એ મૈત્રીનો ભંગ કર્યો છે, લંકાના રાજ્યની હદમાં તમારા સુભટો ઘૂસી આવે છે...આ પરથી અમને તમારા દુષ્ટ ઇરાદાઓની ગંધ આવી ગઈ છે. તમને અને તમારા પુત્રોને બાહુબળનું અભિમાન છે...પરંતુ હવે તેનો અંત નજીકમાં લાગે છે. હજુ પણ જો તમારા સુભટોને નહિ વારો, તો અમારે તત્કાલ જલદ પગલાં ભરવાં પડશે.'

દૂત સંદેશો લઇને વરુણપુરી તરફ રવાના થયો. બીજી બાજુ રાવણે પોતાના તમામ અજ્ઞાંકિત અને મિત્ર રાજાઓને પોતપોતાનાં સૈન્યો લઇને આવી જવા માટે કહેણ પાઠવી દીધાં. લંકા પુનઃ યુદ્ધના વાતાવરણથી ધમધમી ઉઠી.

દૂત સંદેશો લઇને વરુણપુરી પહોંચી ગયો. વરુણરાજની રાજસભામાં પ્રવેસીને વરુણરાજને પ્રણામ કરીને ઉભો રહ્યો.

'ક્યાંથી આવ્યા છો ?'

'લંકાથી.'

'ઓહો ! લંકાપતિ કુશળ છે ને ?'

'મિત્ર પણ જ્યારે દગો દે, ત્યારે કુશળતા કેવી રીતે હોય રાજન્ ?'

'એવો તો કયો મિત્ર છે કે જેણે લંકાપતિને દગો દીધો છે ?' વરુણે ઉત્સુકતાથી પૂછ્યું.

'એ આપ મને શું પૂછો છો ? આપ જ વિચારો !'

વરુણે પુંડરિક અને રાજીવની સામે જોયું. તેઓ પણ વિચારમાં પડી ગયા. ત્યાં લંકાપતિના દૂતે કહ્યું :

'રાજન્, આપ અજાણપણાનો દેખાવ ન કરો. લંકાપતિને આપની ભેદભરી રમતનો ખ્યાલ આવી ગયો છે અને મને સંદેશો આપીને મોકલ્યો છે.'

'એટલે શું અમે મૈત્રી તોડી છે ?' વરુણ વ્યગ્ર બન્યો.

'હા જી હા...'

'ખોટી વાત. તદ્દન જૂઠાણું...' વરુણે રાડ પાડી.

'લંકાપતિના ચરપુરૂષોએ બાતમી મેળવી છે કે આપના સુભટો લંકાના પ્રદેશમાં પોતાનો પગદંડો જમાવવા લાગ્યા છે. લંકાપતિને આ સમાચારે ભારે આઘાત પહોંચાડ્યો છે...અને જો તમારી

આ પ્રવૃત્તિ તત્કાલ નહિ અટકે તો લંકાપતિ તત્કાલ સખત પગલાં ભરશે....'

'બિલકુલ પાયા વગરની આ વાત છે. અમારા સુભટો કદીય એવું પગલું ભરે નહિ. એવી અમને પૂર્ણ શ્રદ્ધા છે.' રાજીવે સ્પષ્ટ ખુલાસો કર્યો.

'તો શું લંકાપતિના ચરપુરૂષોએ ખોટી બાતમી આપી છે, એમ?

'હા. તદ્દન ખોટી. આ એક બનાવટી વાત ઉભી કરીને લંકાપતિ મૈત્રીના સંબંધને તોડી રહેલ છે.'

પુંડરિકે પરિસ્થિતિના ઉંડાણમાં ડોકીયું કરીને વાતનો મર્મ બતાવ્યો.

'આપના તરફથી લંકાપતિને શું સંદેશો આપવાનો છે?'

'સંદેશો લઇને અમારો દૂત આવશે.' વરુણરાજે લંકાપતિના દૂતને વિદાય કર્યો, અને તુરત રાજસભાને બરખાસ્ત કરી. પુંડરિક, રાજીવ, મહામંત્રી...વગેરેને મંત્રણાગૃહમાં બોલાવી વરુણરાજે લંકાપતિને શું સંદેશો મોકલવો તેની ગંભીર વિચારણા કરી લીધી અને પોતાના દૂતને બોલાવી સંદેશો આપ્યો :

'લંકાપતિ,

તમારો સંદેશો મળ્યો. અમારા ખ્યાલ મુજબ તમને ખોટી બાતમી આપવામાં આવેલી છે. અમારા સુભટોએ લંકાના રાજ્યમાં પગપેસારો કર્યો જ નથી અને કરવાની ધારણા પણ નથી. આપણી વચ્ચેનો મૈત્રી–સંબંધ અમે તોડવા માગતા નથી. એમાં જ ઉભય રાજ્યની પ્રજા અભયનું સુખ અનુભવી શકે, એવી અમારી માન્યતા છે. તમે પણ કોઇ પાયા વિનાના સમાચારોથી દોરવાઈ જઇ મૈત્રી–સંબંધ નહિ તોડો, એવી અમે અપેક્ષા રાખીએ છીએ.'

સંદેશો લઇને દૂત લંકાના માર્ગે રવાના થયો. જ્યારે બીજી બાજુ ચકોર અને દીર્ઘદૃષ્ટા વરુણ પુત્રોએ ગુપ્ત રીતે રાજ્યના સંરક્ષણની પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી. તેઓ રાવણની નીતિ–રીતિથી વાકેફ હતા.

દૂત લંકાની રાજસભામાં જઈને ઉભો. લંકાપતિને પ્રણામ કરી તેણે વરુણરાજનો સંદેશો કહી સંભળાવ્યો. ક્ષણવાર તો સંદેશો સાંભળીને સહુ સ્તબ્ધ થઈ ગયા. બિભીષણને ઘણું આશ્ચર્ય થયું. કારણ કે એને અજ્ઞાત રાખીને રાવણે આ કાર્ય આરંભ્યું હતું. પરંતુ વિચક્ષણ બિભીષણ પરિસ્થિતિને કળી ગયો.

'વરુણરાજને કહેજે કે તેમના મીઠાં વચનોથી લંકાપતિ ભોળવાઈ જાય તેવો બાળક નથી. એક બાજુ લંકાના પ્રદેશમાં ઘૂસણખોરી કરવી છે અને બીજી બાજુ મિત્રતાની વાતો કરવી છે, એવા દંભને હું ક્ષણવાર પણ સહન કરનાર નથી. પરંતુ અભિમાની વરુણ એની ભૂલને તત્કાલ એમ સમજાવટથી કબૂલ નહિ કરે. એ તો યુદ્ધભૂમિ પર જ મારે એને ભૂલ કબૂલ કરાવવી પડશે...'

'એટલે?' દૂતે સ્પષ્ટતા માંગી.

'એટલે ન સમજ્યો? વરુણરાજને એના ગુનાની સજા યુદ્ધના મેદાન પર થશે...' ઇન્દ્રજીતે રાવણ–નીતિની સ્પષ્ટતા કરી.

'તો વરુણરાજ અને એના અજોડ પરાક્રમી પુત્રોની અજેય્ય શક્તિનો પરચો મેળવવા ખૂશીથી પધારજો! પણ એ પૂર્વે તમારા પેલા ખર–દૂષણના અનુભવો પૂછીને આવજો!

પ્રત્યુત્તરની અપેક્ષા રાખ્યા વિના દૂત ત્યાંથી નિકળી ગયો.

રાવણે સેનાને સજ્જ થવા હાકલ કરી. બીજી બાજુ પાતાલલંકામાંથી ખર–દૂષણ પણ પોતાની વિશાળ સેના સાથે આવી પહોંચ્યા. સુગ્રીવ પણ પોતાના ચુનંદા સૈન્યને લઇ લંકામાં આવી ગયો. કેઇ વિદ્યાધર રાજાઓ પણ આવી પહોંચ્યા.

વિદ્યાધર રાજાઓને સંદેશો આપવા ગયેલા દૂતોમાંથી એક દૂત હનુપુર પહોંચી ગયો હતો. પવનંજયને ખાસ સંદેશો આપવા માટે. સંદેશો મળતાં જ પવનંજય અને માનસવેગ લંકા જવા માટે તૈયાર થયા. પરંતુ પિતાને અને મામાને તૈયાર થતા જોઇ હનુમાન ત્યાં આવ્યા :

'પિતાજી, યુદ્ધ માટે હવે આપને જવાનું ન

હોય. આપ અહીં જ રહો. આપ મને અનુજ્ઞા આપો.'

'ભાઇ, આ યુદ્ધમાં તારૂં કામ નહિ. વરુણ અને એના પુત્રો પ્રચંડ શક્તિ ધરાવે છે. એમની સામે...'

'પિતાજી, આપ મને નાનો સમજીને વાત કરો છો. પરંતુ પરાક્રમમાં વય જોવાતી નથી. પરાક્રમનું માપ વય ઉપર નિર્ભર નથી. આપ એક વખત મને જવાની અનુજ્ઞા આપો, પછી જ આપને આપના પુત્રના પરાક્રમની પ્રતીતિ થશે.'

માનસવેગ તો જાણતા જ હતા કે હનુમાનનું પરાક્રમ અજોડ છે. તેમણે કોઇ આનાકાની ન કરી. બલ્કે હનુમાનને જવા દેવા માટે પવનંજયને સમજાવ્યો. પરંતુ જ્યાં હનુમાનને યુદ્ધમાં જવા તૈયાર થએલ, જાણ્યા કે અંજના દોડી આવી. વસંતા દોડી આવી. પ્રહસિત પણ આવી પહોંચ્યો.

હનુમાનનો હાથ પકડી અંજનાએ ગળગળા સ્વરે કહ્યું :

'પુત્ર, તારે હમણાં યુદ્ધમાં નથી જવાનું. તારા વિના એક ક્ષણુ પણ હું રહી શકું નહિ...'

'માતા, તારે તો આ પ્રસંગે એક વીર-માતાને છાજે એ રીતે મને વિદાય આપવાની હોય! તું નિશ્ચય માનજે કે આ તારો પુત્ર વિજય મેળવીને હેમ-ખેમ પાછો આવી પહોંચશે!'

અંજનાની આંખમાંથી આંસુ પડવાં લાગ્યાં. તે જોઇ મામા માનસવેગે અંજનાને આશ્વાસન આપ્યું અને હનુમાનના પડવા માત્રથી પર્વતના શિખરના થઈ ગયેલા ચૂરા...વાળો પ્રસંગ યાદ કરાવ્યો. પુત્રનું પરાક્રમ સારાય વિશ્વમાં કીર્તિ પ્રસરાવનારૂં બનશે...એ વાત સમજાવી...અંતે, હનુમાનની સાથે પ્રહસિતને જવાનું નક્કી થતાં અંજના સંમત થઇ.

બસ! હનુમાનના સેનાપતિપણા નીચે યુદ્ધે જવા માટે હજારો-લાખો સૈનિકો થનગની ઉઠ્યા. શુભ દિવસે અને શુભ શુકને અંજનાએ વીર હનુમાનના લલાટમાં કંકુનું તિલક કર્યું અને યુદ્ધનાં વાજિંત્રોએ ગગનને ગજવી મૂક્યું. (ક્રમશઃ)


K. Chatrabhuj & Co.

Manufacturers & Dealers
in
STAINLESS STEEL UTENSILS
&
CUTLERY.

*Jai Hind Estate*
*Bldg. No. 1 Shop No. 14*
*Bhuleshwar,*
BOMBAY-2

Phone : by request 28307
Gram : AUTOPOLISH

**Mehta Auto Corporation**

*Mfg. Representatives & Dealers*
*in*
*HARDWARE TOOLS*
*&*
*AUTO ACCESSORIES*
*Etc.*

Girgaum Tarrace, 101-A.
Girgaum Road,
BOMBAY-2

# દેશ અને દુનિયા

શ્રી સંજય

ભારત દેશની ચોમેર હજુ યુદ્ધનું વાતાવરણ ઘેરાયેલું રહ્યું છે, કોલંબો દરખાસ્તોને યથાવત્ સ્વીકારી લેવાની ભારતે ઉદારતા દર્શાવી. છતાં તેનો વળતો પ્રત્યુત્તર નિરાશજનક જ વાળ્યો, જે તેની મુત્સદ્દીતા પર પણ પાણી ફેરવ્યું ગણાય. આજે જો કે, કોઇ દેશ ભારત કે ચીનઃ સામ-સામા યુદ્ધના મેદાનમાં આવ્યા નથી, છતાં યુદ્ધનો ભય, યુદ્ધનું વાતાવરણ બન્ને દેશો વચ્ચે ગૂંગળાઈ રહ્યું છે. યુદ્ધનો હાઉ વાતવાતમાં બતાવીને આજે દેશભરમાં પટ્ટાવાળાથી માંડીને પ્રધાનો સુધીના સર્વ કોઈ પ્રજાના દરેક વર્ગને ભડકાવી રહ્યા છે. કરવેરા તથા દિન-પ્રતિદિન નવા નવા ઘડાતા કાયદાઓએ પ્રજાને યુદ્ધ કરતાં યુદ્ધના ભયથી વધુ ને વધુ કાયર બનાવી દીધેલ છે. હમણાં તાજેતરમાં કેન્દ્ર સરકારના નાણા પ્રધાન શ્રી મોરારજીભાઇએ રજૂ કરેલ બજેટમાં ૧૮ અબજના કરવેરા પ્રજા પર લદાયા છે; જે અત્યાર અગાઉ વધતાં-વધતાં ૧૫ અબજના હતા, તે હવે ૧૮ અબજના થયા છે, અને આ કરવેરા આગામી વર્ષોમાં ઘટવાના કોઈ સંયોગો જણાતા નથી. પ્રાંતીય સરકારોના, મ્યુનિસીપાલીટીના વગેરેના કરવેરા આ સિવાયના જુદા. એક ગૂજરાતની જ વાત લઈએ તો કેન્દ્ર સરકારના નવા બજેટ પ્રમાણે વ્યક્તિ દીઠ ગૂજરાતમાં ૬ા નો કરવેરો લાગુ પડે છે, ને ગૂજરાત સરકારે જે નવા કરવેરા ૪ ક્રોડ ઉપરના વધાર્યા તેથી ગૂજરાતમાં વ્યક્તિદીઠ રૂા. બેનો કરવેરો વધે છે. કેન્દ્ર સરકાર તથા ગૂજરાત સરકાર તેમજ બીજા બધા વેરા મળીને કેવળ ગૂજરાત રાજ્યમાં જ કુલ્લે કરભારણ રૂા. ૨૨ નું આવે છે. જે દેશના કોઇપણ રાજ્ય કરતાં વિશેષ છે.

આટ-આટલા કરવેરા છતાં રાજ્ય કરનારા પ્રધાનોથી માંડી સહુ કોઇના ખાતાઓ માટે પ્રજાને સંતોષ નથી. ધૂમ ઉડાઉ ખર્ચાઓ તેમના રોજ-બરોજના ચાલતા હોય, વહિવટી તંત્રમાં તુમારશાહીનો કોઈ પાર નહિ. પ્રજાને તંત્રવાહકો તરફથી કોઈ જાતનો સંતોષ નહિ. આ છે આજના કોંગ્રેસી કારભારની કરૂણ કહાની! તદુપરાંત 'પ્રજાને કરકસર કરો, સંયમ રાખો, મોજશોખ ઓછા કરો'ની ટહેલ મારનારા આજનાં તંત્ર ચલાવનારાઓના ધૂમ ખર્ચાઓ જાણીને ભલ-ભલા માણસોને આંચકા આવે તેવું બને છે. એક દૃષ્ટાંત લઇએ! મધ્ય પ્રદેશના પ્રધાનોએ રાષ્ટ્રીય સંરક્ષણ ભંડોળમાં કુલ ૮ હજારનો ફાળો આપેલ છે. જ્યારે તે દરમ્યાન દેશ પર યુદ્ધના ગંભીરપણે નગારા વાગી રહ્યા હતા, ત્યારે મધ્યપ્રદેશના પ્રધાનોએ કેવલ ૪ મહિનાના ગાળામાં કેવલ પ્રવાસ ખર્ચમાં ૨૫ હજારનું ખર્ચ કરેલ છે. તે રીતે કેન્દ્ર સરકારના દરેક પ્રધાનના બંગલાનું ખર્ચ છેલ્લા છ મહિનાના ખર્ચની સરેરાશ કાઢતાં કેવલ પાણી અને વિજળીને અંગે દરેક પ્રધાનનું દર મહિને ૧૩૪૮૯. રૂા.નું ખર્ચ આવે છે. કેવલ પાણી તથા વિજળીની પાછળ એક-એક પ્રધાનને માસ દરમ્યાન ૧૩ાા હજાર રૂા.નું ખર્ચ આવે એ કેટલું અજબ કહેવાય! પ્રજાને પેટે પાટા બાંધીને પોતાનો જીવન નિર્વાહ મહામુસ્કેલીયે કરવાનો આજે હોય છે, ત્યાં પ્રધાનો કે જે કેવલ પ્રજાની સેવા કરવાના નામે પ્રજાના મતે ચૂંટાઈને સત્તા પર આવેલા છે, તે આ રીતે જાલીમ ખર્ચાઓ કરે તે કઇ રીતે પોષાય? મધ્ય પ્રદેશના પ્રધાનોના વીજળી બીલો તાજેતરમાં પ્રસિદ્ધ થયા છે, જેમાં મુખ્ય પ્રધાન શ્રી મંડલોઇ છેલ્લા નવ મહિનાથી દર મહિને ૫૦૧ રૂા. વીજળી પાછળ ખર્ચી રહ્યા છે, આમાં પંચમઢી ખાતે ઉનાળાના સમય માટેના નિવાસ સ્થાનની વિજળીના ખર્ચનો સમાવેશ થતો નથી. બીજા પ્રધાનોના છેલ્લા દર મહિનાના વિજળી ખર્ચના આંકડા આ પ્રમાણે છે. શિક્ષણ પ્રધાન ડૉ. શર્માનું ખર્ચ રૂા. ૪ હજાર, બાંધકામ પ્રધાન શ્રી શુકલનું રૂા. ૩ હજાર, નાણા પ્રધાન

શ્રી ગંગવાલનું રૂા. ૨૭૮૦ આ રીતે કેવલ વિજળી પાછળ પ્રધાનો આટ–આટલો બેફામ ખર્ચો કરે ને પ્રજાને કરકસર કરોની અહેલક પાડીને યુદ્ધ સંરક્ષણમાં ફાળો આપવાની વાતો કરે, ભાષણો કરે ત્યારે ખરેખર પોથીમાંના રીંગણાની જેમ દયનીય દશા ગણી શકાય !

એક બાજુયે અગત્યના ધાર્મિક પ્રસંગો ને સાદાઈથી ઉજવવાની વાતો કરનારા આ બધા પોતાના પ્રસંગો કેવા–જલસાભેર ઉજવે છે તે જાણતાં આપણને ઘડીભર લાગે છે કે, એમની વાતોને માનીને ધાર્મિક શ્રદ્ધામાં ઢીલો માણસો ડગી જાય છે ! હમણાં તાજેતરમાં શ્રી મોરારજીભાઇ દેસાઇના પુત્ર શ્રી કાંતિલાલ મોરારજી દેસાઈએ 'પરમેનન્ટ મેગ્નેટસ લિમિટેડ' નામની ફેક્ટરીનું ઉદ્‌ઘાટન મુંબઇ ખાતે શરૂ કરેલ છે જેનું ઉદ્‌ઘાટન શ્રી રવિશંકર મહારાજ જેવા આવા કારખાનાઓથી અલિપ્ત રહેલાનાં હાથે થયેલ. જેમાં શ્રી મોરારજી દેસાઇ, તથા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી કન્નમવાર આદિ પ્રધાનો મુંબઇના વ્યાપારીઓ વગેરે થઇને ૨૫૦૦ માણસો હતા. તેમના માટે ભોજન સમારંભ પણ રાખેલ. દેશમાં જ્યારે ભયંકર કટોકટીની બૂમો પ્રધાનો પાડી રહ્યા છે, તેજ પ્રધાનોની હાજરીમાં પ્રધાનના પુત્ર ૨૫૦૦ માણસો માટે પ્રસંગને અનુરૂપ ભોજનસમારંભની ગોઠવણી કરે ! ત્યારે ઘડીભર વિચાર આવે છે કે, કરકસર ફક્ત ધાર્મિક કાર્યોમાં તથા પ્રજાના જ વ્યવહારોમાં એમ જ ને ? હમણાં ચૈત્ર સુદિ ૧૩ ના ભગવાન શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકને અંગેનો મુંબઇમાં કાર્યક્રમ રાખેલ, તેમાં વર્તમાન કટોકટીને આગળ કરીને ભગવાનના કલ્યાણકનો વરઘોડો બંધ રાખવામાં આવ્યો ! આ શું ઉચિત છે ? આપણા ભગવાનનો જન્મ કલ્યાણક દિવસ ઉજવવામાં કઈ કટોકટી આવી જવાની હતી ? પ્રધાનોના સંમારંભો ઉજવાય; પ્રવાસો તથા ઉદ્‌ઘાટનોમાં લાખો ખર્ચાય પરદેશમાં જવા માટે હજારો ખર્ચાય, ને કેવલ ધાર્મિક વૃત્તિથી ધર્મ કાર્ય કરવાનો પ્રસંગ આવે ત્યાં આમ વાત આગળ કરાય તે કઇ રીતે બંધ બેસતું છે ?

હમણાં તાજેતરમાં ગૂજરાત રાજ્યના પ્રધાનોની સહિસલામતી માટેના ખર્ચની વિગતો બહાર આવી છે, જેમાં કેવલ ૩૪ મહિનામાં ગૂજરાતરાજ્યના પ્રધાનોની સહિસલામતી ખાતર ૨ લાખ રૂા. નું ખર્ચ થયેલ છે, તેજ રીતે હજુ જેનું કશું ઠેકાણું નથી, તે ગૂજરાતના પાટનગરની પ્રાથમિક તૈયારી પાછળ રાજ્ય સરકારે કેવલ ૫૦ લાખ રૂા. ખરચ કરેલ છે, જેને અંગે હજુ કશો નિર્ણય થયો નથી. તેમજ જ્યાં જમીનમાંથી તેલની શકયતાના કારણે મહિનાઓ થયા પાટનગરનો પ્રશ્ન ચગડોળે ચડેલ, ત્યાં આમ ૫૦ લાખ રૂા.નો ખરચ થઇ જાય તે કેટ–કેટલું સંગત છે ? સાચી વાત એ છે કે, ભારત જેવા હજુ મહામુશ્કેલીયે પગભર થતા દેશના પ્રધાનથી માંડી પટ્ટાવાળા સુધીના પ્રત્યેક નાગરિકની પ્રથમ ફરજ મોજશોખ વિલાસ, નાચ–ગાન તથા અનાવશ્યક પ્રત્યેક પ્રવૃત્તિઓ પાછળના ખર્ચાઓ ઓછા કરી, સાદાઈ સંયમીના, તેમજ વિવેક અને સહિષ્ણુતાના ગુણો આજે જીવનમાં અપનાવવાની જરૂર છે, તેજ રીતે પ્રધાનોએ ઉદ્‌ઘાટનો, પ્રવાસો તેમજ રહેકહેણીમાં થતા બેફામ ખર્ચાઓ અને વહિવટી તંત્રમાં શિથિલતા બેદરકારીના કારણે થતો અક્ષમ્ય વેડફાટ આ બધું વહેલામાં વહેલી તકે ટાળવું જરૂરી છે, તો જ દેશમાં પૈસો બચે, ને પ્રજા પર દિન–પ્રતિદિન કરભારણ જે વધી રહ્યું છે તેમાં રાહત રહે !

અમેરિકા દેશ યૂરોપનું ને દુનિયાનું સ્વર્ગ કહેવાય છે. અમેરિકાની વાતો સાંભળીને ભારતના લોકો મોં ફાડીને ધ્યાનપૂર્વક હોંશેહોંશે બીજાને સંભળાવે છે, તે અમેરિકાની કમનસીબીનો કોઇ પાર નથી. તાજેતરમાં એક અહેવાલ બહાર પાડેલ છે, તે મુજબ અમેરિકામાં દર ત્રણ મીનીટે એક આત્મહત્યા–આપઘાતનો પ્રયત્ન થાય છે ને દર વર્ષે લગભગ ૨૫ હજાર જેટલા માનવો તેમાં સફળતા મેળવે છે. એટલે આત્મહત્યા કરીને મોતના મુખમાં ધકેલાય છે. આ આત્મહત્યા કરનારાઓમાં

૧૫ થી ૫૦ વર્ષની વયના મુખ્ય હોય છે, તેમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોમાં આત્મહત્યાનું પ્રમાણ ત્રણ ઘણું આવે છે. પુરૂષો ફાંસો ખાઇને અથવા ગોળી મારીને મરવાનું વધુ પસંદ કરે છે. જ્યારે સ્ત્રીઓ ઉંઘની ગોળી, ઝેર અથવા ગેસથી ગૂંગળાઈને મરવાનું ઇષ્ટ ગણે છે. આત્મહત્યાનું સૌથી મોટું પ્રમાણ સાનફ્રાન્સીસ્કોમાં છે, ત્યાં બીજા કોઇ પણ શહેર કરતાં અઢીગણા આત્મહત્યાના બનાવો બને છે. ખરેખર જીવનમાંથી સમતા, સહનશીલતા તેમજ સાત્વિકતા પરવારી જાય છે, ત્યારે માનવ નિરાશા તેમજ દુઃખ યા પ્રતિકૂલતાથી મૂંઝાઇને મોંઘી માનવ જીંદગીનો અકારણ આમ નાશ કરવાને તયાર થાય છે, અમેરિકામાં આ બધા બનતા બનાવો એ સૂચવે છે કે, ત્યાં સુખ ભોગવતાં આવડતું નથી; ને દુઃખને સહન કરતાં પણ આવડતું નથી, એટલે દુઃખની વાત સાંભળતા માનવ નિરાશ થઈને આપઘાત તરફ દોરવાઇ જાય છે. આ ઉપરાંત : અમેરિકામાં બેકારોની સંખ્યા પાા લાખની છે. ને ગરીબીમાં સડતા ૩ ક્રોડ ૨૦ લાખ અમેરિકનો છે, તેમ હમણાં તાજેતરમાં પ્રમુખ કેનેડીએ કોંગ્રેસ જોગા એક સંદેશામાં જણાવેલ છે. અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં પણ ગરીબાઈ અને આપઘાત તેમજ ગુન્હાખોરી ઘણા મોટા પ્રમાણમાં રહે છે. ત્યારે બોધપાઠ એ લેવાનો કે, સુખ તથા શાંતિ; સમૃદ્ધિમાં કે સંપત્તિમાં નથી. પણ સંસ્કારિતા તેમજ સમજણ ને સહનશીલતામાં છે. તાજેતરમાં અમેરિકાના ગુનાખોરીના આંકડાઓ પ્રસિદ્ધ થયા છે, તેમાં જણાવાયું છે કે, ૧૯૬૧માં અમેરિકામાં રોજનાં ૨૩ ખૂન થયા હતા, ૪૪ જેટલા બળાત્કારો, ૨૫૧ જેટલી રોજ ધાડ પડી, ૩૬૫ જેટલા રોજના ગંભીર ગુનાઓ, ૨૩૩૫ જેટલા ઘરફાડના બનાવો, ને ૧૧૪૮ જેટલી રોજની ચોરી ને ૮૦૩ જેટલી રોજની મોટરોની ચોરી; આ ગુનેગારોમાં ૪૩ ટકા તો ૧૮ વર્ષથી ઓછી વયના યુવકો છે. એટલે આવતી કાલના નાગરિકો અમેરિકામાં કઈ દિશામાં પ્રયાણ કરી રહ્યા છે, તેનું સૂચન મલે છે. ૧૯૬૦માં ગુનાખોરીનો જે આંક હતો, તે ૬૧ માં ત્રણ ટકા વધેલ છે. ૧૯૬૧ માં ઉપર સૂચવાયા છે એવા મોટા ગુના ૧૯૨૬૦૦૦ જેટલા થયા, અમેરિકાની વસતિ ૧૯૬૧ કરતાં ૬૨ માં ૫ ટકા વધી, પણ ગુનાખોરીમાં ૩૪ ટકાનો વધારો થયો ! આ છે આજના પ્રગતિમાન કહેવાતા દેશની ભીતર ! વધુમાં આ ગુનાખોરીને ડામવા પ્રયાસ કરનારા ૭૧ અધિકારીઓને ગુનો કરનારાઓએ ઠાર કરેલ. ૧૩૧૯૦ જેટલા પોલીસ અધિકારીઓ ઉપર હલ્લા થયેલા, ૬૧ની સાલના વર્ષભરના આંકડા આ પ્રમાણે છે; ૮૬૦૦ ખૂન, ૧૬૦૧૦ બલાત્કાર, ૯૧૬૬૦ ધાડ, ૧૩૩૦૨૦ ગંભીર પ્રકારના હલ્લા, ૮૫૨૫૦૦ ઘરફાડ, ચોરી ૪૯૮૧૦૦, મોટરગાડીઓની ચોરી ૩૨૬૨૦૦, વિલાસ, વૈભવ તથા એશઆરામ અને સંપત્તિનો ધૂમ નફો તેમજ ખર્ચો જે દેશની પ્રજામાં વધે ત્યાં ગુનાઓનું પ્રમાણ ઉગતી પેઢીમાં વધતું રહે છે, ને અમેરિકાની આ ગુનાખોરી આપણને કહી જાય છે. માટે પૈસો બહુ મેળવવા તથા ભોગવવાની ઘેલછાથી વિવેકી માનવોએ દૂર રહેવું ઘટે છે.

**ભા**રતમાં મોજશોખનું પ્રમાણ વધતું જાય છે, જે સીનેમા, નાટકો તથા વિલાસના સાધનો પાછળ ખર્ચાતો પૈસો જ કહી આપે છે. એક બાજુ; યૂરોપના વૈજ્ઞાનિકો પોકારી-પોકારીને કહે છે કે, સીગારેટના વધતા જતા વપરાશથી ફેફસાના કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે. બ્રિટનની રોયલ કોલેજ ઓફ ફીઝીશીયનના એક અહેવાલમાં ખાસ ભારપૂર્વક જણાવાયું છે કે, ધૂમ્રપાન નહિ કરનારાઓની સરખામણીમાં સીગારેટ પીનારાઓના મૃત્યુનું પ્રમાણ ત્રીશગણું વધારે રહ્યું છે.' લંડનમાં તથા બ્રિટનમાં ધૂમ્રપાન કરતી સગર્ભા સ્ત્રીઓને ત્યાંના તબીબી સંશોધકોએ ચેતવણી આપી છે કે, 'જો તેઓ ધૂમ્રપાન કરશે તો હવે પછી અવતરનારા બાળકો ધૂમ્રપાન નહિ કરનારી મહિલાઓના બાળકો કરતા નાનાં કદનાં અને ઘણીવાર કાચા દિવસે જન્મશે.' સ્ટોકી શહેરમાંની ૨૭૪૫ જેટલી ગર્ભવતી મહિલાઓ પાસેથી માહિતી ભેગી કરનાર

એબરડી પ્રસૂતિગૃહ ખાતેના સંશોધકોએ ઉપર મુજબની ચેતવણી આપી છે. છતાં ભારતમાં જાણે આ હકીકતને કોઈ કાને જ ન ધરતું હોય તેમ દિન-પ્રતિદિન ધૂમ્રપાન વધતું જ જાય છે. છેલ્લા મળેલા અહેવાલ પ્રમાણે ૧૯૫૫ પછી સીગારેટ તથા બીડીના વપરાશમાં આટ-આટલા ટેક્ષો પડવા છતાં ધરખમ વધારો થતો ગયો છે. ૧૯૫૫માં દેશના કારખાનાઓએ રોજના ૬૨૫૭૦૦૦૦નાં દરે આખા વર્ષમાં ૨૮૮૨૮૦૮૦૦૦૦ સીગારેટોનું ઉત્પાદન કર્યું હતું. છ વર્ષ બાદ આ ઉત્પાદન વધીને લગભગ બમણું એટલે ૪૧૦૬૪૦૦૦૦૦૦ જેટલું થયું છે. ૧૯૬૨માં પ્રથમના સાત મહિનાઓ દરમ્યાન સીગારેટોનું ઉત્પાદન ૨૦૬૪૬૦૦૦૦૦૦ ઉપર પહોંચ્યું હતું. આ હિસાબે રોજની ૯૬૦૫૦૦૦૦ સીગારેટનું ઉત્પાદન થયું હતું. ૧૯૫૫થી દર વર્ષે સરેરાશ દેશમાં ૧૫૨ મહાપદ્મ બીડીઓનું ઉત્પાદન થાય છે. ૧૯૬૦-૬૧ના બીડીઓના ઉત્પાદને વિક્રમ નોંધાવ્યો છે. બીડીઓનું આ વર્ષમાં ૧૬૦ મહાપદ્મ બીડીઓનું ઉત્પાદન થયેલ. જે હિસાબે તે રોજનું ૪૩૮૦૪૦૦૦ બીડીઓનું ઉત્પાદન થતું. આમ એકંદરે કૂદકે ને ભૂસકે વર્ષમાં ખર્ચ તથા મહાખર્વથી પણ વધી જતું ઉત્પાદન દેશના નાગરિકોના સ્વાસ્થ્ય માટે ભયંકર ખતરનાક છે તે જ રીતે અબજો સુધી પહોંચેલું સીગારેટોનું ઉત્પાદન પણ ભારતની પ્રજાના શારીરિક આરોગ્ય માટે ભયંકર છે. ધર્મ, ધન તથા શરીરનો નાશ કરનાર આ વ્યસનથી પ્રજાના હિતના નામે કૂદકે ને ભૂસકે તેના પર અનેક યોજનાઓ લાદનારી કોંગ્રેસ સરકાર આ વધતા જતા બીડીના વ્યસનોથી પ્રજાને મુક્ત થવા કાંઈ કરશે કે? કે કેવલ પોતાને તેમાંથી મળતા ક્રોડો રૂા.ની ઉપજ ખાતર પ્રજાના સ્વાસ્થ્યની સાથે ગંભીરપણે જોખમમાં મૂકતા આ વ્યસનને ભારતમાં છૂટું મૂકશે? તાજેતરમાં બહાર પડેલા આંકડા એમ જણાવે છે કે, 'હાલ ભારતમાં તંબાકુનું ઉત્પાદન વાર્ષિક ૨૫૦૦૦૦ રતલથી વધતાં ૫૦૦૦૦૦ રતલના ક્રમે વધી રહ્યું છે. અને ત્રીજી પંચવર્ષીય યોજનાના અંતે ભારત ૧૮ ક્રોડ રૂા.ની ઉંચી જાતની તંબાકુની પરદેશ ખાતે નિકાસ કરવાની આશા રાખે છે, આમ પ્રજાના સ્વાસ્થ્ય સાથે જેનો વપરાશ ભયંકર રીતે અડપલા કરી રહેલ છે, તે તંબાકુ તથા તેની બનાવટો કેવલ શોખ ખાતર વાપરીને ભારતના પ્રજાજનો નિરર્થક ભયંકર રોગનો ભોગ બનીને પોતાના જીવનને વેડફી રહ્યા છે તેમાંથી સમજણ પૂર્વક તેઓ પાછા વળે!


## ધર્મ પ્રભાવનાનો સુંદર માર્ગ

તમે જૈન છો... તો જૈન ધર્મના આચારને તમારે જાણવા જોઇએ.

તમે જૈન છો... તો જૈનદર્શનનું વિશ્વ-વિજ્ઞાન તમારે જાણવું જોઈએ.

તમે જૈન છો... તો જગતમાં જૈન ધર્મ કેવી રીતે શ્રેષ્ઠ છે, તે તમારે જાણવું જોઇએ.

તમે વૃદ્ધ હો. કે યુવાન હો, તમારા ચિંતન-મનન માટે અને બીજા આત્માઓને જૈનદર્શનનો યથાર્થ ખ્યાલ આપવા માટે તમારે જૈન ધર્મના આચાર અને વિચાર જાણવા જ જોઈએ. તે માટે તમે

## 'જૈન ધર્મનો સરળ પરિચય'

—: પુસ્તક :—

(લે.-પૂ. પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી ગ.)

**અવશ્ય વસાવો અને વાંચન કરો.**

તમારા જૈન-જૈનેતર મિત્રોને આ પુસ્તક ભેટ આપીને જૈન ધર્મની પ્રભાવનાનું સત્કાર્ય કરો. બીજા પાસે કરાવો. તમારા ગામની સ્કૂલો-કોલેજોની લાયબ્રેરીઓમાં અને સાર્વજનિક લાયબ્રેરીમાં આ પુસ્તક ભેટ આપો. અલ્પ ખર્ચમાં મહાન ધર્મ સેવાનો લાભ ઉઠાવો.

પાકું પૂંઠું, પાના ૨૨૪: મૂલ્ય ૧-૫૦ ન.પૈ. પોસ્ટેજ

— પ્રાપ્તિસ્થાન —

(૧) **દિવ્યદર્શન કાર્યાલય**
ઠે. ચતુરદાસ ચીમનલાલ
કાળુશીની પોળ, **અમદાવાદ-૧**

(૨) **પુખરાજ ધરમચંદ**
મુ. પીંડવાડા (રાજસ્થાન)

(૩) **જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા**
૩૫૫, કાલબાદેવી રોડ, **મુંબઈ-૨**

# સમાચાર સાર

**અવલોકનાર્થે પ્રકાશનો :** નીચેનાં પ્રકાશનો અમને અવલોકનાર્થે મલ્યાં છે. (૧) શરણાગતિ લે. શ્રી વજ્રપાણિ. પ્રકા. ચંદ્રકાંત જે. દલાલ પો. ઓ. નં. ૪૮ જામનગર મૂ. ૧ રૂા. (૨) ભક્તામર સૌરભ પ્રેરક પૂ. મુનિરાજ શ્રી ભાવવિજયજી મ. લે. પૂ. મુનિરાજ શ્રી જિનેન્દ્રવિજયજી મ. પ્રકા. શ્રી શ્રુતજ્ઞાન અમીધારા મુ. ખેડા (રાજસ્થાન) (૩) કલ્યાણકોનો કોઠો પ્રકા. શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા (ઉ. ગૂ.) (૪) જીવનકલા લે. શ્રી પ્રિયદર્શન પ્રકા. શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન હારીજ (ઉ. ગૂ.) મૂ. ૫૦ ન. પૈ. (૫) આ. મ. સાધના સંગ્રા. પ્રકા. શ્રી વિજયદાનસૂરિ જૈન ગ્રંથમાલા ગોપીપુરા સુરત ૧૦ ન. પૈ. પોસ્ટેજ મોકલવાથી ભેટ.

**ધર્મ જાગૃતિ અને પ્રભાવના :** પૂ. આ. મ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી સુબોધવિજયજી મ. તથા પૂ. તપસ્વી મુનિ શ્રી ધુરંધરવિજયજી મ. ઉપલેટાથી પાટણવાવ, સરદારગઢ થઇ માણાવદર પધાર્યા છે. તેઓશ્રીના આગમનથી ધર્મજાગૃતિ સારી આવી છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમો તથા ૧૨ાા હજારનો જાપ થયેલ. માહ વદિ. ૮ ના મહેતા હરસુખલાલ મોહનલાલ તરફથી અંતરાયકર્મ નિવારણ પૂજા ભણાવાયેલ ને પ્રભાવના થયેલ. ફા. વદિ ત્રીજના પૂ. મહારાજ શ્રી સુબોધવિજયજી મ.ની દીક્ષા તિથિ હોઈ ૨૦મા વર્ષમાં તેઓ પ્રવેશ કરતા હોઇ મહેતા હરસુખલાલનાં ઘેર તેઓના પગલાં કરાવેલ ને ગહુલિઓ થઈ હતી. દોશી સૌભાગ્યચંદના ધર્મપત્ની શ્રી નર્મદાબ્હેનની વીસસ્થાનકની ૧૩મી ઓળી નિમિત્તે તેમનાં ઘેર પગલાં કરાવાયેલ ફા. વદિ ૮ થી તપસ્વી પૂ. મુનિરાજ શ્રી ધુરંધરવિજયજીએ અઠ્ઠમના પારણે અઠ્ઠમથી વર્ષીતપ શરૂ કરેલ છે. તે નિમિત્તે શા. હીરજી લધાભાઇ સાંધવ કચ્છવાલા તરફથી નવાણું પ્રકારી પૂજા ધામધૂમથી ભણાવાયેલ. પેંડાની પ્રભાવના કરવામાં આવી હતી. ઓળી નિમિત્તે સંઘના આગ્રહથી તેઓશ્રી રોકાયા છે.

**સમાધિપૂર્વક સ્વર્ગારોહણ :** પૂ. પાદ ~~આગમોદ્ધારક સ્વ.~~ આચાર્યદેવશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટાલંકાર પૂ. પાદ પરમ વિદ્વાન પ્રભાવક આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ ફા. વદિ. ૬ શનિવારની રાત્રે ૧૦-૧૦ સ્ટા. ટા.ના બેઠાં-બેઠાં સંપૂર્ણ શુદ્ધિમાં સમાધિપૂર્વક સુરત મુકામે કાલધર્મ પામ્યા છે. જેની નોંધ લેતાં અમે શોકની લાગણી અનુભવીએ છીએ. પૂ. પાદ આચાર્ય મહારાજશ્રી ગત વર્ષે ઉજ્જૈનમાં અંજનશલાકા, પ્રતિષ્ઠા, આચાર્યપદ તથા ઉપાધ્યાયપદ પ્રદાન આદિ મહોત્સવનુ શુભ કાર્ય પતાવી ઇંદોર સંઘની આગ્રહ પૂર્વકની વિનંતિથી ઇંદોર ચાતુર્માસાર્થે પધારેલ ચાતુર્માસમાં અવાર-નવાર તેઓશ્રીની તબીયત નરમ રહેતી હતી. ચાતુર્માસ બાદ તેઓશ્રી સપરિવાર સુરત મુકામે પધાર્યા હતા. તેઓશ્રી તબીયતના કારણે રોકાયેલ. સુરતના શ્રી સંઘે તેઓશ્રીની વૈયાવચ્ચ, ભક્તિ આદિ કરવામાં ખામી રાખેલ નહિ. પણ અસાધ્ય વ્યાધિ હોવાના કારણે તેઓશ્રી સમતાભાવે સહન કરતા ને શ્રી શંખેશ્વરપાર્શ્વનાથનું સ્મરણ, વૈરાગ્યવાહી સ્તવનોનું, શ્રવણ, સજ્ઝાયો તથા પદોનું સ્વસ્થ ચિત્તે શ્રવણ ઇત્યાદિ આરાધના પ્રસન્ન ચિત્તે કરતાં તેઓશ્રી સંપૂર્ણ સમાધિમય દશામાં કાલધર્મ પામ્યા છે. શાસનના સમર્થ પ્રભાવક આચાર્યદેવશ્રીના કાલધર્મથી ખરેખર શ્રી જૈનશાસનમાં ન પૂરી શકાય તેવી મહાન ખોટ પડી છે. તેઓશ્રીની અંતિમસંસ્કાર યાત્રા ભવ્ય સમારોહપૂર્વક નીકળી હતી. હજારો બહાર ગામના ભાવિકો તથા સુરતના શ્રી સંઘે તેઓશ્રીના દેહનો અંતિમ સંસ્કાર કરેલ : તેઓશ્રી મૂલ અમદાવાદના સંસારી પક્ષે નિવાસી હતા. તેઓશ્રીનો દીક્ષા પર્યાય ૩૫ વર્ષનો હતો. જૈન શાસન પ્રત્યે તેમજ તેના સિદ્ધાંતો પ્રત્યે

તેઓશ્રીને પૂર્ણ નિષ્ઠા તથા અડગ દૃઢતા હતી. તેઓશ્રીના સંયમ, તપ, ત્યાગ તેમજ આરાધના ઇત્યાદિ ગુણોની અનુમોદના-પ્રશંસા કરવાપૂર્વક શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે, તેઓશ્રી જ્યાં હો ત્યાં સદ્‌ગતિગામી બની ઉત્તરોત્તર સિદ્ધિ-પદના ભોક્તા બનો ! તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્ય પરિવારને તથા ભક્તગણને તેઓશ્રીના દુઃખપ્રદ વિરહવ્યથાને સહન કરવાનું ને શિરછત્રરૂપ તેઓશ્રીના વિયોગની ઘેરી વેદનાને સમતાભાવે સહવાનું સામર્થ્ય આપો !

**મંગાવો :** 'ધ્યાનદીપિકા' ગ્રંથ પૂ. આ. મ. શ્રી વિજયકેસરસૂરિ કૃત ભાષાંતરયુક્ત ૨૫૦ પેજવાળો, પાકું બાઈન્ડીંગ કરેલ. ૧ રૂા. પોસ્ટેજ માટે મોકલનારને ભેટ મોકલાશે સીરનામું શ્રી દેવીદાસ હેમચંદ વોરા (જામનગરવાળા) ૯૮ ગોળ બજાર, મુ. ખડગપુર (પ. બંગાલ) સીરનામું ઇંગ્લીશમાં કરવું. (૨) દ્રવ્ય સપ્તતિકા સટીક પ્રતાકારે સંસ્કૃત ગ્રંથ પૂ. સાધ્વીજીને તથા સંસ્થાઓને જરૂર હોય તેમણે ૧૫ ન. પૈ. મોકલવાથી મળશે. તેમજ ભાષાંતર સાથે પ્રતાકારે ૩૦ ન. પૈ. મોકલી મંગાવશો. સીરનામું : પૂ. પંન્યાસજી મ. શ્રી મેરૂવિજયજી ગણિવર ઠે. શ્રાવકનો ઉપાશ્રય, અખીદોશીની પોળ રાધનપુર (રૂ. ગૂ.) (જી. બનાસકાંઠા) (ડીસા-કંડલા રેલ્વે) (૩) ભ. શ્રી મહાવીર દેવના જન્મકલ્યાણક આદિ પ્રસંગ પર આધુનિક ગાયનો વગેરેનો સંગ્રહ હીંદી ભાષામાં પરિશ્રમ લઇને તૈયાર કરેલ પુસ્તિકા વીરગીત ૫૦ ન. પૈ. પોસ્ટેજથી મંગાવી લો ! ઠે. શ્રી મહાવીર જૈન સભા મુ. માંડવલા, (વાલૂણી) (રાજસ્થાન)

**ગ્રાહક તરીકે નામ નોંધાવો !** શ્રી ચંદ્રકેવલી ચરિત્ર પ્રતાકારે ગુજરાતીમાં રૂા. ૩ ગ્રાહક તરીકે નામ નોંધાવો ! થોડીક જ નકલો બાકી છે. પ્રકાશક ઝવેરચંદ એચ. શાહ ૨૯, કેશવજી નાયક રોડ, મુંબઈ ૯ (M. B.) (ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઇ રહી છે.)

**પાઠશાળા માટે જોઇએ તો :** ધાર્મિક પાઠશાળા ભણાવવાનો જેમને ૧૩ વર્ષનો અનુભવ છે ૩૧ વર્ષના પરિણિત શિક્ષક જેમનો અભ્યાસ છ કર્મગ્રંથ, તત્ત્વાર્થસૂત્ર, સંસ્કૃત બે બુક, પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા ઇત્યાદિનો છે. જરૂર હોય તેમણે પગાર કયાં સુધી આપી શકે તેમ છે તે વિગત સાથે 'કલ્યાણ'ની ઓફીસમાં પત્ર વ્યવહાર કરવો !

**ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ :** કારોલ (સ્ટે. ચુડા)માં પૂ. મુનિરાજ શ્રી હંસસાગરજી મહારાજશ્રીનાં વરદ હસ્તે ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયેલ. મહોત્સવનું સંચાલન જાંબુવાળા શેઠ શ્રી વૃજલાલ ત્રિભોવનદાસે સુંદર રીતે કરેલ જે દરેક રીતે પ્રશંસનીય હતું. ફા. સુદિ ૭ ના શુભ દિવસે શ્રી નમિનાથ સ્વામી આદિ ત્રણ પ્રતિમાજીઓને બિરાજમાન કરવામાં આવેલ. ઘીની ઉપજ ૭૫૦૦ મણ થઈ હતી. મહોત્સવના આઠેય દિવસ પૂજા, આંગી ભાવના રહેતા. બન્નેય ટંક સાધર્મિક વાત્સલ્ય થયેલ. સારી સંખ્યામાં બહારગામથી ભાવિકો આવેલ. ગામના ભાઇઓએ તન, મન, ધનથી સારો લાભ લીધેલ. નાના ગામડામાં પણ આ પ્રતિષ્ઠા મહોત્સવથી સુંદર રીતે શાસન પ્રભાવના થઇ હતી. આ દેરાસરનું બાંધકામ પણ શ્રી વૃજલાલભાઇ જાંબુવાળાની દેખરેખ નીચે જ થયેલ.

**કેળવણી સહાયક મંદિરની યોજના :** ભાવનગર ખાતે આ સંસ્થા તરફથી જૈન સમાજના દરેક વિદ્યાર્થીઓને સહકાર આપવા એકસરસાઈઝ નોટબુકોના કવરપેઇજ પર જાહેરખબરો લેવી ને તેમાં જે આવક થાય તેનાથી વિદ્યાર્થીઓને નોટબુકો બજાર ભાવ કરતાં ૬૦-૭૦ ટકાના ઓછા દરે આપવી. જાહેર ખબરના ૫૦૦૦ નકલોના દર કવરપેજ છેલ્લું રૂા. ૨૦૦, ।। પેજ ૧૦૦, બીજું-ત્રીજું ફુલ પેજના ૧૫૦. ।। પેજના ૮૦, ।। પેજના રૂા. ૭૫ આ રીતે ૩ લાખ નોટબુકો પ્રગટ કરવાની છે. આને અંગે ઉપરોક્ત મંડળનો ઠે. દાણાપીઠ ભાવનગર એ સીરનામે સંપર્ક સાધી વિદ્યાર્થીઓના સહકાર કાર્યમાં સહુ કોઇ ફાળો આપે !

**જેસલમેર તીર્થની યાત્રાએ :** પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મહારાજશ્રીની નિશ્રામાં ફલોધીથી શ્રી જેસલમેરતીર્થનો છરી પાળતો સંઘ માહવદિ ૬ ના નીકળેલ. તે પ્રસંગે ધર્મનિષ્ઠ દાનવીર સંઘપતિ શ્રી સંપતલાલજી લુંકડે મહેસાણા યશોવિજયજી જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓને તથા સંપૂર્ણ સ્ટાફને નિમંત્રણ આપેલ. જેથી પાઠશાળાના અધ્યાપક શ્રી પુખરાજજી, શ્રી શાંતિલાલ ગૃહપતિ આદિ સર્વે ફા. સુદિ ૩ ના નીકળી ફા. સુદિ ૪ જેસલમેર પહોંચેલ ને ૧૦ સુધી ત્યાં રોકાણ કરેલ. દરમ્યાન પૂ. મુનિરાજ શ્રી અભયસાગરજી મહારાજે જાતે સાથે રહી જેસલમેરના પ્રાચીન જ્ઞાન ભંડારો, કિલ્લા ઉપર આવેલ જિનાલયો, લોદ્રવાજીનું જિનાલય, તેમજ પ્રભુ પ્રતિમાઓની ઐતિહાસિક દૃષ્ટિએ અનેક હકીકતો સમજાવેલ જેસલમેરમાં કુલ આઠ મંદિરોમાં લગભગ ૬૦૦૦ પ્રતિમાજી છે. પૂજારી ૧૨ હોવાથી પ્રક્ષાલ વગેરે બરાબર થતા ન હોવાથી પ્રાતમાજી સ્યામ થઈ ગયેલ. પૂ. મહારાજશ્રીની શુભ પ્રેરણાથી સંઘપતિજીએ અમદાવાદથી ખાસ ઓપની સાધન-સામગ્રી મંગાવેલ ને વિદ્યાર્થી બંધુઓ તથા શિક્ષકોએ ભક્તિ બહુ માનપૂર્વક ઓપ કરેલ. સંઘપતિ તથા સંઘમાં જોડાયેલ દરેક ભાઈ-બહેનો હંમેશા એકાસણા, ઉભય ટંક પ્રતિક્રમણ વગેરેનો લાભ લેતા. પાચમની સાંજે અમરસાગર તથા લોદ્રવાજીની યાત્રા કરેલ. આઠમના સંઘપતિજીને તીર્થમાળારોપણ થયેલ. તે પ્રસંગે મહેસાણા પાઠશાળાની કાર્યવાહીથી પ્રભાવિત થઈ સંઘપતિજીએ યાત્રાર્થે આવવાના ખર્ચ બદલ રૂા. ૧૦૦૧, અને તદુપરાંત ૫૦૧ ભેટ આપેલ. ત્યાંથી પાઠશાળાના સ્ટાફ તથા વિદ્યાર્થીબંધુઓ ૧૦ ના નીકળી પોકરણ, ફલોધીનાં જિનાલયોના દર્શન કર્યાં, ત્યારબાદ કાપરડાજી, જોધપુર જોડતા ફલોધી, બીકાનેર, નાકોડાજી, જાલોર, થઈ સાચોર આવેલ, દરેક સ્થલોયે પાઠશાળાના વિદ્યાર્થીબંધુઓ તેમજ શિક્ષકવર્ગની ભક્તિ, સરભરા તથા વ્યવસ્થા ઉત્સાહપૂર્વક સહુ કરતા; જોધપુર નિવાસી શેઠ ભંવરલાલજી મૂલરાજભાઇ જોધપુરથી જાલોર સુધીના તીર્થોમાં વ્યવસ્થા માટે સાથે આવેલ. સાચોરથી ભીલડીયાજીનાં દર્શન કરી ફા. વદિ ૭ ના સૌ સુખપૂર્વક મહેસાણા આવેલ. આ યાત્રા પ્રવાસનાં સુખદ સંસ્મરણો 'કલ્યાણ'માં આગામી અંકથી પ્રસિદ્ધ થશે.

**પ્રતિષ્ઠા મહોત્સવ :** સુરાનગર ખાતે પૂ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં માહવદિ-૧૩ થી પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ થયેલ હતો. ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા ફા. સુદિ ૬ ના ધામધૂમથી થયેલ. ૮ હજાર માણસો એકત્ર થયેલ. પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી સંઘમાં મતભેદ દૂર થતાં ઐક્ય થયું હતું. મહોત્સવમાં મંડપ તથા રોશનીની વ્યવસ્થા સુંદર હતી. આ અવસરે રાજેન્દ્રપરિષદની બેઠક પણ મળી હતી. નવે ય દિવસોમાં પૂજા, ભાવના અને આંગી થતી હતી. વરઘોડામાં રથ, મોટર, બેંડ આદિથી સુંદર શોભા રહેતી હતી. દાંતરાઈ સંગીત મંડલી, ગુડાબાલોતરાની મંડળી ને વાનરા પાઠશાળાના વિદ્યાર્થીઓ પૂજા, ભાવનામાં નૃત્ય તથા સંગીતથી ભક્તિ કરતા હતા. મહોત્સવ ખૂબ સુંદર થયેલ.

**ઇનામી સમારંભ :** તખ્તગઢમાં ચાલતી પાઠશાળા તથા વર્ધમાન જૈન કન્યાશાળાની પરીક્ષા શ્રી શ્રેયસ્કર મંડળ-મહેસાણાના પરીક્ષક શ્રી પ્રભુલાલ મહેતાએ લીધા બાદ તેનો ઇનામી સમારંભ તા. ૧૨ ના યોજાયેલ. પૂ. મુનિરાજ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજે સુંદર વક્તવ્ય કરેલ. પરીક્ષકે ધાર્મિક જ્ઞાનની મહત્તા પર વિવેચન કરેલ. શાહ બાબુલાલ ખુમાજી તરફથી રૂા. ૨૦૧ ની કિંમતનું ચરવલા, કટાસણા, આદિનું ઇનામ વહેંચાયેલ. પાઠશાળામાં ૨૦૦ જેટલા બાળક-બાલિકાઓ અભ્યાસ કરે છે. પૂ. સાધુ-સાધ્વીજી મ. પણ અભ્યાસ કરે છે. વેદાના ખાતે પૂજાનું આમંત્રણ આવતાં શેઠ મગરાજજી અમીચંદજી તરફથી પૂજા ભણાવાયેલ જેમાં તખ્તગઢની પૂજા મંડલી તથા પરીક્ષક શ્રી પ્રભુલાલ મહેતા અને અધ્યાપક બાબુલાલ શાહ ગયેલ. પૂજા ધામધૂમથી ભણાવાયેલ સંઘ જમણ થયેલ. વેદાના ગામ નાનું છતાં પણ ધાર્મિક પ્રવૃત્તિઓ સુંદર ચાલે છે.

**જોઈએ છે :** ચરમતીર્થપતિ ભ. શ્રી મહાવીર સ્વામી પ્રભુજીની મૂર્તિ ૧૩ થી ૧૫ ઈંચના : પ્રાચીન હોય તો વધારે સારૂં નહિતર અર્વાચીન : મૂલ નાયકજી તરીકે દેરાસરજીમાં પધરાવવા માટે લખો : શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ મુ. ચિતરોડ (કચ્છ–વાગડ) chitrod. (ડીસા–કંડલા રેલ્વે)

દુધઈ (વાગડ) વોરા નેણશી કરશનજીના સુપુત્ર ટોકરશીના લગ્ન નિમિત્તે લલીયાણામાં પૂજા ભણાવવામાં આવેલ. ૮૧ રૂા. શ્રી સંઘને તથા રૂા. ૮૧ કુટારીયા જૈન બોર્ડીંગને ભેટ આપવામાં આવેલ.

**નવપદ આરાધન ઉત્સવ :** પુંડલક તીર્થ (મદ્રાસ)માં પૂ. આ. મ. શ્રી વિજયપૂર્ણાનંદ-સૂરીશ્વરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ચૈત્ર મહિનાની ઓળી શ્રી કેશવલાલ મણિલાલ એન્ડ બ્રધર્સ (ઇટોદરા–ગુજરાતવાળા) તરફથી મહોત્સવપૂર્વક ઉજવાયેલ. અઠ્ઠાઇ મહોત્સવ તથા ચૈત્ર પૂર્ણિમાના પુણ્ય દિવસે નવાણું અભિષેકની પૂજા ભણાવાયેલ.

**૯૦ મી ઓળી :** મુંબઇ–વર્ધમાન તપના મુનીમ, કંથારીયા (વલ્લભીપુર)ના નિવાસી ધર્મનિષ્ટ શ્રી જગજીવનભાઈ ગીરધરલાલ જેઓ આયંબીલ ખાતાની વ્યવસ્થા કરે છે. મુંબઈમાં આયંબિલ કરનારા હજારો તપસ્વીઓની ભક્તિ કરે છે, તેમને ૯૦મી વર્ધમાન તપની ઓળી ચાલે છે.

**ઇરલાબ્રીજ :** પૂ. મુનિરાજ શ્રી જયપદ્મ-વિજયજી મહારાજ મુંબઈ પધાર્યા છે. ઘાટકોપર શિવ, લાલબાગ, માહિમ રોકાઈને હાલ તેઓ ઇરલાબ્રીજ રોકાયા છે. ત્યાંથી થાણા તરફ વિહાર કરનાર છે.

**શરીર સ્વાસ્થ્ય સુધારા પર છે :** 'કલ્યાણ'માં 'શંકા અને સમાધાન' વિભાગ માટે કાળજીપૂર્વક પરિશ્રમ લઈને અનેક ભાવિકોની શંકાઓનું સમાધાન કરનાર પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ચરણવિજયજી ગણિવરશ્રીને પ્રોસ્ટેટગ્લેન્ડનું ઓપરેશન તા. ૨૫–૨–૬૩ ના સેવાભાવી ડો. શ્રી મુકુંદભાઈ પરીખના હાથે થયેલ. ઓપરેશન બહુજ સારી રીતે થયેલ બાદ તબીયત ગંભીર થયેલ. પરંતુ ડોકટરોના ઉપચારોથી અને શાતાવેદનીયના ઉદયથી તબીયત પૂ. દેવ–ગુરૂની પુણ્યકૃપાના કારણે સુધારા પર આવેલ છે. તેઓશ્રીને હાલ પરિશ્રમ લેવાની મનાઈ છે. આથી 'કલ્યાણ'નો શંકા–સમાધાન વિભાગ આ અંકે પ્રગટ થઇ શકેલ નથી. શાસનદેવ પ્રત્યે આપણે પ્રાર્થના કરીએ છીએ કે, પૂ. પંન્યાસજી મહારાજ શ્રી શિઘ્ર આરોગ્ય પ્રાપ્ત કરી વધુ ને વધુ ધર્મ પ્રભાવના તથા આરાધના કરવા–કરાવવાનું સામર્થ્ય પ્રાપ્ત કરો !

**ઉદ્યાપન મહોત્સવ :** પૂ. મહારાજ શ્રી લક્ષ્મીવિજયજી તથા પૂ. મુનિરાજ શ્રી મનકવિજયજી મ.ની શુભ નિશ્રામાં ભવરાની (રાજસ્થાન)માં શેઠ શ્રી અખેચંદજી રીખવચંદજી તરફથી માહ વદિ ૫ થી અઠ્ઠાઇ મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયેલ. સાધર્મિક વાત્સલ્ય વદિ ૧૩ ના થયેલ. આ પ્રસંગે સંઘના આગ્રહથી સિયાનાગઢથી પ્રવર્તક શ્રી ગુમાનવિજયજી તથા પૂ. મુનિરાજ શ્રી ભવ્યાનંદ-વિજયજી પધાર્યા હતા. શ્રી મોંગીલાલજી ખીંવસરાની તરફથી પોતાના પિતાશ્રીના શ્રેયાર્થે માહ વદિ ૧૩ થી અઠ્ઠાઇ મહોત્સવ આનંદપૂર્વક થયેલ ફા. સુદિ ૬ ના સાધર્મિક વાત્સલ્ય થયેલ. પૂજા, આંગી, રોશની તથા પ્રભાવના રહેતી. મરણ પ્રસંગ હોવા છતાં આ રીતે ધાર્મિક મહોત્સવ ઉજવવાથી શોકનું વાતાવરણ ભૂલાઇ જતાં ધાર્મિક વાતાવરણ જાગ્રત રહેલ.


યક્ષરાટ્ ઇષ્ટપ્રાપ્તિ યંત્ર

શ્રી ઘંટાકર્ણ મહાવીર

ત્રિરંગી ચિત્ર

પોસ્ટેજ સાદું ૨૫ ન. પૈસા | ૭½"×૧૦" | કિંમત ૫૦ ન. પૈસા

આધિ–વ્યાધિ–ઉપાધિ
તાત્કાલિક દૂર કરવા જાતેજ
ચમત્કાર અનુભવી લો

શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુક સેલર્સ અને પબ્લીશર્સ
કીકા સ્ટ્રીટ–ગોડીજી ચાલ–મુંબઇ ૨.

## અનેરી ધર્મપ્રભાવના

**મુંબઇ** (ભાતબજાર) : પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ, શતાવધાની. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર આદિ ભાયખલાથી વિહાર કરતાં સેંકડો સ્ત્રી પુરુષો વળાવવા માટે આવ્યા હતા, ત્યાંથી તેઓશ્રી ભાતબજાર પધારતાં ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જનતાનો ઉત્સાહ અમાપ હતો. ૬૧ થી ૬૫ ગહુંલીઓ થઇ હતી. દરરોજ અનંતનાથજીના ઉપાશ્રયમાં પૂ. આચાર્યદેવના અસરકારક પ્રવચનો થતાં દિન પ્રતિદિન ઘણી મોટી સંખ્યામાં જનતા ચોમેરથી ઉભરાતી હતી. પૂ. આચાર્યશ્રીની ૨૬-૨૭ દિવસની સ્થિરતા દરમ્યાન જનતામાં અનેરો ઉત્સાહ અને ધર્મનો અપૂર્વ રંગ જામવા લાગ્યો. ભલ-ભલાના જીવનનું પરિવર્તન થવા પામ્યું કોઈ દિવસ ઉપાશ્રય-મંદિરમાં પગ ન મૂકનારા પણ નિયમિત હર્ષભેર હાજર થતા હતાં એટલું જ નહિ પણ ઘણી મોટી સંખ્યામાં લોકોએ વ્રતો-નિયમો-પચ્ચખાણ વિ. લીધા છે. દર રવિવારે શતાવધાની પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરના જાહેર વ્યાખ્યાનો કેસરબાગના વિશાળ હોલમાં યોજાતા હતાં દૂર-દૂરથી ૪ થી ૫ હજાર ભાવિકો આ વ્યાખ્યાનોનો લાભ લેતા હતા. જનતાની જંગી મેદની ઉભરાવા છતાં સૌ અપૂર્વ શાંતિથી સારી રીતે પ્રવચનો શ્રવણ કરતા હતા. હજારોની જનમેદની પ્રથમ જ વાર અહીં જોવામાં આવતી હતી. અનેક નવયુવાનો અને અજૈનો પણ ઉત્સાહથી લાભ લેતા હતા. શ્રી અનંતનાથજી હાઈસ્કૂલમાં તેમજ શ્રી પાલીગલી જૈન હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ સમક્ષ શતાવધાની પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરે સચોટ પ્રવચનો આપ્યા હતા. વિદ્યાર્થીઓ અને પ્રીન્સીપાલ આદિ ખૂબજ આનંદિત થયા હતા અને પુનઃ પુનઃ અમારી શાળાને લાભ આપવા તેમને વિનંતિ કરી હતી. પૂ. આચાર્યશ્રીએ, પાલાગલીના ૬૦-૭૦ શિક્ષક અને શિક્ષિકાઓ સમક્ષ શિક્ષકોનું કર્તવ્ય એ વિષય પર પ્રભાવશાળી પ્રવચન આપ્યું હતું.

ભાત બજાર-ખારેક બજારની જનતાને પૂ. આચાર્યશ્રીનો આવો અદ્ભૂત લાભ પ્રથમ વાર જ મળ્યો હતો. જનતાએ ફરી ફરી લાભ આપવા વિનંતી કરી છે. શ્રી આદીજિન સ્નાત્ર મંડળે ભારે સેવા બજાવી હતી. વદ ૩ના ડુંગરી વિભાગમાં એક જૈન પાઠશાળાનું ઉદ્ઘાટન થનાર છે. અત્રેથી તેઓશ્રી ભાયખાલા દાદર શાંતાક્રુઝ વિ. તરફ પધારશે.

## જન્મકલ્યાણક ભવ્ય સમારોહ

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી પ્રથમજ વાર અત્રે ભારે ઉત્સાહ અને દબદબાભરી રીતે પૂ. પાદ આચાર્યદેવ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની પૂનીત પ્રેરણાથી એઓશ્રીની અધ્યક્ષતામાં ઉજવવામાં આવી હતી. સવારે શ્રી આદિશ્વર જીનમંદિરથી બેન્ડ ઇંદ્રધ્વજા, ટંકોરખાનું, ભગવાનનો રથ વિ. ભવ્ય સામગ્રી સાથે ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. પૂ. આચાર્યદેવાદિ મુનિગણ અને હજારો ભાવિકોની ભવ્ય હાજરી નજરે ચઢતી હતી. છેલ્લે લાડુની પ્રભાવના થઇ હતી. બપોરે કેસર બાગના વિશાળ હોલમાં પૂ. આચાર્ય મહારાજની અધ્યક્ષતામાં એક વિરાટ સભા યોજાઈ હતી પ્રારંભમાં. હાઈસ્કૂલની બાળાઓએ સ્તુતિ ગાઈ હતી ત્યારબાદ શ્રી કેશવલાલ મો. મંડળીએ-નવકાર મંત્રની ધૂન તેમજ સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી શાંતિલાલ શાહે ભગવાન મહાવીર સ્વામીની પ્રશસ્તિમય કાવ્ય સુંદર રીતે રજૂ કર્યું હતું. ત્યાર બાદ શ્રી જમનાદાસ ઉદાણી, શ્રી દેવજી દામજી ખોના, પૂ. મુનિ શ્રી ભાસ્કરવિજયજી મ. પૂ. પંન્યાસજી શ્રી કીર્તિવિજયજી ગણિ. તેમજ છેલ્લે અધ્યક્ષસ્થાનેથી પૂ. આચાર્યદેવે સુંદર શૈલિથી ભગવાન મહાવીર સ્વામીના જીવનનો ખ્યાલ આપ્યો હતો. હજારો સ્ત્રી પુરુષોની હાજરી જનતાનું ધ્યાન ખેંચી રહી હતી છેલ્લે લાડુની પ્રભાવના થઇ હતી. આ પ્રસંગ અત્રે પ્રથમ વારજ ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવાયો હતો.

**મુંબઈ :** શ્રી વર્ધમાન જૈન પાઠશાળાના ઉપક્રમે પ્રભુ મહાવીરદેવનો જન્મદિન સુંદર રીતે ઉજવાયો

હતો. સવારે સ્નાત્ર મહોત્સવમાં અને બપોરે સામુદાયિક સામાયિકમાં વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. અ. સૌ. હીરાબેન બાલચંદ છગનલાલ વખારીયા તરફથી ૩૦૦ વિદ્યાર્થીઓને અલ્પાહાર આપવામાં આવ્યો હતો. રાત્રે સ્તવન હરિફાઈ યોજાઈ હતી.

**સ્વર્ગારોહણ નિમિત્તે** : સુરત મુકામે પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજશ્રી ફા. વદિ ૬ના ૬૫ વર્ષનો સંયમ પર્યાય પાલી સમાધિપૂર્વક સ્વર્ગારોહણ પામ્યા તે નિમિત્તે સુરત જૈન સંઘ સમસ્ત તરફથી નેમુભાઈની વાડીનો ઉપાશ્રય-ગોપીપુરામાં ચૈત્ર સુદિ ૧૧ થી ચૈત્ર વદિ ૪ સુધીનો દશાન્હિક મહોત્સવ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહિત ભવ્ય સમારોહપૂર્વક ઉજવાયેલ. આ પ્રસંગે હાલતી ચાલતી અનેક ધર્મ પ્રભાવક રચનાઓ કરવામાં આવેલ. (૨) હીંગનઘાટ ખાતે પૂ. મુનિરાજ શ્રી ગુણસાગરજી મ. શ્રીની નિશ્રામાં ફા. વદિ ૯ થી અઠ્ઠાઈ મહોત્સવ શરૂ કરવામાં આવેલ. (૩) ભરૂચ-વેજલપુર ખાતે આરાધના ભુવનમાં શોકસભા થયેલ જેમાં અનેક ગુરૂગુણાનુરાગી ભાઈઓએ શ્રી સૂરીશ્વરજી મ. ના જીવન પ્રસંગો વર્ણવી પ્રેરક વક્તવ્યો કરેલ. પૂજા ભણાવેલ. (૪) નંદુરબાર ખાતે પૂ. સાધ્વીજી મ. શ્રી પદ્મલતાશ્રીજી તથા પૂ. સા. શ્રી મયણાશ્રીજીની શુભનિશ્રામાં પૂ. પાદ આચાર્યદેવશ્રીના સમાધિપૂર્વકના સ્વર્ગારોહણ નિમિત્તે ફા. વદિ ૧૦ થી ચૈત્ર સુદિ ૨ સુધીનો અઠ્ઠાઇ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. પૂ. સાધ્વીજી મ. શ્રીએ ચૈત્રી ઓળી નિમિત્તે અત્રે સ્થિરતા કરેલ છે.

**ચૈત્રી ઓળીમાં આયંબિલો** : પાલીતાણા ખાતે સિદ્ધક્ષેત્રની પવિત્ર ભૂમિપર આયંબિલ ખાતાની સગવડ એટલી સુંદર રીતે અનુકૂળતાભરી છે કે તીર્થાધિરાજની યાત્રાએ આવનાર યાત્રિકવર્ગને ઉકાળેલા પાણીની તથા આયંબિલની સગવડ મળે છે. પૂ. સાધુ-સાધ્વીજીની ભક્તિનો અલભ્ય લાભ મળે છે. સ્ટાફ પણ વિનયી તથા કાળજીવાળો છે. આ વખતે શાશ્વતી ચૈત્રી ઓળીમાં દરરોજના ૧ હજાર આયંબિલો થયેલ. તેમાં ૮-૧૧-૨૪ તથા પૂર્ણિમાના દિવસોમાં દરરોજના ૧૫૦૦ આયંબિલો થયેલ. આ રીતે નવ દિવસોમાં ૧૧ હજાર આયંબિલો થયેલ. દરેક પ્રકારની વસ્તુઓ તપસ્વીવર્ગની ભક્તિ માટે સારામાં સારી રીતે થતી હતી. બાર મહિના દરમ્યાન આ આયંબિલ-ખાતામાં પોણા બે લાખ આયંબિલો થાય છે. દરરોજનું ૩ હજાર ગેલન પાણી ઉકળે છે. જેમાં ૧૫૦૦ ગેલન પાણી બહારથી મંગાવીને ઉકાળવાનું હોય છે. આયંબિલ ખાતાની આ સંસ્થામાં બારમહિને રૂા. ૫૦ હજારથી ઉપરનો ખર્ચ આવે છે. પણ તીર્થસ્થાને યાત્રાર્થે આવનાર ભાવિકોની ઉદારતાથી ને સ્ટાફના માણસો તથા મેનેજરો શ્રી રમણિકલાલ તથા શ્રી દલીચંદભાઇની મહેનતથી અને આયંબિલ ખાતાના વિકાસ માટેની કાળજીથી આયંબિલ ખાતા માટે સારી રકમ દર વર્ષે મળતી રહે છે. જેથી પાલીતાણા-આયંબિલ ખાતા તરફથી હિંદના અનેક આયંબિલ ખાતાઓને ઉચિત આર્થિક સહાય કરાઇ રહી છે.

**દયાળુ દાનવીરોને દર્દભરી અપીલ:** મહુવા (સૌરાષ્ટ્ર)ના ખારના ઝાંપે તા ૨૭-૩-૬૩ ના રોજ ભયંકર આગ લાગેલી, આ આગમાં મહુવા પાંજરાપોળનું મકાન જે આજની કિંમતે રૂા. ૫૦ હજારનું થાય, તે બળીને ભસ્મીભૂત થઈ ગયું. આ મકાનના ભાડાની આવકમાંથી પાંજરાપોળના લૂલા લંગડા અનાથ ઢોરોનો નિભાવ થતો હતો! આ મકાનને નવેસરથી બાંધવા માટે સંસ્થા પાસે કાંઇ પણ સગવડ નથી. આથી સર્વ કોઈ ઉદાર દયાળુ દાનવીરોને દર્દભરી અપીલ છે કે, મૂંગા ઢોરોનાં નિભાવનું સાધન તાત્કાલિક બંધાવી આપવા માટે પોતાની શક્તિ ખર્ચે! ને ઉદારતાથી મદદ મોકલે! આસપાસના સંખ્યાબંધ ગામનાં લૂલા, અપંગ ઢોરોનું આ પંજરાપોળ એક જ આશ્રયસ્થાન છે, માટે આપ સૌ આપનો ઉદારતાભર્યો સહકાર તથા સાથ આપશો. મદદ મોકલવાનું સ્થળ: શ્રી મહુવા પાંજરાપોળ ઠે. શ્રી મહુવા વીશાશ્રીમાળી તપાગચ્છીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની પેઢી મુ: મહુવાબંદર (સૌરાષ્ટ્ર)

મોટામાંઢા [હાલાર] ગામે

# શ્રી પ્રતિષ્ઠા તથા દીક્ષા મહોત્સવ

જામનગર તાબે ગામ શ્રી મોટામાંઢા મુકામે ચૈત્ર વદ ૧૦ ને શુક્રવાર તા. ૧૯-૪-૬૩ ના સવારે સિદ્ધાંત મહોદધિ પ્રાતઃસ્મરણીય પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રી**ની આજ્ઞાથી પરમ પૂજ્ય પંન્યાસજી મ. શ્રી **ભદ્રંકરવિજયજી ગણિવરશ્રી** આદિ મુનિવરોનો પ્રવેશ તથા મહોત્સવનો પ્રારંભ થશે. ત્યારથી આઠ દિવસ સુધી દરરોજ (પત્રિકામાં જણાવ્યા મુજબ) વિવિધ કાર્યક્રમ રહેશે.

વૈશાખ સુદ ૩ ને શુક્રવાર તા. ૨૬-૪-૬૩ ના સવારે ૮ ક. ૨૮ મિનિટે મુમુક્ષુ-ભાઈ શ્રી **કેશવજી જેસંગભાઇ** (ઉ. વ. ૨૫) કક્ષુરડાવાલાની શ્રી ભાગવતી દીક્ષા થશે. તથા ૧૦ ક. ૪૮ મિનિટે પ્રભુજીને ગાદી નશીન કરવામાં આવશે.

મહોત્સવ દરમ્યાન દરરોજ વિવિધ પ્રકારની પૂજાઓ રાગરાગણીથી ઠાઠ સાથે મુંબઇનું **શ્રી મહાવીર જૈન સંયુક્ત મંડળ** ભણાવશે. આઠ દિવસ સુધી નવકારશી રાખવામાં આવી છે,

આ શુભ પ્રસંગે સપરિવાર પધારવા માટે આપશ્રીને અમારી આગ્રહભરી વિનંતિ છે.

અહીં આવવા માટે જામનગરથી માંઢા સુધી બસની સગવડ છે. ઉપરાંત જામનગર દ્વારકા રેલ્વેના જામખંભલીયા સ્ટેશન ઉતરીને પણ આવી શકાય છે.

ચૈત્ર વદ ૪; શનિવાર
**મુ. મોટામાંઢા**
જીલ્લો-જામનગર (હાલાર)

લી.
**મોટામાંઢા જૈન સંઘના**
સબહુમાન પ્રણામ સ્વીકારશોજી.

**મહાવીર જન્મકલ્યાણક :** ભ. શ્રી મહાવીર જન્મકલ્યાણક જેવા પ્રસંગે પ્રભુ શ્રી મહાવીરદેવ જેવા મહાપુરૂષનું બહુમાન કરવા ભારત સરકારે રજા જાહેર કરવી જોઈએ. સામાન્ય માણસના જન્મ તથા મૃત્યુ દિવસોમાં રજા જાહેર થાય છે, ને ભ. શ્રી મહાવીરદેવ જેવાના જન્મકલ્યાણકના દિવસનું કોંગ્રેસ સરકારના રાજ્યમાં કાંઈ જ મહત્વ નથી, ફક્ત ૮ પ્રાંતોમાં રજા જાહેર તહેવાર તરીકે પડે છે. મધ્યસ્થ સરકાર તથા બીજા પ્રાંતો આજે વર્ષોથી મહાવીર જૈન સભા-માંડવલાના કાર્યકરો પ્રયત્ન કરે છે, છતાં સાંભળતા કે ધ્યાન દેતા નથી. ફરી આ સભાના કાર્યકરો જૈન સમાજને વિનંતિ કરે છે કે, સહુએ મધ્યસ્થ સરકારના ગૃહમંત્રીને તાર-ટપાલ લખીને ભ. શ્રી મહાવીરદેવના જન્મ-કલ્યાણકના દિવસનું ગૌરવ સચવાય તેમ કરવું જોઈએ !

**પાલીતાણાના વર્તમાન :** વર્ષીતપના પારણાંના પ્રસંગે તપસ્વીઓ તથા તેમના સબંધીઓ આવી રહ્યા છે. રાજસ્થાન બાજુનાં યાત્રિકો સારી સંખ્યામાં છે. ધર્મશાળાઓ સંખ્યાબંધ હોવા છતાં યાત્રિકોની વ્યવસ્થા માટે ખૂબ જ ખેંચ પડે છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વ્યવસ્થાપકોએ આવા અવસરે યાત્રિકોને સંતોષ આપવા શક્ય સઘળું કરવું જોઈએ. સંઘવી પુનમચંદજી નથમલજીના તરફથી નીકળેલ તખતગઢનો છરી પાળતો સંઘ ચૈત્ર સુદિ ૬ અત્રે આવેલ. પેઢી તરફથી સામૈયું થયેલ. સુદિ ૧૦ના પૂ. મ. શ્રી મંગલવિજયજી મ. નાં વરદ હસ્તે ગિરિરાજ પર માલારોપણ થયેલ. વદિ ૧ના શેઠ રાજમલજી તરફથી ગિરનારજીનો છરી પાળતો સંઘ પૂ. પં. મ. શ્રીની શુભ નિશ્રામાં નીકળેલ છે. વદિ ૦)) ના જુનાગઢ પહોંચશે. વૈશાખ સુદિ ત્રીજના માલારોપણ થનાર છે.

**તપશ્ચર્યા તથા યાત્રા :** પાલીતાણા-આરિસા ભુવન ખાતે બિરાજમાન પૂ. તપસ્વી પંન્યાસજી મહારાજ શ્રી ભક્તિવિજયજી ગણિવરશ્રીને સતત ૧૧મો વર્ષીતપ ચાલે છે. લગભગ ૧૮ તલાટીની યાત્રાના નવાણું થયેલ છે, પૂ, સ્વ. પં. મ. શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિશ્રી પૂર્ણાનંદવિજયજી મ.ને શંખેશ્વરજીતીર્થમાં શરૂ કરેલ ૫૧મી ઓળીનું પારણું નિર્વિઘ્ને થયેલ છે. પૂ. મુનિરાજ શ્રી ચંદ્રયશવિજયજી મ.ને ૮૮મી ઓળી પૂર્ણ થઈ છે. સિદ્ધગિરિજીમાં પૂ. અનેક સાધુ-સાધ્વીજી સમુદાયમાં તપશ્ચર્યા તથા નવાણુ યાત્રાઓ થઈ છે. ને થઈ રહી છે. તેમજ શ્રાવક-શ્રાવિકાવર્ગમાં પણ તપશ્ચર્યા તથા યાત્રાઓ ઉલ્લાસભેર ચાલી રહી છે. જૈન શાસન જયવંતુ વર્તે છે.


## શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન ઉપકરણ ભંડાર.

**[અમદાવાદ-૭]**

જૈન જનતાને ધર્મસાધનામાં ઉપયોગી એવી તમામ વસ્તુઓ અમારા ત્યાંથી કીફાયત ભાવે મળશે. વસ્તુઓ સારી અને સસ્તી ખરીદવા માટે અમારી સાથે પત્ર વ્યવહાર કરો. અથવા રૂબરૂ મળો.

**વસ્તુઓનાં નામ:** કેસર, સુખડ, સોના-ચાંદીના વરખ, બાદલો, અગરબત્તી, કટાસણાં, ચરવળા, સુંવાળી સાવરણીઓ...વગેરે.

સરનામું : **જૈન ઉપકરણ ભંડાર,** 'મુક્તિદ્વાર' દશાપોરવાડ જૈન સોસાયટી. : **અમદાવાદ-૭.**

**ભદ્રેશ્વરજીતીર્થ** : તાજેતરમાં ભદ્રેશ્વર વસહી જૈનતીર્થ (કચ્છ) ના ટ્રસ્ટબોર્ડની બેઠક મલી હતી. તેમાં શ્રી ખુશાલચંદ સાકરચંદ શ્રી નેમીદાસ દેવજી, શ્રી મોતીલાલ ગોપાલજી. શ્રી ગુમખલાલ મહેતા, શ્રી પ્રેમચંદભાઈ સતનાવાલા, શ્રી નરપત નેમિદાસ, શ્રી રણશી વેલજી અને શ્રી નવીનચંદ્ર મગનલાલ મુંદરાવાલા (ટ્રસ્ટી શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ) મુખ્ય હતા. તીર્થમાં દિન-પ્રતિદિન વધતી જતી યાત્રિકોની સંખ્યાને પહોંચી વળવા માટે તેમજ ભોજનશાળા અને ફુલવાડીને આવરી લેતી પાણી યોજના માટે રૂા. ૩૨ હજારનું થયેલ કામ તપાસી સંતોષ વ્યક્ત કરેલ ભોજશાળાની કારોબારીની બેઠક શ્રી મોતીલાલ ગોપાલજીના પ્રમુખપદે મળેલ. અહેવાલ તથા રીપોર્ટને બહાલી આપીને તેની પ્રસિદ્ધિ માટે શ્રી નવીનચંદ્ર મગનલાલ શાહ મુદ્રાવાળા અને શ્રી બાબુલાલ જાદવજી ધીવાલાને સોંપાયેલ. ગતવર્ષ દરમ્યાન દશ હજાર ઉપરાંત યાત્રિકોએ ભોજનશાળાનો લાભ લીધેલ.

**બાલ આરાધકનું સન્માન** : રાજકોટ ખાતે જૈન પાઠશાળામાં અભ્યાસ કરતા બાળવયસ્ક શ્રી અનંતકુમાર નગીનદાસ વય ૧૦ જેમણે તાજેતરમાં શ્રી સિદ્ધિગિરિજીમાં નવાણુ યાત્રા તથા છઠ્ઠ કરીને કરેલી સાત યાત્રા આદિની આરાધનાની અનુમોદના તથા તેના સન્માન માટે એક સમારંભ પાઠશાળામાં ઉજવાયેલ. વિદ્યાર્થીઓએ તથા શિક્ષક શ્રી રમણિકલાલે વક્તવ્યો કરેલ શ્રી અનંતકુમારે પોતાની યાત્રાનો અનુભવ વર્ણવેલ. અનંતકુમારને પૂજાની સુંદર પેટી નાનું સ્ટુલ અને પુસ્તકો અર્પણ કરેલ બાદ પેંડાની પ્રભાવના થયેલ. બાળાઓમાં શ્રી રમાબેન તથા શ્રી દમયંતીબેનનું સન્માન પૂજાની પેટી આદિથી પાઠશાળાની બાળાઓ તરફથી થયેલ.

**સાવધ રહેજો** : સિદ્ધપુર ખાતે શ્રી ચંદ્રપ્રભુજીના દેરાસરે પૂજાના કપડાના સ્વાંગમાં એકભાઇ આવી, ગભારો ઉઘાડી આપવા પૂજારીને કહ્યું. પૂજારી નહતો, તેની ડોશીમા હતા, તે ભાઈ નવકારી ગણવા બેઠા, ને ડોશીમા બહાર નીકળ્યા એટલે છૂપી રીતે તાળું તોડીને ભગવાનનો મુગુટ ચોરીને લઇ ગયેલ. બાદ ખબર પડતાં ઘણી તપાસ કરી. પણ પત્તો લાગ્યો નહિ. માટે દેરાસરના વ્યવસ્થાપકોએ સાવધ રહેવું જરૂરી છે. કોઇપણ અજાણ્યો પૂજા કરવા આવે ત્યારે ખાસ તકેદારી રાખવી.

**યાત્રાના બહાને ઠગાઇ** : પાનસરની બાજુમાં રાજપર (તા. કડી) ના દેરાસરજીમાં તાજેતરમાં બે ભાઇઓ યાત્રા કરવા આવેલ. તેથી દેરાસરજી ઉઘાડી આપેલ. બાદ દર્શન કરીને બહાર નીકળ્યા ત્યાં સુધી કશી જ ખબર નહિ પડી, પણ દેરાસરજીમાં તપાસ કરતાં પ્રતિમાજી ઉપરના મુગુટ તથા ચાંદીના પ્રતિમાજી વગેરે થઈ કુલ ૩૩૨ તોલા લગભગ તેઓ ચોરી ગયેલ છે. ઘણી તપાસ કરી પત્તો નથી. આથી દેરાસરજીના વ્યવસ્થાપકોએ સાવધ રહેવું ઘટે ને કોઇપણ અજાણ્યા દર્શન કરવા આવે તો દેરાસરજીમાં ચોક્કસાઇપૂર્વક રહેવું જોઇએ.

**શ્રાવિકાશ્રમની મુલાકાતે** તખતગઢ (રાજસ્થાન) થી છરીપાળતો શ્રી સિદ્ધાચલજી તીર્થનો સંઘ લઇને આવેલ સઘપતિ શ્રી નથમલજી પુનમચંદજીનું બહુમાન કરવા તથા સંસ્થાની મુલાકાત લેવા નિમંત્રણ આપતાં તા. ૨-૪-૬૩ના રોજ સાંજના સાત વાગે સંઘમાં આવેલ ભાઇ-બહેનો સાથે સંઘપતિ વાજતે-ગાજતે પધારેલ. સંસ્થાના સેક્રેટરી શ્રી મનસુખભાઇએ તેમનું સ્વાગત કરેલ. શ્રી બાબુભાઇ માસ્તર તખતગઢવાળા તથા સોમચંદ ડી. શાહે પ્રસંગોચિત વક્તવ્ય કરેલ. સંઘપતિ તરફથી સંસ્થાને રૂા. ૨૫૧ અને સાથે આવેલા ભાઇઓ તરફથી ૪૫૦ જેટલી રકમ સંસ્થાને ભેટ તરીકે મળેલ. સંઘપતિ તથા યાત્રિક બંધુઓએ સંસ્થાની બેનોના શિસ્ત, ચારિત્ર્ય, સંસ્કાર, તથા શિક્ષણને અંગે તથા સંસ્થાની કાર્યવાહીથી સંતોષ પામ્યા હતા.

**દુઃખદ સ્વર્ગવાસ** : પાલીતાણા ખાતે યાત્રિકોની સુવિધા જળવાઈ રહે તેવી વિશાલ ૩ માળની ધર્મશાળા આરિસા ભુવનના સ્થાપક તથા વહિવટદાર શેઠ ભુરમલજી મદ્રાસવાળા ચૈત્ર વદિ ૧ ભોમવારના બપોરે ૨-૩૦ કલાકે સમાધિપૂર્વક

સ્વર્ગવાસ પામ્યા છે. સ્વર્ગસ્થ ક્રિયારૂઢિ, ધાર્મિક-વૃત્તિના ધર્મનિષ્ઠ હતા દરરોજ એકાસણું તેઓ લગભગ ૧૫-૨૦ વર્ષથી કરતા હતા. અવસાનના પહેલા દિવસે ચૈત્ર પૂર્ણિમાનો તેમને ઉપવાસ હતો. સુદિ ૧૪નું આયંબિલ હતું, ને વદિ ૧ના એકાસણું કરીને બેઠા હતા. બાદ વાત કરતાં જ તેમને હાર્ટફેલ થયેલ. સ્વર્ગસ્થના આત્માને શાસનદેવ શાંતિ આપો !

**સિદ્ધગિરિજી પધાર્યા છે** : પૂ. પાદ પં. મ. શ્રી કનકવિજયજી ગણીવરશ્રી પોતાના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ. આદિ પરિવાર સાથે વઢવાણથી ફા. વદિ ૫ના વિહાર કરી, ખારવા, બલદાણા થઈ ચૂડાં વદિ ૭ ના પધાર્યા હતા. વઢવાણથી વિહાર કરતા શ્રી સંઘ તેઓશ્રીને વળાવવા આવેલ. વદિ ૫ના સુરેન્દ્રનગર જૈનસંઘના આગેવાનો પૂ. પં. મ. શ્રીને ચાતુર્માસ માટે વિનંતિ કરવા આવેલ. પૂ. પાદ ગચ્છાધિપ ત આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર પૂ. પં. મ. શ્રીનું ચાતુર્માસ સુરેન્દ્રનગર ખાતે નક્કી થતાં શ્રી સંઘને આનંદ થયેલ. પૂ. મહારાજશ્રી ચૂડાથી રાણપુર થઇ વદિ ૯ના અલાઉ પધારતાં પૂ. પાદ આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. શ્રીના દર્શન-વંદન કર્યાં. વ્યાખ્યાન થયું. સાંજે બોટાદ જૈન સોસાયટીમાં પધાર્યા હતા. ત્યાંથી કારીયાણી, કંથારીયા થઈ વદિ ૧૩ના વલ્લભીપુર પધારેલ. કારીયાણી ક્ષેત્રમાં ગામ બહાર રમણીય દેરાસર તથા ઉપાશ્રય છે. અમદાવાદથી વિહાર કરીને આવતા, તથા જતાં ને બોટાદ બાજુથી આવતા જતા પૂ. સાધુ-સાધ્વીજી સમુદાયની ભક્તિ ગામના ભાવિકો કરે છે. સાધારણ ખાતામાં ખોટ રહે છે. ૫૫, ૫૧ તિથિઓ રાખી છે. જેમાં સુકૃતની સંપત્તિનો શુભ વ્યય કરી લાભ લેવા જેવો છે. કંથારીયામાં ૪ ઘર છે; પણ ભાવના સારી છે. ઘર દેરાસર તેમજ ઉપાશ્રય છે. ઉપાશ્રયમાં હજુ કેટલુંક કામ બાકી છે, જે માટે ભાગ્યશાલીઓએ લાભ લેવા જેવો છે. વલ્લભીપુરથી ઉમરાળા, સણોસરા થઇને વદિ ૨ ના નોંઘણવદર પૂ. મહારાજશ્રી પધાર્યા હતા. તાજેતરમાં દેરાસરજીની પ્રતિષ્ઠા થઇ છે. દેરાસર રમણીય ને ભવ્ય બન્યું છે. ઉપાશ્રય પણ આલિશાન છે. લોકો ભાવનાવાળા છે. પૂ. આ. મ. શ્રી વિજયરામસૂરીશ્વરજી મહારાજશ્રી (ડેલાવાળા) અહિં સુદિ ચોથના પધાર્યા હતા. પૂ. પં. મહારાજશ્રીનું તથા પૂ. આ. મ. શ્રીનું પ્રવચન સાથે થયેલ. સુદિ ૯ ના જમણવાવ પધારેલ. વચ્ચે રતનપર પધારતા રતનપરમાં ઉપાશ્રય માટે ત્યાંના સંઘે બહારગામની સહાયથી રૂા. ૬ હજાર કરેલ છે. એક હજાર ખૂટે છે. ધર્મારાધના કરવા માટે તથા શ્રી ચતુર્વિધ સંઘની આરાધના માટે આ સ્થળે ઉપાશ્રયની સગવડ થાય તે જરૂરી છે. તે માટે ભાગ્યશાલી મહાનુભાવો પોતાની સુકૃતની સંપત્તિનો અવશ્ય લાભ લે ! પૂ. મહારાજશ્રી ચૈત્ર સુદિ ૬ના શ્રી સિદ્ધક્ષેત્ર ખાતે પધાર્યા હતા. આરિસાભુવન ધર્મશાળામાં તેઓશ્રી બિરાજે છે, દરરોજ વ્યાખ્યાન બપોરના ૩ થી ૪ સુદિ ૧૦ થી શરૂ થયેલ છે.

**શ્રાવિકાશ્રમના નવા પેટ્નો** : ૧૦૦૧ શેઠ નભુભાઈ મહાવીર ટ્રાન્સપોર્ટ કું.વાળા જામનગર, ૧૦૦૧ શેઠ વાડીલાલ ચત્રભુજ ગાંધી મુંબઇ. ૧૦૦૧ શેઠ રતિલાલ ગીરધરભાઇ અમદાવાદ. ૧૦૦૧ શેઠ લીલાધર સૌભાગચંદભાઇ વેરાવલ આ રીતે શ્રાવિકાશ્રમ સંસ્થા-પાલીતાણાના નવા પેટ્રનો થયા છે.

**હોલી કેંપ** : માંડવી (કચ્છ) ખાતે જૈન-મિત્રમંડળના આશ્રયે બાળકોને સંસ્કારી પ્રવૃત્તિઓમાં જોડવા હોલી કેંપની યોજના કરેલ. ૨૭૫ ઉપરાંત બાળકો આમાં જોડાયેલ. જેમાં ૧૨૫ શ્રી હીરાલાલ સાકરચંદ ભુલાણી, ૫૧ જીવરાજ પૂંજાની કું. ૫૧ ધરમશી દેવચંદ, ૨૫ જશરાજ રાજપાળ, ૨૫ ધીરજલાલ ધરમશી, ૨૫ ડી. રવિલાલ વી. મહેતા. ૧૫ હરિલાલ દેવશી આદિ ભાઇઓના સહકારથી ફાળો સારો થયેલ. આ કેંપને સફળ બનાવવામાં સંસ્થાના સેવાભાવી કાર્યકરો શ્રી વ્રજલાલ નાનાલાલ, મંત્રી મહેંદ્રકુમાર તથા નાણામંત્રી શ્રી લહેરીકાંત ઝુમખલાલ શાહનો સહકાર સારો મળેલ.

**ચૈત્રીપુનમની યાત્રા :** પાલીતાણા–સિદ્ધક્ષેત્રની પુણ્યભૂમિમાં ચૈત્રીપુર્ણિમાની યાત્રા કરવા લગભગ ૨ થી ૩ હજાર યાત્રિકો આવેલ. વર્ષીતપના પારણા નિમિત્તે બહારગામથી સારી સંખ્યામાં આવી રહ્યા છે. રાજસ્થાન તરફના તપસ્વીઓની સંખ્યા ઘણી છે.

**વઢવાણ શહેર :** પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામસૂરીશ્વરજી (ડેલાવાળા) ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ગુણચંદ્રવિજયજી આદિ મારવાડથી વિહાર કરી જીરાવલા, મંડાર, મેત્રાણા, ચારૂપ, પાટણ, શંખેશ્વરજી સુરેન્દ્રનગર થઈ ચૈત્ર સુદિ ૫ ના અત્રે પધાર્યા છે. અહિથી તેઓશ્રી પાલીતાણા તરફ પધારવાના હતા, પણ અહિંના શ્રી સંઘનો ચૈત્રી ઓળી માટેનો અતિશય આગ્રહ થતાં તેઓ રોકાયા છે. વ્યાખ્યાનમાં નવપદજીની આરાધના ઉપર શ્રીપાલ ચરિત્ર વંચાતું હતું લોકો સારી રીતે લાભ લઇ રહેલ. ચૈત્ર વદિ ૧ ના વિહાર કરી તેઓ પાલીતાણા તરફ પધારનાર છે.

**સન્માન સમારંભ :** શ્રાવિકાશ્રમ સંસ્થા–પાલીતાણાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન સુશીલાબેન કે જેઓએ આ સંસ્થામાં રહી અભ્યાસ કરેલ ને ત્યારબાદ મારવાડમાં શિક્ષિકા તરીકે સેવા આપેલ. તેઓ ભાગવતી દીક્ષા અંગીકાર કરવાના હોવાથી તેમને સન્માન કરવાનો સમારંભ તા. ૩–૪–૬૩ના સાંજના પાંચ વાગે પાલીતાણા વિકાસ અધિકારી શ્રી પુરુષોત્તમદાસ બાવીશીના પ્રમુખપદે રાખેલ. પ્રસંગને અનુલક્ષીને પ્રવચનો થયેલ. દીક્ષાર્થી સુશીલાબેન સંસ્થાનો ઉપકાર માનતાં પોતાની ભાવના જાગવામાં શ્રાવિકાશ્રમ સંસ્થા છે, તેમ જણાવેલ. ને પોતાના તરફથી રૂા. ૧૨૫ સંસ્થાને ભેટ આપેલ દીક્ષાર્થી બેનને હારતોરા કરેલ.

**ચાણસ્મા :** અત્રે મહા સુદિ ૧૩ ને ફા. સુદિ ૩ ના અનુક્રમે શ્રી શીતલનાથજી તથા શ્રીપાર્શ્વનાથજીની વર્ષગાંઠ ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવાયેલ. પૂજા, ભાવના તથા સાંજે નવકારશી રાખવામાં આવેલ. પ્રભાવના થયેલ. યાત્રિક ભાઇઓની બસો આવતાં સંઘ તરફથી સુંદર સરભરા થયેલ.

**ભાગવતી પ્રવ્રજ્યા :** મૂલીવાલા શ્રી અમૃતલાલ કોઠારીના સુપુત્ર શ્રી મનહરલાલ ૨૧ વર્ષની ભર યુવાનવયે પૂ. ગણિવર્ય શ્રી દર્શનસાગરજી મહારાજ પાસે મહા વદિ ૫ બુધવારના ધામધૂમથી દીક્ષા અંગીકાર કરેલ. નૂતન દીક્ષિતનું નામ મુનિ શ્રી મહાયશસાગરજી રાખેલ. શ્રી નંદલાલ એમ. શાહ તરફથી પ્રભાવના થયેલ.

**વર્ષીતપના પારણા પર :** પૂ. આ. મ. શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મ. તથા પૂ. આ મ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય પરિવારમાં લગભગ ૧૫ વર્ષીતપ હોવાથી તેઓશ્રી સપરિવાર શ્રી સિદ્ધગિરિરાજની છત્ર છાયામાં પધાર્યા છે. તેઓશ્રીનું તથા પૂ. પાદ આ. મ. શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજશ્રી સપરિવાર સામૈયાસહ પારીતાણા ખાતે ચૈત્ર સુદિ ૧૦ ના પધાર્યા છે. પાલીતાણા ખાતે પૂ. આ. મ શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મ. પૂ. આ, મ. શ્રી વિજયરામસૂરીશ્વરજી મ. આદિ બિરાજમાન છે.

**ધાર્મિક પરીક્ષાઓ :** મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી પ્રભુલાલ સોમચંદ મહેતાએ તા. ૪–૨–૬૩ થી ૨૮–૨–૬૩ સુધી આબુરોડ, રોહિડા, પીંડવાડા, શીરોહી, શીવગંજ બરલુટ, માંડાણી, લાસ, નાણા, બેડા, ચાંવડેરી આદિ ગામોની પાઠશાળા, કન્યાશાળા તથા બોડીંગોની પરીક્ષા લીધી હતી. દરેક સ્થળોયે પરિણામ સુંદર આવેલ છે. પરીક્ષા બાદ પરીક્ષકની પ્રેરણાથી અભ્યાસકોનો ઉત્સાહ વધે તે માટે ફાઉન્ટન પેનો, નોટબુકો, સ્ટેશનરી સામાન રોકડ રકમ આદિની પ્રભાવના કરવામાં આવેલ. તા. ૧–૩–૬૩ થી ૧૦–૩–૬૩ સુધી વિશલપુર, ખીવાંદી, વાંકલી, તખતઢ, વલદરા, ચાંદરાઈ, પાદરલી, ગુડાબાલોતરા, આહોર આદિ ગામોની જૈન છાત્રાલય, કન્યાશાળા, પાઠશાળા, આદિ ગામોની પરીક્ષા તેમજ વિઝીટ આદિ કરેલ. દરેક સ્થળે સુંદર પરિણામો આવેલ છે. અભ્યાસકોને પરીક્ષકની શુભ પ્રેરણાથી ફાઉન્ટન પેનો, પેનો, રોકડ આદિના ઇનામો વહેંચાયેલ.

**શીતલાથી બચવા માટે :** શીતળા ભયંકર અને ચેપી રોગ તરીકે ખૂબ જાણીતો છે. આમાં સ્થાનિક સરકારી વહિવટ કર્તાઓ શીતળાની રસીનો ઉપયોગ કરે છે. આ રસી તૈયાર થતા હજારો નિર્દોષ વાછરડાઓના જાન લેવાય છે. શરૂમાં જીવતાં વાછરડાના પેટ પર ઘા કરવામાં આવે છે. વિના સારવારે એ ઘા પાકે છે, તેમાંથી પરૂ નીકળે છે, આ પરૂમાંથી રસી બને છે. ઘવાયેલા નાના વાછરડાઓ ખૂબ જ રીબાય છે, અને એ રીબા-મણમાં એ વાછરડા મરી જાય છે. આવી રસીથી શીતળા બંધ થતા નથી પણ કેટલીક વખતે રસી મૂકયા બાદ શીતળા નીકળે છે, અમેરિકાના સુધરેલા ને વિજ્ઞાનને જાણનારા દેશો આવી રસીની વિરૂદ્ધમાં છે. માનવજાતના માની લીધેલા આ અખતરા પાછળ નિર્દોષ જીવોનો ક્રૂર રીતે સંહાર થાય છે. મુંબઇની જીવદયા મંડળી દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી જંગલી કેળાનાં બીજ શીતળાથી બચવા માટે આપવામાં આવે છે. લાખ્ખો લોકોએ આ બીજનો ઉપયોગ કર્યો છે, અને એ ઝેરી રોગથી બચ્યા છે. મુંબઇની આર્થર રોડ ઉપર આવેલી હોસ્પીટલમાં આ બીજનો ઉપયોગ કરેલ ને પરિણામ લાભકારક પૂરવાર થયું છે. જેઓને આ દવાની જરૂર હોય તેઓ ૨૫ ન. પૈ. ની ટીકીટો બીડી મુંબઈની શ્રી જીવદયા મંડળી, ૧૪૯ શરાફ બજાર, મુંબઈ-૨, એ સીરનામેથી મંગાવી લે ! ગરીબોને મફત આપવા માટે જોઇતા પ્રમાણમાં આ દવા પૂરી પાડવામાં આવશે.

**ધર્મ પ્રભાવના :** પૂ. પં. મ. શ્રી ભુવન-વિજયજી ગણિવર તથા પૂ. મુનિશ્રી મહિમાવિજયજી મ. ની શુભ નિશ્રામાં ફાગણ ચોમાસીના દિવસે વાંકાનેર ખાતે પૌષધ સારી સંખ્યામાં થયેલ. ફા. વદિ ૧ સોમવારના ઉપાશ્રયના વિશાલ હોલમાં જિનેશ્વરદેવ સમક્ષ પુદ્ગલો વોસિરાવવાની ક્રિયા તથા વિવિધ વ્રતો ઉચ્ચરાવવામાં આવેલ. નમસ્કાર મહામંત્રનો ૧। લાખનો જાપ તથા આયંબિલ તપ થયેલ. પેંડાની પ્રભાવના કરવામાં આવેલ. ફા. વદિ ૭ ના પૂ. મહારાજશ્રી મોરબી પ્લોટમાં પધાર્યા હતા. વ્યાખ્યાન થયેલ તથા પ્રભાવના થયેલ. વદિ ૧૪ રવિવારે જિનેશ્વરદેવ સમક્ષ પુદ્ગલો વોસિરા-વવાની ક્રિયા તથા વ્રતો ઉચ્ચરાવવાની ક્રિયા થયેલ. શાંતિનાથ ભગવાનનો જાપ રાખવામાં આવેલ. મહેતા પરસોત્તમ ઝીણાભાઈ તરફથી શ્રી નવપદજીની ઓળીનું સુંદર રીતે આરાધન થયેલ.

**માંગરોળ :** અત્રે પૂ. મુનિરાજ શ્રી વિનય-ચંદ્રવિજયજી મ. તથા બાલમુનિ શ્રી પાર્શ્વચંદ્ર-વિજયજી મ. ની શુભ નિશ્રામાં જૈન સંઘ તરફથી સિદ્ધચક્ર મહાપૂજન તથા શાંતિસ્નાત્ર સહિત અષ્ટાન્હિકા મહોત્સવ શ્રી નવપલ્લવ પાર્શ્વનાથના જિનાલયમાં ઉજવાયેલ. ગામમાં સિદ્ધચક્રપૂજન પહેલવહેલું હોવાથી લોકોનો ઉત્સાહ સારો હતો. મુંબઇ નિવાસી તુલસીદાસ જગજીવન સવાઇ તરફથી સાધર્મિક વાત્સલ્ય હતું. વદિ ૭ ના સિદ્ધ-ચક્ર પૂજન હતું, ને વદિ ૧૦ ના શાંતિસ્નાત્ર ભણાવાયેલ. પૂ. મહારાજશ્રી ચૈત્ર સુદિ ૭ ના વિહાર કરી ચૈત્ર વદિમાં પાલીતાણા પધારશે. મહોત્સવના આઠે દિવસોમાં પૂજા, ભાવના તથા આંગી વિવિધ પ્રકારની સુંદર થતી હતી. પૂજા તથા ભાવનામાં સંગીતકાર છોટાલાલે સહુને લીન કર્યા હતા.

**જુન્નર :** (મહારાષ્ટ્ર) પૂ. પાદ આ. મ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. સપરિવાર અત્રે ફાગણ વદિ ૧૪ ના પધારેલ. સંઘ તરફથી સામૈયુ થયેલ. વદિ ०)) ના મહારાષ્ટ્રીય જૈન વિદ્યાર્થી ભુવનમાં પધારેલ. વ્યવસ્થા તથા ધાર્મિક જ્ઞાન વગેરે સંસ્થાની પ્રવૃત્તિઓ જોઈ આનંદ વ્યક્ત કરેલ. ચૈત્ર સુદિ ૧ ના પૂ. આ. મ. શ્રીનું જાહેર પ્રવચન રાખેલ. જેમાં સ્થાનકવાસી શ્રી વિનયઋષિજી આદિ ઠા. તથા મહાસતીઓ પધારેલ. તે દિવસે સકલ-સંઘની નવકારશી થઈ હતી. પૂ. આ. મ. શ્રી ચૈત્ર સુદિ ૨ ના વિહાર કરી સંગમનેર, નાસિક તરફ પધાર્યા છે.

**મુંબઇ :** મુંબઇ ખાતે આવેલ ભ. શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણકના દિવસે મુંબઈના કતલખાનાઓ બંધ રહ્યા હતા.

**લેખો મોકલનારા લેખકોને :** કલ્યાણ માટે શુભ લાગણીપૂર્વક મમતાભાવે લેખો મોકલનારા લેખક પૂ. મુનિવરો તથા લેખક બંધુઓને વિનંતિ કે, 'કલ્યાણ' માટે પ્રસિદ્ધિને સારૂ આપના તરફથી મોકલાતા લેખોને 'કલ્યાણ'માં સ્થાન આપવા કાળજીપૂર્વક અમે સતત પ્રયત્નશીલ છીએ. પણ કલ્યાણે ૨૦-૨૦ વર્ષથી સાહિત્યની સેવા તથા પ્રચારની જે મંગલ કેડી પાડી છે. તેથી સમાજમાં સંસ્કારી સાહિત્યની ભૂખ તથા તેનું સર્જન થઈ રહ્યું છે. ખૂબ ઝીણા ટાઇપોમાં મહેનત તથા ખર્ચને ગણ્યા વિના ખીચોખીચ લખાણ છાપવા છતાં ઘણા લેખકોના લેખો રહી જાય છે, છતાં અમે દરેક લેખોને સ્થાન આપવા શકય જરૂર કરીશું. અનેક વિભાગો તથા ઉપયોગી લેખો 'કલ્યાણ'માં પ્રસિદ્ધ થતા રહે છે. આગામી અંકથી કલ્યાણ માટે ખાસ લેખક શ્રી ચંદુલાલ આર. મહેતા 'ફૂલ અને ફોરમ' વિભાગ શરૂ કરશે તો સર્વ કોઇ 'કલ્યાણ'ના સાહિત્ય વિભાગને વાંચતા રહો, તથા 'કલ્યાણ'નો પ્રચાર થાય તે રીતે પ્રયત્નશીલ રહો !

**વંદના પૂર્વક વિનંતિ :** પૂ. પાદ આચાર્ય દેવો, પૂ. પાદ ઉપાધ્યાય તથા પૂ. પંન્યાસ પ્રવરો ને પૂ. મુનિવરો તેમજ પૂ. સાધ્વી સમુદાયને વંદના-સુખશાતા પૂર્વક વિનમ્ર વિનંતિ કે વિહાર દરમ્યાન આપશ્રી જ્યાં જ્યાં વિચરો ત્યાં ત્યાં 'કલ્યાણ'નો પ્રચાર કરવા કૃપા કરશોજી. 'કલ્યાણ' કેવલ ધાર્મિક ટ્રસ્ટ થયેલી સંસ્થા છે. એક પાઈની પણ કમાણી કરવાનો આની પાછળ મુદ્દલ ઉદ્દેશ નથી. કોઈ પક્ષ કે વ્યક્તિગત હિત નહિ, પણ કેવલ જૈન શાસનની તથા આધ્યાત્મિક સંસ્કૃતિની સેવા કરવા કાજે જ 'કલ્યાણ'નું સંચાલન થઇ રહ્યું છે, માટે કૃપા કરીને 'કલ્યાણ'ના પ્રચારમાં તથા વિકાસમાં આપ સહુ અમને આપશ્રીનો અમૂલ્ય સહકાર આપશોજી. 'કલ્યાણ'ને અંગે જે કાંઇ જણાવવા જેવું હોય તે અમને જણાવશોજી. 'કલ્યાણ' આપનું છે, ને આપ શ્રી 'કલ્યાણ'ના છો, માટે આત્મીય ભાવપૂર્વક શુભ લાગણીથી 'કલ્યાણ'ને આપશ્રીનો સહકાર આપતા રહેશોજી.

## ભાગવતિ દિક્ષાના પુણ્ય પંથે...



**દિક્ષાર્થી કુ. જયાબહેન શાહ.**

**મલાડ :** પૂર્વમાં રહેતાં કરાંચીવાળા જાણીતા જૈન કાર્યકર શ્રી મનસુખલાલ દીપચંદ શાહના કુ. બહેન જયાબહેન શાહ ૨૧ વર્ષની યુવાન વયે વૈશાખ વદી ૬ ને બુધવાર તા. ૧૫-૫-૬૩ના રોજ તેમના વતન સાવરકુંડલા ખાતે ભાગવતિ દિક્ષા અંગીકાર કરનાર છે.

કુ. જયાબહેન સામાન્ય અંગ્રેજીના શિક્ષણની સાથે સાથે ધાર્મિક જ્ઞાનની પણ પ્રાપ્તિ કરી હતી. ને નાનપણથી જ તેમનું મન ધર્મકાર્ય તરફ વળેલું હોઈ આ ધાર્મિક વૃત્તિએ તેમનામાં દૃઢ વૈરાગ્ય-ભાવનું સીંચન કર્યું હતું. આમ તેઓ બાર વર્ષ પહેલાં તેમના વડીલ બહેને અંગીકાર કરેલ પ્રવજ્યા માર્ગનું અનુશીલન કરી રહ્યા હોઈ મલાડ જૈન સંઘ, જૈન યુવક મંડળ, પાર્શ્વ દીપક સ્નાત્ર મંડળ ને મહાવીર મહિલા મંડળ તરફથી તેમને માનપત્ર આપવાનો એક સમારંભ રવિવાર તા. ૭મીએ રાત્રે ૯ વાગે મલાડ જૈન દહેરાસરજીના વ્યાખ્યાન મંડપમાં યોજવામાં આવેલ.

**જરૂર છે :** સુરેન્દ્રનગર ખાતે મહેતા પાનાચંદ ઠાકરશી જૈન વિદ્યાર્થીભવન ૨૬ વર્ષથી ચાલે છે. ૭૫ વિદ્યાર્થીઓ લાભ લે છે. મહેતા પાનાચંદ ઠાકરશી જૈન કન્યા છાત્રાલય જેમાં ૩૪ બહેનો લાભ લે છે. જે બે વર્ષથી શરૂ થયેલ છે. વિદ્યાર્થીભવન માટે એક સંગીતના જાણકાર ધાર્મિક શિક્ષકની જરૂર છે. પગાર લાયકાત મુજબ. કન્યાછાત્રાલય માટે જૈન સંસ્કૃતિના અભ્યાસી ગ્રેજ્યુએટ કે અંડર ગ્રેજ્યુએટ ગૃહપતિની જરૂર છે. પગાર લાયકાત મુજબ. રૂબરૂ મળો : ટ્રસ્ટી મહેતા પાનાચંદ ઠાકરશી જૈન વિદ્યાર્થીભવન સુરેન્દ્રનગર.

**મહાવીર જન્મ કલ્યાણક :** મોરબી ખાતે ચૈત્ર સુદિ ૧૩ના રોજ પૂ. પં. મ. શ્રી ભુવનવિજયજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં શહેરના ઉપાશ્રયમાં ભ. શ્રી મહાવીર દેવના જન્મ કલ્યાણક સુંદર રીતે ઉજવાયેલ. પાઠશાળાના બાળ-બાળાઓએ પ્રાર્થનાગીત રાસ વગેરે સારી રીતે કાર્યક્રમ રાખેલ. પૂ. મહારાજશ્રીએ ભગવાન શ્રી મહાવીર દેવનાં જીવન વિષે મનનીય વક્તવ્ય કરેલ. ડૉ. શ્રી વલ્લભદાસભાઈએ વિવેચન કરેલ. બાળક-બાળિકાઓને પારિતોષિક અપાયેલ. શિક્ષક-શિક્ષિકાની પણ કદર કરેલ. સુદિ ૧૪ના પુદ્ગલ, વોસિરાવવાની ક્રિયા તથા વ્રતો ઉચ્ચરાવવામાં આવેલ. બપોરે પૂજા, આંગી તથા પ્રભાવના રાખવામાં આવેલ. નવપદજીની ઓળી પ્લોટમાં ઉજવાયેલ. નવે દિવસે પૂજા, ભાવના, આંગી તથા પ્રભાવના રાખવામાં આવેલ.

**ધર્મશાળાનું ઉદ્ઘાટન :** પૂ. પં. મ. શ્રી શુભંકરવિજયજી ગણિવરના સદુપદેશથી જમખંડી જૈન શ્વેતાંબર ધર્મશાળા તૈયાર થયેલ. જેનું ઉદ્ઘાટન કોઠારી સુખરાજ માલચંદજીનાં શુભ હસ્તે થયેલ. તે પ્રસંગે તેમના તરફથી રૂા. ૧૦૦૧ ધર્મશાળાને ભેટ મળેલ. શ્રી સંઘ તરફથી તેમનું સન્માન થયેલ.

**વિદર્ભમાં ધર્મપ્રભાવના :** પૂ. પાદ આ. મ. શ્રીમદ્‌વિજય ભુવનસૂરીશ્વરજી મ. આદિ આકોલાથી વિહાર કરી શ્રી અંતરીક્ષજી પધાર્યા હતા. ત્યાં મેળા પર માનવ મેદની ઘણી થયેલી. પૂજા, આંગી, ભાવના, પ્રભાવના, વ્યાખ્યાન, વરઘોડો ચઢેલ. ત્યાંથી વિહાર કરી પૂજ્ય શ્રી બાલાપુર પધારેલ. ત્યાં રોજ વ્યાખ્યાન થતું. માહ સુદિ ૫ના ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુની વરસગાંઠ હોવાથી વરઘોડો, બપોરે પૂજા તથા સાંજે સંઘ જમણ થયેલ. ત્યાંથી વિહાર કરી ખામગામમાં પધારેલ સામૈયું થયેલ. મહા સુદ ૧૧ના વર્ષગાંઠ હોવાથી પૂજા, આંગી તથા પ્રભાવના થયેલ. માહ વદિ ૬ના પૂ. પાદ આ. મ.શ્રીની નિશ્રામાં વિજય કમલસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થયેલ. પૂજા, પ્રભાવના થયેલ ને અઠ્ઠમની તપશ્ચર્યા થયેલ.

**મંડાર :** પૂ. પં. મ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં પૂ. મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી, આજોદર, વડગામ, બાપલા આદિ સ્થલોયે પધાર્યા હતા. વ્યાખ્યાનાદિમાં લોકો સારો લાભ લેતા હતા. નાણ મંડાવી વ્રતો તથા તપો ઉચ્ચરાયેલ. પૂ. શ્રી મંડારથી જીરાવલા થઈ બરલુટ પધાર્યા છે.

**ભાગવતી દીક્ષા :** પુના કેમ્પ ખાતે પદ્માબેન નાથાલાલ પેથાપુરવાળા કે જેઓ વૈષ્ણવકુલમાં જન્મેલ. તેમની દીક્ષા અત્રે પૂ. મુનિરાજ શ્રી વિબુધવિજયજી મ.નાં વરદ હસ્તે થયેલ. દીક્ષા પ્રસંગે હાજરી સારી હતી. નૂતન દીક્ષિતનું નામ પૂર્ણયશાશ્રીજી રાખેલ. વર્ષીદાનનો વરઘોડો, પૂજા, ભાવના આદિ પ્રસંગો ઉત્સાહપૂર્વક ઉજવાયેલ.

**નવપદ આરાધના :** શ્રી ભોયણીજી તીર્થનાં પૂ. આ. મ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. મ. શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં નવપદ આરાધક સમાજ દ્વારા ઓળીની આરાધના થઇ હતી ૫૦૦ ઉપરાંત આરાધકોની સંખ્યા હતી. હજારો ભાઈ-બહેનોએ લાભ લીધેલ. ચતુર્વિધ સંઘની વિશાલ સંખ્યા હતી. કલકત્તા નિવાસી શેઠ કેશવલાલ ધારશીભાઈ તરફથી આરાધન થયેલ.

**નવો મળેલો સહકાર :** નવા સહકારમાં ૭૫ નામો આવેલા હોવાના કારણે બીલકુલ જગ્યા ન રહેવાથી (સમાચાર ખૂબ વધી જવાના કારણે) આ વખતે તે લઈ શકાયેલ નથી તે આવતા અંકે છપાશે.

KALYAN REGD. NO. G-128

# આપના લાભની વાત!

૮ લું જરૂર વાંચો!

'કલ્યાણ'ના ચાલુ સભ્યોને કે જેઓ તા. ૩૧-૧-૬૩ સુધી સભ્ય તરીકે નોંધાયા છે, તેમને મોકલવાનું ભેટ પુસ્તક 'નૂતન કથા ગીતા' તૈયાર થઈ ગયું છે. જુદા પોસ્ટકાર્ડ દ્વારા સહુ સભ્યોને ભેટ પુસ્તકને અંગે પોસ્ટકાર્ડ (અલગ પોસ્ટથી) કુપન મોકલેલ છે. તો નીચેના સ્થળોએ આ કાર્ડ બતાવીને ભેટ પુસ્તક લઇ જવા વિનંતિ છે.

૧ શ્રી સેવંતિલાલ વી. જૈન
   ઠે. લાલબાગ, ભૂલેશ્વર, જૈન ઉપાશ્રય. રાત્રે ૮ થી ૧૦. મુંબઈ-૪

૨ શ્રી મનસુખલાલ દીપચંદ, ઠે. એમ. એમ. શાહની કું.
   ઠે. ૨૫૭-૭મી ગલી, મંગલદાસ માર્કીટ. મુંબઇ-૨.

૩ શ્રી માણેકચંદ ડાહ્યાભાઇ ચોકસી
   ઠે. નવાપરા, કરવા રોડ. સુરત.

૪ શ્રી જશવંતલાલ ગીરધરલાલ શાહ
   ઠે. ડોશીવાડાની પોળ, ખત્રીની ખડકી, અમદાવાદ.

૫ શ્રી મયાભાઇ મોહનલાલ શાહ
   ઠે. કાપડની દુકાન. માણેકચોક. અમદાવાદ.

૬ શ્રી નવીનચંદ્ર મગનલાલ શાહ, ઠે. બીપીનચંદ્ર યોગેશકુમારની કું.
   ઠે. શરાફ બજાર. ભુજ (કચ્છ)

૭ શ્રી દલીચંદ મગનલાલ શાહ
   આયંબિલ ભુવન, પાલીતાણા.

૮ સસ્તું જૈન નોવેલ્ટી સ્ટોર
   ઠે. ચંપાનિવાસ, પાલીતાણા.

૯ ચંદુલાલ આર. મહેતા, ઠે. સંઘવી બ્રધર્સ,
   ઠે. ૩૭૯ ડંકન રોડ. મુંબઇ-૪. ટે. નં. ૩૩૩૩૬૦

ઉપરોક્ત સ્થળોએ રૂબરૂ જઇને ભેટ પુસ્તક કાર્ડ આપીને લઇ જવા સર્વ સભ્યોને વિનંતિ છે. જેમને ઘેર બેઠા જોઇતું હોય તેઓ ૨૫ ન. પૈ. પોષ્ટેજ મોકલે, ને રજી. જોઈતું હોય તો, બીજા ૫૫ ન. પૈ. મોકલે ને કાર્ડ પાછું મોકલે, ઘેર બેઠા ભેટ પુસ્તક મલશે.

તા. ૩૧-૧-૬૩ પછી થયેલા સભ્યો સાટે
ભેટ પુસ્તક માટેની જાહેરાત આગામી અંકે!

**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર : વઢવાણ શહેર**

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : કીરચંદ જગજીવન શેઠ : મુદ્રણસ્થાન : શ્રી જશવંતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ માટે વઢવાણ શહેરથી પ્રકાશિત કર્યું.